જાદુઈ વાતો



गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૧૨૮૭૮ वर्गांक

पुस्तकनुं नाम અદ્ભુત વાતો

विषय ૮૯૬૬:૩

જાદુઈ વાતો

અદ્‌ભૂત રસથી ભરપુર અને ચમત્કારથી પરીપૂર્ણ વાર્તાઓ

અનુવાદક,

અમ્બેલાલ સવગમભાઈ દેશાઇ.

પ્રકાશક,

બુકશેલર મણીલાલ ભાશંકર વ્યાસ.

ઠે. બેગમપુરા આમલી શેરી–સુરત.

સંવત ૧૯૮૨ આવૃતી ૧લી સને ૧૯૨૬

સર્વ હક્ક સ્વાધિન,

સુરત બરાનપુરી ભાગળ; ભાજીવાળી પોળ, અનાવિલ સોનીની
બાજુમાં આવેલા શ્રી અનાવિલ બંધુ પ્રી. પ્રેસમાં
ગોવિંદજી દાદાભાઈ નાયકે છાપી.

કીંમત ૧૨ આના.

COPY RIGHT BY C M. SHAH.

અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ

પ્રસ્તાવના.

નાનું કે મોટું પુસ્તક આજકાલ પ્રસ્તાવનાથી વિમુખ ન હોય, એ જાણે એક જાતનો રીવાજ જ પડી ગયો છે, પ્રસ્તાવાના એ કથા મુખ છે. જેવી વાર્તાઓ—અરેબીયન નાઇટસ, વૈતાલ પચ્ચીસી, બત્રીસ પુતળી, ચાઇનેજ ટેલ્સ, કૌતકમાળા આદી પુસ્તકોમાં આવે છે—તેવીજ વાતો આજે પણ ઘરડા માણસો પોતાના નવરાશના વખતમાં દંતકથા રૂપે કહી સંભળાવના આપણે જાણીએ છીયે, પણ એવી વાર્તાઓ—દંતકથાઓને આજે શિક્ષિત વર્ગ ટાઢા પોરના ગપ્પા ગણી કાઢે છે. ભલે તે ગમે તેવી અદભૂતતાથી ભરીપૂરી હોય છતાં અમારે જણાવવું જોઇએ કે એ ગપ્પાં નથી. એ બીલકુલ મહત્વહીણ નથી. કારણ કે જુના આચારવિચારનું• એથી ઘણુંજ શીક્ષણ મળે છે, એથી ઘણું જાણવાનું મળે છે. અને એવાજ ઉદ્દેશથી અમે આજે આ વાર્તા જનસમાજના કરકમળમાં મૂકીએ છીયે. વાર્તાઓના ગુણદોષ પર અત્યારે વિવેચન કરતાં તેને વાંચક વર્ગના અભિપ્રાય માટેજ રહેવા દઇશું તે વધુ ઇચ્છવા જોગ છે. અને આશા છે કે જનસમાજને એ અતી ઘણી રૂચીકર થઇ પડશે. એક ઇંગ્રેજી પૂસ્તક Folk Tales of Hindustan ના મૂળ અનુવાદપરથી હિંદીમાં પ્રગટ થયલાં **શેખચિલ્લીકી કહાનિયાં** નામનાં પુસ્તકનો આ અનુવાદ છે, બને તેટલી ભાષા સરળ કરવા પ્રયત્ન કરવામાં આવ્યો છે છતાં પણ રહેલા દોષને હંસ-ક્ષીર ન્યાયે વાંચકો દરગુજર કરશે.

અંતમા મૂળ પુસ્તના પ્રકાશકો લેખકોનો આ પ્રસ્તાવના પૂર્ણ કરવા પહેલા હું આભાર માનવાની જરૂર જોઉં છું. ભાઇ **અમ્બેલાલનો** મારી તરફથી આ બીજો અનુવાદ આજે પ્રગટ થાય છે. આશા છે કે વળી થોડીક મુદતમાં કોઈ બીજું સારૂં પુસ્તક લઈ ગ્રાહકોની સે હું હાજર થઈશ. ઈતી.

લી•

શા૦ ચુનીલાલ મગનલાલ બુકસેલર

જાદુઈ વાતો.

વાર્તા પહેલી. —:૦:— સાત રાજકુમાર.

એક રાજાને સાત પુત્રો હતા. તેઓ વીર, સુન્દર અને પૂરેપૂરા કેળવાયલા હતા. રાજા એ સાતે પુત્રોને બહુ ચાહતો હતો. સાતેને સરખો પોષાક, સરખા નોકરો અને ખર્ચ પણ સરખોજ મળતો હતો. મોટા થયા પછી એ સાતેને માટે એક સરખાજ મહેલો રાજાએ બંધાવ્યા હતા, સાતે રાજકુમારો પણ પિતાને અત્યન્ત પ્રેમથી ચાહતા.

તેઓ લગ્ન કરવા લાયક થયા ત્યારે રાજાએ પોતાના દૂતોને એક સરખી સ્વરૂપવાન અને ઉચ્ચ વંશની કન્યાઓ શોધવા જુદે જુદે સ્થળોએ મોકલી દીધા. દૂતો ફરીને પાછા આવ્યા પણ રાજાના કહેવા પ્રમાણેની કન્યાઓ તેઓને મળી નહીં. દૂતોએ પાછા આવી રાજાને કહ્યું કે "શ્રીમાન ! સાતે દ્વીપો, સમુદ્રો, પર્વતો, મોટાં મોટાં રાજ્યો, મહેલો અને ઝુંપડીઓ સર્વ જોઈ વળ્યા પણ આપના કહેવા પ્રમાણેની કન્યા કોઈ જગ્યાએ અમોને મળતી નથી."

આ સાંભળી રાજા ઘણો ઉદાસ રહેવા લાગ્યો, પણ રાજાનો પ્રધાન ઘણો ચતુર હતો. તે રાજાની દિલગીરી દૂર કરવા યુક્તિપૂર્વક પ્રયત્ન કરવા લાગ્યો. તેણે એક દિવસ રાજા પાસે જઈને કહ્યું:—"મહારાજ! આવી નાની બાબતને માટે આપે આટલી બધી ફીકર રાખવી ન જોઈએ. રાજકુમારોને માટે આપના કહેવા પ્રમાણેની કન્યાઓ મળી શકે એમ નથી, પરન્તુ જ્યારે કોઈપણ કામ તદબીરથી ન થાય ત્યારે ડાહ્યા માણસો તેને તગદીર ઉપર છોડી દે છે! શ્રીમાન રાજકુમારોને બોલાવો અને

તેને પૂછો કે તમે આ વિષયમાં નશીબ અજમાવવાને તૈયાર છો ? જો તેઓ તૈયાર હોય તો સર્વ બાબતનો તુર્તજ નિકાલ આવી જાય તેમ છે."

એ સાભળીને રાજાએ રાજકુમારોને તુરતજ બોલાવી બધાને કહેલી સર્વ વાત કહી સભળાવી. રાજકુમારો નશીબ અજમાવવા માટે રાજી થયા ! તેઓ સર્વને કિલ્લાના સર્વથી ઉંચા બૂરજ ઉપર લઈ ગયા. ત્યાં નગરની બહાર ફરતુ માઇલો સુધી દૂર સઘળું દેખાતુ હતુ. ત્યાર પછી દરેક રાજકુમારના હાથમાં એકેક તીર અને એકેક કમાન આપી તેને કહેવામાં આવ્યુ કે:-"તમારે જ્યાં ફાવે ત્યાં તીર છોડો. જે ઘર પર જેનું તીર પડશે તે ઘરની કન્યા સાથે તેને લગ્ન કરવું પડશે. પછી તે કન્યા રાજવંશની હોય, ખેડૂતની હોય, અમીરની હોય, કે ગરીબની હોય કે પછી ગમે તેની હોય પણ તેજ સ્થળની કન્યા તેની પત્ની ગણાશે" રાજકુમારોએ તે કબુલ કરી. તે પ્રમાણે વર્તવા નિશ્ચય પૂર્વક પ્રતિજ્ઞા કરી. બાદ રાજકુમારોએ પોતપોતાની ઇચ્છા પ્રમાણે તીર છોડયાં. સર્વથી ન્હાના રાજકુમારનાં તીર સિવાય બીજા છ રાજકુમારોનાં તીર ધનવાન અને મોટા મોટા લોકોનાં ઘર ઉપર પડયાં પણ સર્વથી નાના રાજકુમારનું તીર નગરની બહાર જઇને કયાં પડયું તે કોઇ જોઇ શકયું નહીં. નોકરો એ તીરની તપાસ કરવા ચારે બાજુ દોડયા. ઘણી તપાસને અન્તે તે તીર એક ઝાડની ડાળીમાં પેઠેલું મળી આવ્યુ. તીરની સાથે તેજ ડાળી ઉપર એક વાંદરી પણ બેઠેલી હતી. સેવકો તે તીર સોધી લાવ્યા અને જે ડાળી પરથી તીર મળ્યુ તે ડાળી પર એક વાંદરી બેઠેલી છે એમ કહ્યું.

એવાં હલકા ઠેકાણે નાના રાજકુમારનું તીર પડવાથી રાજા ઘણો દુઃખી થયો. તેણે અને તેના સરદારોએ વાંદરી સાથે મનુષ્યના લગ્ન નહીં થઇ શકે તેથી નાના રાજકુમારને ફરી તીર મારવાનું કહ્યું; પરન્તુ રાજકુમારે નમ્ર સ્વરે રાજાને કહ્યું; "પિતાજી ! ભાગ્યબળથી મારા સર્વ

ભાઈઓને સારી અને સુન્દર કન્યાઓ મળી. તેની સાથે મેં પણ નશીબ અજમાવ્યુ હતું તેથી મને જે કાંઇ મળ્યું છે તે મારા ભાગ્ય પ્રમાણેજ મળ્યું છે. મને કોઈ પણ વાતનું એથી દુઃખ થતું નથી, તેમ હું મારા ભાઇઓની ઈર્ષ્યા પણ કરતો નથી. કૃપા કરીને તીર ચલાવવા પહેલાં જે પ્રતિજ્ઞા કરી છે તે ન તોડાવશો. જીવન તૃણ સમાન છે;આજે છે ને કાલે નથી ભાગ્યમાં હોય તેજ બને છે ! માણસ સાથે વાંદરીનાં લગ્ન થતાં નથી. પણ હવે હું કદી પણ બીજી કોઈ કન્યાની સાથે લગ્ન કરીશ નહીં. એ વાંદરીને લાવીને મારા ઘરમાં રાખીશ અને જીંદગી સુધી એનું પાલન પોષણ કરીશ એ મારો દૃઢ નિશ્ચય છે."

ત્યાર પછી નાનો રાજકુમાર નગર બહાર ગયો અને તે વાંદરીને ઉચકી લાવ્યો. રાજકુમારોનાં ખૂબ ધામધૂમથી લગ્ન થયાં. પ્રજાએ પણ પુષ્કળ ધામધૂમ કરી. સર્વ લોકોના હૃદયમાં આનંદ સમાતો નહોતો; માત્ર સર્વથી નાનો રાજકુમાર દુઃખી થઇને ઉદાસ ચિન્તે પોતાના મહેલમાં બેસી રહ્યો હતો. તેણે વાંદરીના ગળામાં એક હીરાનો હાર પહેરાવ્યો પછી મખમલ જડેલી એક ખુરશી ઉપર વાંદરીને બેસાડી તેની સાથે વાત કરતો હોય તેમ તેને કહેવા લાગ્યો, "ઓ વાંદરી ! આજ ઘણાજ આનન્દનો દિવસ છે, પરન્તુ આજે જે પ્રમાણે મને કોઇ નથી પૂછતું તે પ્રમાણે તને પણ કોઈ પૂછતું નથી. પરન્તુ હું તને સુખી કરીશ. જો કે અહીઆં તું કેદ છે પણ એ કેદમાં તને કોઈ પણ પ્રકારનું દુઃખ પડશે નહીં. હેં ! હેં ! તને બાંધેલી સોનાની સાંકળ તું શા માટે ખેંચે છે ? એનાથી તનેજ દુઃખ થશે. કહે, કહે શું તુ ભૂખી છે ?" એટલું કહીને સોનાની થાળીમાં સ્વાદિષ્ટ ભોજન લઇ આવ્યો અને તે ખાવા માટે વાંદરીને મનાવવા લાગ્યો. એ પ્રમાણે વાંદરી સાથે તે પોતાના દિવસો ગાળવા લાગ્યો. આથી લોકો તેની નિન્દા કરવા લાગ્યા.

પોતાના પ્રધાનો અને સરદારોને રાજા હમ્મેશાં પૂછ્યા કરતો કે; "શું કરવાથી નાનો કુમાર વાંદરીને છોડીને કોઇ ઉચ્ચ કુળની કન્યા સાથે લગ્ન કરે" પ્રધાનોએ, સરદારોએ અને ખુદ રાજાએ નાના કુમારને એ બાબત માટે બહુ સમજાવ્યો પણ તે એમજ કહેતો કે; "મારો એ નિશ્ચય કદી પણ ફરશે નહીં. પુરૂષનુ વચન પર્વતથી પણ વધારે દ્રઢ છે; સ્ત્રી તો શું પણ જગતના દરેક સાંસારિક સુખોથી તે વધુ કીમતી છે."

મહિનાઓ વીતી ગયા. પણ રાજકુમારના એ વિચારમાં કાંઇપણ ફેરફાર થયો નહીં. ફેરફાર થવાનું તો દૂર રહ્યુ પણ ઉલટો તેનો પ્રેમ વાંદરી ઉપર વધુ ને વધુ વધવા લાગ્યો. વાંદરી પણ રાજકુમાર સાથે પુષ્કળ હળી ગઇ! અને એવું જણાતું હતું કે રાજકુમારની સર્વ વાતો તે સમજતી હતી. તેની કૃપા માટે તે દર વખતે રાજકુમારનો આભાર માનતી હતી. આ પ્રમાણે દીવશો પર દીવશો વિતવા લાગ્યા.

હવે રાજાએ એક યુકિત કરી. એક દિવસ સાતે રાજકુમારને પોતાની પાસે બોલાવી કહ્યું:—"વ્હાલા પુત્રો! તમારાં લગ્ન થયાં અને તમે સુખપૂર્વક રહો છો એ જોઇને મને આનદ થયો છે. મારા નાના પુત્ર! તું પણ તારી વિચિત્ર સ્ત્રીની સાથે સુખી જણાય છે. પણ તમે જાણતા હશો કે જ્યારે પુત્ર પુત્રીઓ સુખી હોય છે ત્યારેજ પિતાને પણ સુખ મળે છે. માટે હું તમારી સ્ત્રીઓને સંસારના સુખો ભોગવતી સુખરૂપ જોઈ તેઓને કાંઇક ભેટ આપવા માગું છું"

મોટા રાજકુમારે આગળ આવી કહ્યું:—"પિતાજી આપની એવી ઇચ્છા છે તો આજેજ મારે ત્યાંનું આપને આમંત્રણ છે. માટે પધારીને સેવકને આભારી કરશો."

રાજાએ તે આમંત્રણ સ્વીકાર્યું. મોટા રાજકુમારે ભોજનને માટે સર્વ તૈયારી કરાવી તેની પત્નીએ પણ સોળે શૃંગાર સજ્યા. ઠરાવેલે સમયે

રાજા કુમારને ત્યાં ગયો ત્યાં ભોજન કરી પોતાના પુત્ર અને તેની સ્ત્રીને અશીર્વાદ આપી, કેટલાક હીરાનાં ઘરેણાં આપ્યાં, અને પછી પોતાને મહેલે ચાલ્યો ગયો.

એ પ્રમાણે રાજા છએ રાજકુમારોને ત્યા જઇ આવ્યો. તે સર્વેએ રાજાનો પુષ્કળ સત્કાર કર્યો. હવે સર્વથી નાના રાજકુમારનો વારો આવ્યો. પણ તે બિચારો મહા મુંઝવણમાં પડયો. જે ઘરની સ્ત્રી એક વાંદરી હોય તે રાજાને શી રીતે આમ ત્રણ કરી શકે? એવી ચિન્તામાં તે પોતાની વાંદરી પાસે ગયો અને તેને પોતાના ખોળામાં બેસાડી કહ્યું.–"મારા સુખ અને દુઃખની ભાગીદાર મૂગી! તું કહે કે હવે હું શું કરૂં? બીજું કાંઈ નહીં તો ઠીક–પણ તને વાચા હોત તો પણ હું તારી સલાહ લઇ શકત. મારા સર્વ ભાઇઓએ પોતપોતાની પત્નીઓ રાજાને બતાવી. હું હવે શું બતાવુ? મને તો રાજાને અહીં બોલાવતાં પણ ડર લાગે છે. લોકો હમણાં તો મને હસે છે અને વળી તને જોવા હું રાજાજીને બોલાવું તો ઉલટા તેઓ વધારે હસશે."

વાંદરી રાજકુમારનાં દુઃખની કથા ગંભીર ભાવથી ચુપચુપ સાંભળ્યા કરતી હતી. પણ આશ્ચર્ય! થોડીવાર પછી રાજકુમારના આશ્ચર્યનો પાર રહ્યો નહીં. કારણ કે જે વાંદરી અત્યાર સુધી મૂગી હતી, તે રાજકુમારને માણસની માફક બોલીને કહેવા લાગી કે:–"નિરાશ ન થાઓ. જાઓ તમારા પિતાને બોલાવવાનું આમંત્રણ કરી આવો. તેને કહેજો કે નોકર, ચાકર, સરદાર, પ્રજાવર્ગ અને લશ્કર સહિત પધારશો, જાઓ જે પ્રમાણે મેં તમને કહ્યું તેજ પ્રમાણે કૃપા કરીને તમે કરો."

રાજકુમાર તો વાંદરીને બોલતી જોઈ દિઙ્મૂઢ જ થઇ ગયો. અને "હે ઈશ્વર! આ તારી શી કરામત છે?" એમ કહી રાજાને વાંદરીના કહેવા પ્રમાણેનું આગ્રહપૂર્વક નિમંત્રણ કરી આવ્યો. સરદારો અને બીજાં

બધા માણસોને આ વાતની ઘણી નવાઇ લાગી. અને એ વિષે તેઓએ પુષ્કળ વાતો કરી. 'રાજકુમારે મૂર્ખતાથીજ આમ કર્યું છે ચાલો, આપણને ગમ્મત પડશે.' એમ સર્વ વિચારવા લાગ્યા.

રાજકુમાર હવે શું કરવું ? તેની ચિન્તામાં બેઠો હતો એટલામાં તેણે વાંદરી સામે જોયુ તો તે ઇશારત કરવા લાગી. રાજકુમારે પૂછ્યું. "કહો મારી પ્રિયતમ રાણી ! હવે તમે શુ કહો છો ? તમારીજ આજ્ઞા મુજબ મે રાજાને આમ ત્રણ કર્યું છે. તો રાજાનો સારી રીતે સત્કાર થાય એટલા માટે આપણે શું કરવુ કે જેથી આપણી શોભા રહે. કહો હવે બોલતાં કેમ નથી ? શું ફરીથી તમે મૂગા થઈ ગયાં ?" વાંદરી કાંઈ પણ બોલી નહીં તેથી રાજકુમારના મનમાં આવ્યું કે વાંદરીને મેં બોલતાં જોઈ હતી તે મારો ભ્રમજ હતો. રાજકુમારે તેને ફરીથી બોલવા ઘણું કર્યું પણ તે સર્વ નકામુ ગયું ! હા; પણ તેણે જોયું કે વાંદરીના હાથમાં એક ઠીકરૂં છે અને તે તેને આપવા માગે છે રાજકુમારે તે ઠીકરૂં લઈ લીધું. તેમાં વાંદરીએ લખ્યુ હતુ કે "મારાં ચૂપ રહેવાથી ગભરાશો નહીં મને જે ઝાડપરથી તમે લાવ્યા હતા તે ઠેકાણે જાઓ અને આ ઠીકરી તે ઝાડના મૂળીઆનાં પોલાણમાં નાખજો, અને ત્યાંથી ઉત્તર મળે ત્યાં સુધી ત્યાંજ થોભજો." આ લખેલું વાંચી રાજકુમાર તો આશ્ચર્યના સમુદ્રમાંજ ડૂબી ગયો.

વાંદરીએ આપેલુ ઠીકરૂં લઇને તે નગર બહાર જે ઝાડ પરથી વાંદરીને લાવ્યો હતો તે ઝાડ પાસે ગયો. તે ઝાડ ઘણું જૂનું હતું. તેનો ઘેરાવો લગભગ અર્ધા માઇલનો હતો. રાજકુમારે પેલી ઠીકરી ઝાડનાં મૂળીઆનાં પોલાણમાં નાખી. થોડી વારમાંજ સુન્દર પોષાક પહેરેલી એક ઘણીજ સુન્દર સ્ત્રી ઝાડનાં મૂળમાંથી બહાર નીકળી અને રાજકુમારને કહેવા લાગી, "મારી પાછળ પાછળ તમે ચાલ્યા આવો. પરીઓની રાણી તમને બોલાવે છે."

સુન્દરી આગળ અને રાજકુમાર પાછળ એમ બન્ને જણા ભોંયમાં ઉતર્યા. અંધારામાં ફાંફા મારતાં થોડા સમયમાં તેઓ છેક નીચે એક અપૂર્વ પ્રકાશવાળા બાગમાં જઈ પહોંચ્યા. બાગને એક છેડે મોટો મહેલ હતો, બાગમાંના સર્વ ઝાડો સોનાનાં હતાં. તે હારબંધ ઝાડોની વચ્ચે અમૃત જેવું મીઠું અને સુગંધીદાર પાણી વહેતુ હતુ પાણી એટલું નિર્મળ હતુ કે, તેમાના હીરા, જવાહીર અને આમતેમ દોડતી ચાંદી સોનાની માછલીઓ દેખાયા કરતી હતી. બુલબુલ, કોયલ અને અન્ય જુદી જુદી જાતનાં પક્ષીઓ ઝાડો ઉપર બેઠા બેઠાં મધુર સ્વરે ગાન કરી રહ્યાં હતાં. હાલતાં ચાલતાં જે હવા લાગતી હતી તે ઘણીજ સુવાસિક હતી. ત્યાં જે પ્રકાશ ફેલાઈ રહ્યો હતો તે વિચિત્ર અને જૂદીજ જાતનો હતો. ત્યાંનો રંગ પાંચ પાંચ મિનિટે બદલાતો હતો. પહેલાં તો રાજકુમાર તો એમ સમજ્યો કે ત્યાં કયાંઇક આતશબાજી છુટે છે. બાગને એક ખુણે મોટું તળાવ હતું, તેનું પાણી પણ સુગન્ધિત અને સોનેરી રંગનું હતું. એ તળાવનાં પાણીમાં આકાશ તરફ ઉડાડતા પુષ્કળ ફુવારા હતા. તે હવાને ઠંડી બનાવતા હતા. તળાવની ઉત્તર બાજુએ સંગેમર્મરનો એક કોટ હતો અને તેને બાર દરવાજા હતા. સોનાના દાદરપર ચઢી રાજકુમાર એ કોટપર ચઢયો, તો વચ્ચે એક મકાન હતું. તે મકાનમાં કોટ ઉપરથી જવાતું હોવાથી તે તેમાં ગયો. ત્યાંનો દેખાવ જોઇને તેની આંખો અંજાઈ ગઇ. એવો સુસજ્જિત મહેલ જોવાનું તો દૂર રહ્યું પણ તેનુ વર્ણન સુદ્ધાં તેણે કાને સાંભળ્યું નહોતું એથી પણ વધારે નવાઈ તો તેને એ મહેલમાં અત્યંત સ્વરૂપવાન સ્ત્રીને મખમલની ગાદીપર બેઠેલી જોઇને લાગી. કેટલોક સમય સુધી રાજકુમારે મનમાંજ તે સ્ત્રીનાં રૂપનાં વખાણ કર્યાં. તે સ્ત્રીએ રાજકુમારને ઈશારતથી બેસવાનું કહી ઘણાજ મીઠા સ્વરે કહ્યું:–"રાજકુમાર! જે સમાચાર તમે લાવ્યા છો તે હું જાણી ગઈ છું.

તમે કોઈપણ પ્રકારની ચિન્તા કરશો નહીં. તમે તમારે ઘેર જાઓ; કાલે સવારમાં તમારા પિતાના સત્કારનો સર્વ સામાન તમને તૈયાર મળશે. મે મારા નોકરોને સર્વ તૈયારી કરી નાંખવાનો હુકમ આપી દીધો છે." રાજકુમાર તો સ્ત્રીની વાત સાભળી ડરીજ ગયો. અને તેને વંદન કરીને ત્યાંથી ચાલ્યો ગયો.

પોતાના મહેલમાં આવી તેણે સર્વ હકીકત પોતાની પ્રિયતમ રાણી વાંદરીને કહી સભળાવી. રાતના તે નીંદ્રાવશ થયો. ત્યારે તેની નજર આગળ પરીઓની રાણી અને તેના મહેલના ચીત્રોજ તરવરવા લાગ્યાં. આવી વિચિત્ર નિદ્રામાં તેણે આખી રાત પૂરી કરી, પણ હવેજ આશ્ચર્યની અવધિ હતી. સવારે ઉઠીને તે જોવા લાગ્યો તો પોતાના મહેલથી રાજાના મહેલ સુધી ઝાડની હાર ઉભી કરેલી હતી, અને તે ઝાડો ઉપર અસંખ્ય પાકાં ફળો પણ લાગેલા હતાં. ઝાડોની વચ્ચે આવવા જવાનો સુંદર રસ્તો બનાવેલો હતો અને બાજુએ સ્વચ્છ પાણીના ઝીણાં ઝરણાં વહેતાં હતાં. ઝાડોની વચ્ચેના રસ્તા ઉપર જરીયાન ભરત ભરેલાં સુન્દર મખમલનાં કપડાં પાથરેલાં હતાં. દરેક ઠેકાણે વાવટાઓ ફરકી રહ્યા હતા. ઠેકઠેકાણે કિમતી કપડા ઉપર સોનેરી અક્ષરોમાં ઉપદેશનાં વાકયો લખેલાં હતાં. ઝાડોની નીચે ફળ, શરબત ઇત્યાદિની દુકાનો ગોઠવેલી હતી અને બાજુ પર મોટા મોટા તમ્બુઓમાં રમત ગમત અને નાચ સંગીત થઈ રહ્યાં હતાં. માણસોની તો ત્યા ખોટજ નહોતી. ચારે બાજુ બસ એકલાં માણસજ દેખાતાં હતાં. રાજકુમાર જેમ જેમ આગળ વધતો ગયો તેમ તેમ તેને નવી નવી ચીજો દેખાવા લાગી.

બહારનો દેખાવ જોઇને જ્યારે રાજકુમાર પોતાના મહેલમાં પાછો આવ્યો ત્યારે ત્યાંનો દેખાવ જોઇને તે બહુજ ચકિત થયો. એક કલાક પહેલાં જે મહેલમાં તેના સિવાય બીજું કોઈ માણસ દેખાતું નહોતું ત્યાં માણ-

સોનો પારજ નહોતો. નોકર ચાકરો સુન્દર જરીના પોષાક પહેરી ઘરમાં આમ તેમ દોડાદોડી કરી રહ્યા હતા. દશ હજારથી વધારે માણસોનાં ભોજનની તૈયારી થતી હતી. સોનાની રકાબીઓ અને થાળીઓમાં મૂકેલા સ્વાદીષ્ટ ભોજનની સુગન્ધથી આખો મહેલ મ્હેક મ્હેક થઈ રહ્યો હતો. કિમતી પત્થરોનાં ફાનસો છત સાથે લટકી રહ્યાં હતાં. ગવૈયાઓ જૂદી જૂદી જાતનાં વાજા વગાડી પોત પોતાનો રાગ આલાપી રહ્યા હતા. ઠેક ઠેકાણે ફુલોના ગોઠવેલા ગુચ્છા પોતાની સુવાસ ફેલાવી રહ્યા હતા.

એવાં સર્વ દેખાવોને રાજકુમાર જોતો હતો એટલામાં સુન્દર પોષાકમાં સજ્જ થયેલો એક ચોપદાર ત્યાં આવ્યો અને તેણે રાજા આવવાની ખબર આપી. રાજકુમાર દોડીને બહાર ગયો અને પોતાના પિતાને સર્વથી સારા ઓરડામાં લઇ આવ્યો. ત્યાં બેસીને રાજા અને તેના સર્વ સાથીઓએ ભોજન કર્યું. ભોજન કરી રહ્યા બાદ રાજકુમારે પોતાના મ્હેમાનોને કહ્યું, "જે સોનાની થાળીમાં અને જવાહીર જડેલા પ્યાલામાં તમે ભોજન કર્યું છે તે સર્વ તમને આપી દેવામાં આવ્યા છે એટલે તે તમે તમારે ઘેર લઈ જજો." રાજકુમારની એ ઉદારતા જોઇને સર્વ ઘણાજ ખુશી થયા.

રાજાએ રાજકુમારને કહ્યું "વ્હાલા પુત્ર ! તમારો વૈભવ તો મારા વૈભવ કરતાં તો શું પણ દેવના રાજા ઇન્દ્ર કરતાં પણ ચઢતો જણાય છે. તમારે ત્યાંનાં સ્વાદિષ્ટ ભોજન જેવું ભોજન મેં કોઇ પણ વખત ખાધું નથી. તમે આ સર્વ કયાંથી લાવ્યા. અને ભોજન કોણે તૈયાર કર્યું તે હું જાણવા ઇચ્છતો નથી. પરન્તુ તમારી પત્નીને જોવા અને તેને આશીર્વાદ આપવા ઇચ્છું છું."

પિતાની એ વાત સાંભળી રાજકુમારે નમ્રતા પૂર્વક કહ્યું; "જેવી પિતાની આજ્ઞા." એમ કહીને તે વાંદરીને લેવા માટે અંદર ગયો. રાજકુમાર જાણતો હતો કે હવે મારી આબરૂ જવાની છે પણ શું કરે ?

રાજા, પુત્રોની પત્નીને જોવા જતો હતો તે એક જાતનું બહાનું હતું પણ એનો ખરો ઉદ્દેશ તો એ હતો કે નાનો રાજકુમાર પોતાની વાંદરીને સર્વની સમક્ષ લાવતાં શરમાશે એટલે પોતાની હઠ છોડી દેશે.

રાજકુમાર ધીમે ધીમે "પ્રિયતમ રાણી"ના ઓરડા તરફ ગયો. દરવાજો ઉઘાડતાંજ તેમાં તેને એટલો પ્રકાશ માલમ પડ્યો કે તેની આંખો અંજાઈ ગઈ. નજર સ્થિર થયા પછી તેણે જોયુ તો તે પ્રકાશમાન ઓરડામાં તેણે ઝાડના મૂળ આગળ જે પરીને જોઈ હતી તે પરી એક તખ્ત પર બેઠી હતી. રાજકુમારે પોતાની વાંદરીને બહુ શોધી પરન્તુ તેનો કોઈ પણ જગ્યાએ પત્તો લાગ્યો નહી. રાજકુમારને ગભરાતો જોઇને પરીએ કહ્યું; "રાજકુમાર ! જ્યારથી મ્હેં તમને જોયા છે ત્યારથી તમારી મૂર્તિ મારાં હૃદયમાંથી ખસતી નથી. મે વાંદરીને અહીથી નસાડી મૂકી છે. અને હુ તમને મારા પતિ તરીકે સ્વીકારવા તૈયાર છું. તમે મને પરણીને સુખી કરો." પણ આ શુ ! પોતાની વાંદરી વિષેની હકીકત સાંભળી રાજકુમારની આંખોમાંથી આંસુઓ ખરવાં લાગ્યાં. ક્રોધ અને દુઃખથી ભરેલા સ્વરે તેણે કહ્યુ. "નિર્દય સ્ત્રી ! હુ વાંદરી સાથે ધર્મથી બંધાયલો છું. શું તુ એમ સમજે છે કે તારાં સુન્દર મુખને માટે હુ તેનો ત્યાગ કરીશ અને મારો નિશ્ચય ભંગ કરીશ ? જ્યારે પહેલાં મે તને જોઇ હતી ત્યારે હું તને સારી સમજતો હતો, પરન્તુ હવે મને જણાયું કે તે મને દગો દીધો છે."

એ સાંભળીને પરી બોલી, 'રાજકુમાર ! જો મારાં રૂપની તમે કાંઈ પણ કદર ન કરો તો મારા આ ઉપકારનો તો કાંઇ ખ્યાલ કરો જુઓ મે કેટલાં કષ્ટથી મ્હેમાનોને માટે સગવડતા કરી છે. શું માણસે કદી પણ પહેલાં આવુ ભોજન ચાખ્યુ હશે ? રાજકુમાર ! મારી સાથે લગ્ન કરો ! પછી તમને સંસારના કાંઇ પણ સુખની ઉણપ રહેશે નહી."

રાજકુમારે ઘણા રોષથી ઉત્તર આપતાં કહ્યું–કે; મ્હેમાનો માટેની

સર્વ વસ્તુઓ માગવા હું તમારી પાસે નહોતો આવ્યો. તમે ઘણી નીચતાથી મારી વાંદરીને નસાડી મૂકી છે. તમે મોટા માયાવિના છો. બસ! હમણાં ને હમણાં કૃપા કરી મારી વાદરાને લાવી આપો. એને માટે હું તમારો જન્મ સુધી ગુલામ બનીને રહીશ." એટલુ કહીને વિનિત ભાવથી તે પરીના પગમાં પડી આળોટવા લાગ્યો. હવે પરી પોતાના સિંહાસન પરથી ઉતરી પ્રેમપૂર્વક હસીને બોલી, "રાજકુમાર! હુજ તમારી 'પ્રિયતમા રાણી' છું. તમારા પ્રેમની પરીક્ષા કરવા માટેજ મે વાંદરીનુ આ રૂપ ધારણ કર્યું હતુ. જુઓ પેલા ખુણામા મારાં **વાંદરી**-સ્વરૂપનું ખોળીયુ પડેલુ છે તે જોઇ ખાત્રી કરો!"

હવે રાજકુમારના આનન્દની સીમા રહી નહી. પરીએ રાજકુમારનો હાથ પકડ્યો અને બને જણાં સિંહાસન ઉપર બેઠાં. એટલે પરીએ ત્રણ વાર 'ઉડ, ઉડ, ઉડ,' એમ કહ્યું કે તુર્તજ તે સિંહાસન ભૂમિપરથી ઉડી જ્યાં રાજા અને બીજા સર્વ બેઠા હતા ત્યાં એની મેળે આવી પહોચ્યું. રાજકુમારે પરીને રાજા આગળ રજુ કરી. વાંદરીને બદલે ઘણીજ સ્વરૂપવાન સ્ત્રીને જોઇને સર્વ આશ્ચર્યમાં ડૂબી ગયા. કુમારે સર્વ બીના રાજાને ટુંકમાં કહી નમન કર્યું. રાજાએ એ નવી વહુને બીજી સર્વ વહુઓ કરતાં વધારે ભેટ આપી. હવે આખી દુનીયામાં રાજકુમાર અને પરીની સુન્દરતાની અને તેના પ્રેમ-અને વૈભવની વાત ફેલાઈ ગઇ.

હવે પેલા છએ રાજકુમારો નાનાભાઈની ચઢતી જોઇને બળવા લાગ્યા. અને તેને કેવી રીતે નીચો પાડવો તેને માટે યુક્તિઓ શોધવા લાગ્યા. છેવટે એક નીચ યુક્તિ તેઓને હાથ લાગી. એક દિવસ તે છએ જણાએ નાના રાજકુમારને કહ્યું; 'ભાઇ! તમારી પત્ની પરી છે. એ વાત હવે કોઇથી અજાણી નથી પણ પરીઓનાં ચિત્ત હમ્મેશાં ચંચળ રહે છે. અમે સાંભળ્યું છે કે તમારી પત્નીનું અસલ-વાંદરીનું ખોળીયું તમારી

પાસે હજુ કાયમ રહેલુ છે. તમે તે શા માટે રાખી મૂક્યું છે ? વખતે તેનુ ચચળ ચિત્ત ચળી જાય અને ફરી પાછી વાંદરી બની જાય તો તમારે હાથ ઘસતા રહેવું પડશે, માટે તમે તે ખોળીયુ બાળી મૂકો"

રાજકુમારે થોડીવાર સુધી વિચાર કર્યો અને છેવટે તેણે તે ખોળીયું અગ્નિમાં ફેંકી દીધું ખોળીયું અગ્નિમાં પડતાંજ'**હું બળી, હું બળી'** એમ બૂમો મારતી પરી પ્રકટ થઇ. તેનાં આખાં શરીરમાથી આગની જ્વાળાઓ નીકળતી હતી. એવી અવસ્થામાં તે થોડોક વખત રહી અને પછી કોણ જાણે ક્યાં જતી રહી ! મહેલ, બજાર વિગેરે જે જે વસ્તુઓ પરી લાવી હતી તે સર્વે પણ તેની સાથે અલોપ થઇ ગઇ ! હવે રાજકુમાર પોતાની આ મૂર્ખતાને માટે માથું કૂટવા લાગ્યો અને પુષ્કળ શોક કરવા લાગ્યો. રાજા અને પ્રધાને તેને સમજાવવા માંડયો કે, 'શું મનુષ્ય અને પરી વચ્ચે પ્રેમ સંબંધ કદી પણ થાય છે ? તે થોડીજ કાંઈ માણસ હતી ? તે તો હવા હતી એટલે હવામાં મળી ગઈ ! તેને માટે શું શોક કરો છો ? ઉઠો, અને આનદ સાથે બીજું લગ્ન કરી સુખી થાઓ."

રાજકુમારે કોઈનું કહેવુ માન્યું નહીં. તે કદાચ આપઘાત કરી નાખે એટલા માટે તેના ઉપર રાજાએ પહેરો મૂકયો. એ પ્રમાણે રાજકુમાર પોતાના મહેલમાંજ હવે કેદી તરીકે એકલો રહેવા લાગ્યો.

એક દિવસ તે પહેરેગીરોની નજર ચૂકાવી નાસી છૂટયો અને જ્યાં પેલું પરીવાળુ વડનું ઝાડ હતુ ત્યાં આવી પહોંચ્યો. પરન્તુ તે વડનાં ઝાડને ઠેકાણે રાખના ઢગલા સિવાય બીજું કાંઈ પણ તેને દેખાયું નહીં આથી પોતાના નશીબને દોષ દેતો તે આગળ ચાલ્યો. ઝાડનાં ફળોથી તે પોતાનું પેટ ભરતો અને વ્હેતાં ઝરણાંનાં પાણીથી તરસ છીપાવતો. જ્યાં જતો ત્યાં ભોંય પર પડી રહેતો અને મુખે 'પ્રિયતમ રાણી' નું રટણ ક્યાં કરતો. એવી રીતે ચાલતાં ચાલતાં તેણે કેટલાંયે જંગલો વટાવ્યાં.

પગમાં ફોલ્લા પડયાં હતાં અને શરીરનો રંગ પણ બદલાઈ ગયો હતો. જતાં જતાં રસ્તામાં એક માણસ એક પગે ઉભો રહી બૂમ મારતો હતો કે; "**એકવાર મને દર્શન આપો.**" તેને રાજકુમારે જોયો. તેના શરીરની સ્થિતિ પણ રાજકુમારના જેવીજ હતી. તેનું શરીર કાંટા જેવું થઇ ગયું હતું. તેની આંખો ઉંડી પેસી ગઈ હતી અને તેના વાળ પુષ્કળ વધી ગયાં હતા તેની દુર્બળ સ્થિતિનો અને તેના કહેવાનો રાજકુમાર ઉપર ઘણો પ્રભાવ પડયો. રાજકુમારે પાસે જઇને પૂછતાં તેણે ઉત્તર આપ્યો; કે "ઓ દયાળુ મુસાફર ! હું એક રાજાનો પુત્ર છું. એક દિવસ શિકાર કરતાં કરતાં હું રસ્તો ભૂલી ગયો. અને આ જંગલમાં આવી પહોંચ્યો અને આમતેમ ભટકવા લાગ્યો ત્યારે અહીંથી જતી એક ઘણીજ સુંદર સ્ત્રીને મેં જોઇ તેનાં શરીરમાંથી આગની જ્વાળાઓ નીકળતી હતી અને "**હું બળી, હું બળી,**" એમ મ્હોંએથી બૂમ માર્યા કરતી હતી, ત્યારનો હું અહી ઉભો છું." એટલું કહીને તેણે નિઃશ્વાસ મૂકયો અને બોલ્યો; **એકવાર દર્શણ આપ્યા છે પણ ફરી એકવાર મને દર્શન આપો.**

રાજકુમારે કહ્યું; "હાય ! મેંજ પાપીએ તે સ્ત્રીને બાળી છે. હું તે સ્ત્રીનો અભાગી પતિ છું. મને કૃપા કરીને કહેશો કે તે કઈ બાજુએ ગઇ છે ?"

પેલા માણસે હાથના ઇશારાથી જે બાજુએ તે સ્ત્રી ગઇ હતી તે બતાવી અને કહ્યું; "મુસાફર ! હું સદા ઈશ્વરને પ્રાર્થના કર્યા કરીશ કે તને તારા કામમાં ફતેહ મળે. પરન્તુ જે વખતે તમને તે મળે તે વખતે કૃપા કરીને મને એકવાર તેનાં દર્શન કરાવજો. લ્યો હું તમને આ લોઢાનો દંડો આપું છું કે જેનાથી તમે મને ભૂલી ન જાઓ. વળી એ દંડામાં એક મોટો ગુણ એ છે, કે તમે જે કહેશો તે પ્રમાણેનું કામ એ કરશે. એ દંડો તમને દુઃખના સમયે બહુ મદદ કરશે."

રાજકુમારે દડો લીધો અને પેલાનો આભાર માની આગળ ચાલ્યો.

મહિનાઓ વીતી ગયા, પણ હજી રાજકુમાર 'પ્રિયતમ રાણી' નું નામ જપનોજ રહ્યો. મોટાં મોટાં રેતીનાં રણો તેણે પસાર કીધાં. તેનાથી પરિણામ એ આવ્યુ કે તેના પગમાં મોટા મોટા ફોલ્લા પડી ગયા અને પગો બધા છોલાઈ ગયા. ઘણાં દુઃખો સહન કર્યા પછી તેને ઝાડની એક કુંજ દેખાઈ. તે ત્યાં ગયો. ત્યાં એક પાણીનું ઝરણું વહેતુ હતુ, તેનું પાણી પીને ઝાડને છાંએ બેઠો. ત્યાં બેઠાને તેને બહુ વખત થયો નહોતો એટલામાં તેને વાજું વાગવાનો અવાજ સંભળાયો. તેને લાગ્યુ કે જાણે કોઇ સિતાર વગાડે છે. ચારે બાજુ નજર દોડાવ્યા પછી તેને જણાયું કે ત્રીસેક વર્ષનો એક સુન્દર યુવાન ઝાડની કુંજમા બેઠો બેઠો સિતાર વગાડે છે તે સિતાર એવી સરસ વગાડતો હતો કે જંગલનાં સર્વ પ્રાણીઓ તે યુવાનની આજુબાજુ ઉભાં રહી સંગીત સાંભળતા હતાં. થોડીવાર સિતાર વગાડી તેણે તે નીચે મૂકી અને એક દીર્ઘ નિશ્વાસ મૂકી તે જોરથી બોલી ઉઠયો. "**એકવાર તો તને જોઇ ચુક્યો છુ. પણ હજી એકવાર મારે તને જોવી છે.**" યુવાનનુંકહેવુ સાંભળીને રાજકુમાર ચોંક્યો. તેની પાસે જઇને આમ બોલવાનું કારણ પૂછતાં તેણે કહ્યું "હું એક સોદાગરનો છોકરો છું હું એક દિવસ અહીંથી જતો હતો ત્યારે મે એક સુન્દરીને અહીંથી જતાં જોઇ. તે બળતી હતી અને મુખે બોલતી હતી કે; "**હું બળી, હું બળી**" તે વખતનો હુ અહી છુ. એ બનાવ બન્યાને આજે ૭ મહિના થયા છે."

તે યુવાનની હકીકત સાંભળી રાજકુમારે પોતાનો સર્વ હેવાલ તેને કહી સંભળાવ્યો અને પરી કઈ બાજુ ગઈ તે રસ્તો પૂછયો. યુવકે રસ્તો બતાવ્યો અને પોતાની **સિતાર** રાજકુમારને આપી કહ્યું. "આ ચમત્કારી સીતાર લ્યો એને તમે જ્યાં વગાડશો ત્યાંના સર્વ જીવો એનો સ્વર

સાંભળી મોહિત થઈ જશે. રાજકુમારે તેનો આભાર માન્યો અને પરીનાં એકવાર દર્શન કરાવવાનું વચન આપી તે **સીતાર** લઈ આગળ ચાલ્યો.

મોટા મોટા વીરો હિમ્મત હારી જાય એવાં એવાં દુઃખો રાજકુમારને સહન કરવા પડયાં પણ તે જરા પણ હિમ્મત હાર્યો નહી. ચાલતાં ચાલતાં તે એક પહાડ પાસે જઇ પહોચ્યોં. તેનું શિખર આકાશ સાથે વાત કરતું હતું. તેના ઉપર બરફ જામી ગયેલો હતો. રાજકુમાર તે પહાડ પર ચઢવા લાગ્યો. જતાં જતાં લગભગ તે શિખર સુધી પહોંચ્યો. ત્યાં કોઇ કહેતું હતું કે **"એકવાર મેં તને જોઇ છે અને હજી એકવાર મને દર્શન આપ."** રાજકુમાર જોવા લાગ્યો કે આવાં નિર્જન વનમાં કોણ આ બોલે છે. જ્યારે તેને કોઈ દેખાયુ નહીં, ત્યારે જે બાજુથી અવાજ આવતો હતો તે બાજુ મુખ રાખી તેણે જોરથી બૂમ મારી કહ્યું; "જે વિલાપ કરે છે તે કૃપા કરીને તેના દુઃખી ભાઇને દર્શન આપે." તુર્તજ એક દુર્બળ યુવક વિલાપ કરતો રાજકુમારની સામે આવીને ઉભો રહ્યો. તેને પૂછતાં તેણે કહ્યું; "એક વર્ષ ઉપર મેં ઘણીજ સુન્દર સ્રીને આ રસ્તેથી જતાં જોઇ હતી. તેના શરીરમાંથી આગની જ્વાળાઓ નીકળતી હતી અને તે **હું બળી, હું બળી,**'એમ બૂમો મારતી હતી. તે વખતથી હું અહીં ઉભો રહી તેની રાહ જોયા કરૂં છું."

રાજકુમારે કહ્યું; "તેને બાળનાર હુંજ પાપી છું. હું તેની શોધમાંજ ફર્યા કરૂં છું. જો તે જીવતી હશે તો હું તેને સારી કરીશ,"

તે દુર્બળ યુવકે એક **ટોપી** રાજકુમારને આપી ને કહ્યું,"રાજકુમાર! આ **ટોપી** લ્યો, એમાં એવો ગુણ છે કે જે માણસ એ પહેરે તેને કોઈ પણ જોઈ શકે નહીં. તમે જે વખતે મને બોલાવતા હતા તે વખતે મેં આ **ટોપી** પહેરેલી હતી તેથીજ હું તમને દેખાતો નહોતો." રાજકુમારે તે **ટોપી** લઇ આગળ ચાલવા માંડયું.

તે આગળ પહાડ પર ચઢવા લાગ્યો. જેમ જેમ તે ઉંચે જતો હતો તેમ તેમ ટાઢ વધતી હતી. તેનું શરીર થર થર કમ્પવા લાગ્યું અને તે ઘણી મુશ્કેલીથી શ્વાસ લેવા લાગ્યો. આટલું બધું દુઃખ હોવા છતાં પણ તેણે પહાડ પર ચઢવું ચાલુજ રાખ્યું. અન્તે તે એક મન્દિરમાં પહોંચ્યો તે મન્દિર બરફનું બનાવેલું હતું, તેના થાંભલા તેની દીવાલો વગેરે સર્વ બરફનુજ બનેલુ હતું. રાજકુમારે તેમાં પ્રવેશ કર્યો. તેની અંદરનો ભાગ ગરમ હતો. અંદર એક **યોગી** જમીનથી કેટલેક હાથ ઉંચે સમાધી લગાવી યોગમાં તલ્લીન થઈ રહ્યો હતો. તેનાં મુખ પર તેજની પ્રભા ઝળકતી હતી અને આખા શરીરમાંથી પ્રકાશ નકળી રહ્યો હતો. રાજકુમાર ઘણી શ્રદ્ધાથી **યોગી**ની સામે હાથ જોડીને બેઠો. કેટલાક કલાક પછી **યોગી**એ આંખો ઉઘાડી. તેણે રાજકુમાર તરફ જોઇને કહ્યું: "યુવક! હું તારી હકીકત સારી રીતે જાણું છું. તુ પરીઓના બાદશાહની પુત્રીને શોધતો ફરે છે. હજી સુધી તે જીવતી તો છે? પરન્તુ માંદી ઘણી છે. આ **મલમ** લે. એમાં એવો ગુણ છે કે ગમે તેટલુ માણુસ દાઝી ગયું હોય તો પણ એનાથી તે સારૂં થઇ જાય છે. અને આ **પાવડી** પણ લે. એ પાવડીમાં એવો ગુણ છે કે એ પહેરી ઇચ્છા કરતાંજ ધારેલી જગ્યાએ જઈ શકાય છે. એ પણ તું લઇ જા." એ તારૂં ધાર્યું કામ કરવામાં મદદ કરશે.

રાજકુમારે બન્ને વસ્તુઓ લઇ નમસ્કાર કર્યા અને પાવડી પહેરી. જ્યાં પરી હતી ત્યાં જવાની ઇચ્છા કરી–કે તુરતજ તે હવામાં ઉડયો અને થોડીજ વારમાં તે પરીઓના દેશમાં પહોંચી ગયો. શહેરની બહાર એક એકાંત જગ્યાએ તેણે મુકામ કર્યો.

પહાડ પરના યુવકે આપેલી **ટોપી** પહેરીને તે નગરમાં ગયો. ટોપીના ગુણથી તેને કોઈ જોઇ શકતું નહોતું પણ તે સર્વને જોઇ શકતો હતો. નગર ઘણુ મોટું હતું અને તેની રચના પણ ઘણી સુન્દર હતી. ત્યાંના

લોકો વિચિત્ર પ્રકારના જીવો હતા. જો કે તે માણસ જેવાજ આકારના હતા તો પણ તેને માણસ કહી શકાય તેવાં નહોતાં, તેઓનું રૂપ ઘણુંજ સુન્દર હતું. ફરતાં ફરતાં તે રાજમહેલના દરવાજા પાસે ગયો તેને કોઈ જોઈ શકતુંજ નહોતું એટલે તે ધીમે ધીમે રાણીવાસમાં પહોંચ્યો. ત્યાં તેણે પોતાની પ્રિયતમાને બીમાર સ્થિતિમાં જોઈ.

તે પોતાની સ્ત્રીને જોઈને પોતાના મુકામ પર આવ્યો. ત્યાં આવીને તેણે પોતાનો વેષ બદલી નાખ્યો. ટોપી ઉતારી શરીરે રાખ ચોળી બાવો બની ગયો. બાવો બનીને તેણે સિતાર વગાડવા માંડી. સિતારનો સ્વર આખા શહેરમાં ફેલાઈ ગયો. નગરવાસીઓ પોતપોતાનું કામ છોડી રાજકુમારની પાસે દોડી આવ્યા. સિતાર બજાવનારના સમાચાર પરીઓના બાદશાહને કાને પહોંચ્યા. તે પણ ત્યાં આવ્યો અને સિતારનો સ્વર સાંભળી મોહિત થઈ ગયો. અને ઘુંટણે પડી તેણે સાધુ–રાજકુમારને કહ્યું: "મહારાજ ! કૃપા કરીને આ દાસની કેટલીક પ્રાર્થના સાંભળો. મારી પુત્રી બહુ બીમાર છે. કોઈ માણસે તેને બાળી છે. તે મારી આંખની કીકી છે. મારાં ઘડપણનો આધાર છે. તેને સારૂ કરી તમારે જે જોઈએ તે મારી પાસે માગી લ્યો."

રાજકુમારે કહ્યું:–"રાજા ! અમે ઈશ્વરના બંદા છીએ. અમે કોઈ પણ માણસને ઘેર જતા નથી; તમારી પુત્રીને અહીંઆ લઈ આવો હું તેને માટે ઇશ્વરને પ્રાર્થના કરીશ. મને આશા છે કે તે જરૂર સારી થઈ જશે."

પરીઓના રાજાએ નમ્રતાપૂર્વક કહ્યું:–"પ્રભુ ! તે એટલી બીમાર છે કે ઉઠી બેસી શકતી નથી. જો તેને અહીં લાવીએ તો તે કદાચ રસ્તામાંજ મરી જાય. માટે જરા કષ્ટ વેઠીને આપ મારી ઝુંપડી સુધી આવો અને આપના ચરણોની ધૂળથી તેને પવિત્ર કરો તો મોટી કૃપા."

રાજાના ઘણા કાલાવાલા પછી તે જવાને તૈયાર થયો. સોનાની પાલખીમાં બેસી તે યોગી--રાજકુમાર રાજમહેલમાં ગયો. રાજકુમારને જે ઓરડામાં **પરી** માંદી હતી ત્યાં લઇ જવામાં આવ્યો, જે વખતે ત્યાં પહોંચ્યો તે વખતે પરી સૂઈ રહી હતી, રાજકુમારે મલમ કાઢયો અને દાસીઓને તે આપીને કહ્યું: "આ લ્યો અને જે જે ભાગ પર એ દાઝી હોય ત્યાં ત્યાં ચોપડો."

જ્યાં મલમ ચોપડયો કે તુર્તજ પરીના સર્વ ઘા રૂઝાઈ ગયા અને સારી બનીને નિદ્રામાંથી જાગૃત થઈ. બસ પછી શું ? યોગી રૂપ રાજકુમારની કીર્તિ તો તે આખાં શહેરમાં ફેલાઈ ગઇ !

રાજકુમારને જોતાંજ પરીએ તેને ઓળખ્યો. તે તેનું નામ લઇને બોલાવતી હતી પણ એટલામાં રાજકુમારે ઇશારાથી તેને તેમ કરતાં અટકાવી. જ્યારે બાદશાહે જાણ્યુ કે પરી સારી થઇ ગઈ છે ત્યારે તે રાજકુમાર પાસે આવ્યો અને બોલ્યો; "પૂજ્યવર ! આપ મારી પાસે કાંઇ માગો તો આપની મોટી કૃપા."

રાજકુમાર તો એ વખતની રાહજ જોયા કરતો હતો, તેણે કહ્યું. "રાજા ! મારી માગણી એ છે કે તમારી પુત્રીનાં મારી સાથે લગ્ન કરો."

સાધુની આવી અયોગ્ય માગણી સાંભળીને રાજા ઘણો ગુસ્સે થયો તેણે એકદમ નોકરોને હુકમ આપ્યો કે,"આ બદમાશને પકડીને કેદમાં પૂરી દો. એણે મારા ઉપર જે ઉપકાર કર્યો છે તેનો એના ખોટી માગણીથી નાશ પામ્યો છે."

રાજાના સિપાઇઓ રાજકુમારને પકડવા આગળ વધ્યા કે તુર્તજ તેણે ટોપી પોતાના માથાં પર પહેરી. તે અદ્રશ્ય થઇ ગયો. અને દંડાને આજ્ઞા આપી કે"રાજાના સર્વ માણસોને માર."દંડો એકદમ ઉડયો અને સર્વને મારવા લાગ્યો. રાજાનાં સર્વ માણસો હાય હાય પોકારવા

લાગ્યાં. અંતે હાથ જોડીને રાજા બોલ્યો; "પ્રભો ! દયા કરો. અમારાથી ઘણી મોટી ભૂલ થઇ ગઇ છે. અમને તમારાં દર્શન આપો. હું પ્રતિજ્ઞા કરૂં છું કે તમે જે માંગશો તે હું આપીશ."

રાજકુમારે પ્રકટ થઇને કહ્યું; "મને એ વાતનું ઘણું દુઃખ થાય છે કે, મારે મારી શક્તિ બતાવવાનો ઉપયોગ કરવો પડયો. વારૂ, હવે તમારે એક વધુ મારૂં કામ કરવું પડશે. તમારા દેશની ત્રણ સ્વરૂપવાન સ્ત્રીઓ, તમારા ખજાનાના કિંમતી હીરા જવાહીર સહિત તમારી પોતાની પુત્રી મને આપી દો. અને એક ઉડતુ વિમાન પણ આપો કે જેથી અમે અમારા દેશમાં ઉતાવળથી પહોંચી જઇએ."

રાજાએ રાજકુમારની આજ્ઞા પ્રમાણે સર્વ વસ્તુઓ આપી. 'પ્રિયતમા રાણી' ત્રણ પરીઓ અને હીરા જવાહીર લઇને ઉડતાં વિમાનમાં બેસી રાજકુમાર ત્યાંથી ઉડયા. રસ્તામાં તેણે પહાડપરના યોગીનાં દર્શન કર્યાં અને જેઓએ **સિતાર, ટોપી** અને દંડો આપ્યો હતો તે ત્રણે મિત્રોને પણ મળ્યો. તે લોકો રાજકુમારને પરી સાથે ક્ષેમકુશળ પાછો ફરેલો જોઇને ઘણાજ પ્રસન્ન થયા. રાજકુમારે તે ત્રણે મિત્રોને સાથે લઈ લીધા. જે ત્રણ પરીઓને તે સાથે લાવ્યો હતો તેઓનાં તેઓની સાથે લગ્ન કરી દઈ. તેઓને પોતપોતાના દેશમાં પહોંચતા કરી દીધાં.

રાજકુમારને ક્ષેમકુશળ આવેલો જોઇને તેનો પિતા અત્યંત પ્રસન્ન થયો, અને જ્યારે છએ રાજકુમારોની નીચતાની તેના પિતાએ વિગત વાર વાત જાણી ત્યારે તે તેના ઉપર બહુ ગુસ્સે થયો અને તેઓને સખ્ત શિક્ષા કરવા તત્પર થયો. પણ નાના રાજકુમારની અરજથી તેઓને માફી આપી. તેઓનાં ભવિષ્ય માટેનો યોગ્ય બન્દોબસ્ત કરી આપ્યો. રાજાએ રાજ્યની લગામ નાના રાજકુમારને આપી; અને તે હવે તેની પટરાણી પરી સાથે અતી આનંદથી પ્રેમપૂર્વક જીવન ભોગવવાં લાગ્યો;

વાર્તા. ૨. જી. —:૦:— રાજકુમાર શમશેરજંગ.

એક રાજાને પુત્ર નહોતો તેથી તેણે પોતાના રાજ્યના તમામ સાધુ સન્તોને બોલાવી કહ્યું; " તમે સર્વ મળીને ઇશ્વરને પ્રાર્થના કરો કે જેથી મારે કાંઇ સન્તાન થાય." સર્વની પ્રાર્થનાથી રાણીને એક સુન્દર બાળક જન્મ્યો. રાજાને અત્યંત આનંદ થયો. તેણે મન્દિરો અને મસજીદોમાં ઘણા રૂપીઆ દાનમાં આપ્યા આખાં રાજ્યમાં આનંદ આનંદ થઈ રહ્યો. રાજાએ જોષીઓને બોલાવીને તુરતના જન્મેલા રાજકુમારનું ભવિષ્ય પૂછ્યું, ત્યારે તેઓએ કહ્યું; "એ જગતમાં સર્વથી વધારે બળવાન થશે. જે કામને એ હાથમાં લેશે તેને પૂરૂં કર્યા વિના કદી પણ છોડશે નહીં. એના ગ્રહો ઘણા સારા અને બળવાન છે. એનું આયુષ્ય ઘણું લાંબુ છે. એનું જીવન ઘણાં સુખમાં વીતશે. પરન્તુ એને સૂર્ય ચૌદ વર્ષ સુધી નબળો છે; માટે ચૌદ હાથ ઉંચી લોઢાની ભીંતવાળા ઘરમાં ચૌદ વર્ષ સુધી એને છુપાવી રાખશો. એટલે એ સૂર્યનાં દર્શન કરી શકે નહીં."

જોષીઓના કહેવા પ્રમાણે રાજાએ લોઢાનું ઘર બનાવ્યું અને રાજકુમાર તેમાં રહેવા લાગ્યો. જ્યારે ચૌદ વર્ષ પૂરાં થયાં ત્યારે એક દિવસ રાજકુમાર જેનું નામ શમશેરજંગ રાખવામાં આવ્યું હતું તેણે લોઢાની દીવાલને એક મુક્કો માર્યો એટલે જાણે તેના ઉપર તોપ પડી હોય તેની માફક તે દીવાલ તુટી પડી. એટલે તે કેદખાનામાંથી નીકળીને તુરત રાજકુમારે પૂર્વ દીશા તરફ ચાલવા માંડ્યું. રસ્તે જતાં તેણે જોયું તો એક માણુસ ઘણીજ સખત જમીન પાવડા વતી ખોદતો હતો. રાજકુમારે તેને પૂછ્યું; "મિત્ર ! આ શું કરો છો ? તમે ઘણા બળવાન હોવાથી આવી પત્થર જેવી જમીન ખોદતાં હો એમ લાગે છે."

તે માણસે ઉત્તર આપ્યો; "યુવક ! મારી જાતિમાં તો હું સર્વથી વધારે બળવાન છું, પરન્તુ અમારો એક રાજકુમાર જેનું નામ શમ-

શેરજંગ છે, તેણે હમણાંજ ચૌદ હાથ ઉંચી લોઢાની દીવાલ તોડી નાંખી એમ સાંભળ્યું છે તેથી તે મારાથી પણ વધુ બળવાન છે."

શમશેરજંગે તેને પોતાની ઓળખાણ આપતાં કહ્યું;"તમે જેનાં જોરનાં વખાણ કરી રહ્યા છો તે હુંજ **શમશેરજંગ** છું."

એ સાંભળતાંજ તે માણસ રાજકુમાર આગળ આવી જમીનને મસ્તક અડકાડી બોલ્યો; "હું તમારાથી ઓછો બળવાન છું એ વાતનો સ્વીકાર કરૂં છું. અને આજથી હું તમારો દાસ બનું છું, તમે જ્યાં જશો ત્યાં હું તમારી સાથે રહી તમારી સેવા કરીશ."

રાજકુમાર તે માણસને જેનું નામ '**નાજુક અંગ**' હતું તેને પોતાની સાથે લઇ આગળ ચાલ્યો. ચાલતાં ચાલતાં એક દિવસ બપોરને સમયે એક મોટાં મેદાનમાં એક માણસ હાથમાં **તીર કમાન** લઇને ઉભો હતો તેને **શમશેરજંગે** જોયો. તે માણસ એમ બોલતો હતો કે; "એક બાજુ થઈ જાઓ! એક તરફ થઇ જાઓ! નહી તો એ તીર તમને વાગશે."

રાજકુમારે તેને પૂછ્યુ; "તમે આ **ગૌડ બંગાળી** જેવું શું બોલો છો?"

પેલા માણસે ઉત્તર આપ્યો; "મહેરબાન! મારૂં નામ '**કમ-નજર**' છે. ચૌદ વર્ષ ઉપર મેં અમુક તારા ઉપર એક તીર માર્યું હતું આજે તેજ તીર આ વખતે ત્યાંથી પાછું આવે છે. એટલા માટે હું તમોને ચેતાવતો હતો. કારણકે વખતે તીર આવીને તમારા ઉપર પડે."

રાજકુમાર અને **નાજુક અંગે** આંખો ફાડી ફાડીને તારા અને તીરને ખૂબ જોયાં પણ તેઓને કાંઈ પણ જણાયું નહી છતાં તેઓ ત્યાં.એ–ચૌદ વર્ષ ઉપર છોડેલું તીર કેવું છે તે જોવાને ઉભા રહ્યા તો એક કલાક પછી બહુજ ઉતાવળથી તે તીર આવીને! ભૂમિમાં કેટલાયે ગજ ઉંડું પેસી ગયું.

એ જોઇને રાજકુમારે કહ્યું; "ભાઈ! એટલે દૂર સુધી તીર છોડી અને ત્યાં સુધી તેની ગતિને નીરખવી એ કાંઈ સહેલું કામ નથી. તમારી નજર અને બળની બરાબરી કરે એવું દુનીયામાં કોઈ નથી."

કમ નજરે ઉત્તર આપ્યો: "ભાઇ! અત્યાર સુધી હું મને પોતાને સર્વથી વધારે બળવાન સમજ્યા કરતો હતો પણ સાંભળ્યું છે કે:–હમણાંજ એક **શમશેરજંગ** નામના રાજકુમારે ચૌદ હાથ ઉંચી લોઢાની દીવાલ એકજ મુક્કાથી તોડી પાડી છે, તેથી હું તેને જગતમાં સર્વથી વધારે બળવાન ગણું છું."

રાજકુમારે કહ્યું, "હુંજ તે **શમશેરજંગ** છું."

એ સાંભળીને **કમનજર** પણ તેનો સેવક બની તેની સાથે ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં રાજકુમાર અને તેના બન્ને સાથી ફળદાર ઝાડથી ભરેલાં એક સુન્દર અને મોટા બાગમાં આવી પહોંચ્યા. બાગની વચ્ચેના એક ઓટલા ઉપર એક મજબૂત અને સ્વસ્થ માણસ ચિંતાતુર થઇને બેઠો હતો. જેવા તેણે રાજકુમાર અને તેના સાથીઓને કે તુર્તજ તેણે બૂમ મારી કહ્યું: "અહીંથી ચાલ્યા જાઓ, શુ તમે મારી પાસે આ ફળો લેવા આવ્યા છો? શું તમે મને ભૂખે મારવા ધારો છો? મારી પાસે તમે બીજું ગમે તે માગજો પણ આ ફળ, ફુલ કે ડાળી પાંદડાં એમાંનું હું કશું પણ તમને આપવાનો નથી."

તેની વાત સાંભળીને રાજકુમારને નવાઈ લાગી. આથી તેણે કહ્યું; "અમે ભૂખ્યા નથી તેમ તારી પાસે ફળ માગવા પણ આવ્યા નથી. પરન્તુ કૃપા કરીને કહે કે આટલાં બધાં ફળોને તું શું કરશે? અહીં પાસે શહેર પણ નથી કે એને ત્યાં જઇને તું વેચી આવે! તેમ આવાં જંગલમાં તારી પાસે ફળ લેવા પણ કોણ આવશે?"

પેલા માણસે ઉત્તર આપ્યો; "મહેરબાન! તમારી વાતચીતથી માલમ પડે છે કે તમે કોઇ ભલા માણસ છો! મારૂં નામ "**થોડું ખાનાર**" છે ચૌદ વર્ષ ઉપર મેં આ ઝાડોને રોપ્યાં હતાં અને અત્યાર સુધી હું તેને ઉછેરતો હતો. હવે હું એને ખાઈ જવાના સમયની રાહ જોઇ રહ્યો છું. તેમ તે વખત હવે દૂર નથી. હું કાંઈ એકલાં ફળજ નહીં પણ ઝાડ, પાંદડાં અને મૂળીઆં સર્વને ખાઇ જઇશ. તમે જરા અત્રે થોભી જાઓ તો તમને ખાત્રી થશે કે હું સાચું બોલું છું કે જૂઠું."

રાજકુમાર પોતાના સાથીઓ સાથે ત્યાં એ તમાશો જોવા ઉભો રહ્યો અને જ્યાં થોડોક વખત ગયો એટલે પેલો માણસ દૈત્યની માફક બાગમાંના સર્વ વૃક્ષો ઉપર તુટી પડયો. થોડી વારમાં તો તેણે સર્વ સફાચટ કરી નાખ્યું.અને ઝાડ, પાંદડાં, ફળ વિગેરે સર્વ ખાઇ ગયો.એકે પાંદડું કે ડાખળું પણ રહેવા દીધું નહીં! રાજકુમારે તેનાં એ અદ્‌ભુત કામને જોઇને કહ્યું; જગતમાં તમારાથી વધુ બળવાન માણસ કોઈ ન હોય એ નક્કી છે."

તેણે કહ્યું:—નહીં મહેરબાન! મારાથી રાજકુમાર શમશેરજંગ વધારે બળવાન છે." એ વાત મેં ખાત્રીપૂર્વક સાંભળી છે.

રાજકુમારે તેને પણ પોતાની ઓળખ આપી એટલે તે "**થોડું ખાનાર**" પણ તેનો સેવક બની તેની સાથે ચાલવા તૈયાર થયો.

ચાલતાં ચાલતાં તેઓ એક મોટા તળાવના કિનારા ઉપર આવી પહોંચ્યા. ત્યાં એક માણસને તળાવ તરફ ટગર ટગર જોતો બેઠેલો તેઓએ જોયો. રાજકુમારે તેને પૂછ્યું: "તમે અહીં શા માટે બેઠા છો?"

તેણે ઉત્તર આપ્યો: "આજથી ચૌદ વર્ષ ઉપર મેં આ તળાવ ખોદ્યું હતું. ત્યારનો અહીં બેઠો બેઠો હું એ પાણીથી ભરાય તેની રાહ જોઉં છું. હમણાંજ આ તળાવ છલાછલ ભરાયું છે. એમાંનું બધું પાણી હું પી જવાનો છું મારૂં નામ "**ઓછું પીનાર**" છે.

રાજકુમારે કહ્યું: "ભાઇ! શું તમે આટલું બધું પાણી પી જવાના છો ત્યારે તમારાથી જગતમાં કોણ વધુ બળવાન હોઇ શકે?"

ઓખું પીનાર બોલ્યો:"નહી મહેરબાન! રાજકુમાર શમશેરજંગ મારાથી પણ વધારે બળવાન છે. તેણે હમણાંજ ચૌદ હાથ ઉંચી લોઢાની દીવાલ એકજ મુક્કાથી તોડી નાંખી છે."

રાજકુમારે તેને પોતાની ઓળખાણ આપી એટલે તે પણ બધું પાણી પી લઈ તેઓની સાથે ચાલવા લાગ્યો.

જતાં જતાં તેઓ એક મોટાં શહેરમાં પહોંચ્યા. તેમાં ચારે બાજુ મોટી મોટી દુકાનો અને મોટાં મોટાં મહેલો હતાં. દુકાનો સર્વ જાતની વસ્તુઓથી ભરેલી હતી. તેમાં સ્વાદિષ્ટ ભોજનોની થાળીઓને જોઇને આપણા મુસાફરોનાં મ્હોંમાં પાણી આવ્યાં. લાંબી મુસાફરીને લીધે તેઓને ભૂખ પણ લાગી હતી, પરન્તુ દુકાન પર વેચનાર કોઇ ન્હોતું. તેમજ એ મુસાફરો સિવાય બીજું કોઈ ખરીદનાર એક પણ માણસ ત્યાં નહોતું. તેઓ આખું શહેર ફરી વળવા છતાં પણ જ્યારે તેઓએ એક પણ માણસને જોયું નહીં ત્યારે તેઓએ દુકાનમાંથી મનગમતી વસ્તુઓ લઇને ખાવા માંડી. આખો દહાડો ખાઇ પીને તેમણે શહેરમાં ફર્યા કર્યું. પરન્તુ જ્યારે રાત્રી પડી ત્યારે ચૌદ આંગળનો એક રાક્ષસ ચૌદ હાથ લાંબો લોઢાનો દંડો લઇને તે શહેરમાં આવ્યો. તેના પગના ધબકારાથી શહેરનાં મકાનની દીવાલો કમ્પવા લાગી. નગરની વચ્ચે આવી તેણે ગર્જના કરીને કહ્યું: "હું આ શહેરમાંનાં સર્વ માણસોને ખાઇ ગયો છું, પરન્તુ આજે મને પાછી માણસની ગંધ આવે છે. માટે જે કોઈ હોય તે અહીં આવો કે હું તેને સહેલાઈથી ખાઇ શકું.

એ સાંભળીને રાજકુમાર શમશેરજંગ હાથમાં તલવાર લઇને બહાર નીકળ્યો અને ગંભીરતાપૂર્વક તે દૈત્યને કહેવા લાગ્યો: "શું લબારો

કરે છે ? મારૂં નામ **શમશેરજંગ** છે. મેં ચાદ હાથ ઉંચી લોઢાની દીવાલ એકજ મુક્કાથી તોડી પાડી છે. ચાલ, આવ મારી સાથે લડ."

એટલું સાંભળતાંજ તે દૈત્ય કે જેનું નામ **ગુડીયાદૈત્ય** હતું તે રાજકુમારને ચરણે પડયો અને બોલ્યોઃ"આજથી હું તમારો દાસ બનું છું. તમે મારાથી વધુ બળવાન છો એ વાતનો હું સ્વીકાર કરૂ છું.તમે જ્યાં જશો ત્યાં હું તમારી સાથે આવીશ. કૃપા કરીને મને તમારી સેવામાં રાખો." કુમારે તેને સાથે લઇ લીધો અને છએ જણાએ આગળ મુસાફરી શરૂ કરી.

કેટલાક મહિના પછી તેઓ એક મોટાં નગરમાં પહોંચ્યાં. ત્યાં જઇને તેઓએ એક ભઠીઆરાને ત્યાં મુકામ કર્યો. ભઠીઆરો ઘણો આનંદી માણસ હતો. તેણે એ લોકોનો ખુબ આદર સત્કાર કર્યો. ભઠીઆરાને ત્યાં જે દિવસે એ પહોંચ્યા તેજ દિવસે ભઠીઆરાનાં પુત્રનાં લગ્ન એક સુન્દર અને ધનવાન સ્ત્રી સાથે થવાનાં હતાં. તે ઉત્સવમાં એ લોકો પણ ભળી ગયા. જ્યારે લગ્ન થઈ રહ્યા અને સર્વ લોકો તે નવદંપતીને મુબારકબાદી આપતાં હતાં એટલામા એક સરકારી અમલદારે આવીને ભઠીઆરાના કાનમાં કાંઇક કહ્યું. તે સાંભળતાંજ ભઠીઆરો ચીસ પાડીને બેશુદ્ધ થઇ ગયો. સર્વ પણ લોકોએ રડવું કુટવું શરૂ કરી દીધું. રાજકુમાર અને તેના સાથીઓને સાથી અત્યંત આશ્ચર્ય થયું.તેણે આવી રીતે રંગમાં ભંગ થયેલો જોઇને એક જણને તેનું કારણ પૂછ્યું, એટલે તેણે કહ્યું: "મહેરબાન ચૌદ વર્ષ થયાં અમારાં નગર ઉપર એક મહાન વિપત્તિ આવી પડી છે. તે વખતે અહીં એક દૈત્ય આવ્યો અને નગરના લોકોને પકડી પકડીને ખાવા લાગ્યો. લોકો શહેર છોડીને નાસવા લાગ્યા. છેવટે રાજાએ એ દુષ્ટ દૈત્ય સાથે સલાહ કરી અને દરરોજ એ દૈત્યને એક માણસ, બારસો મણ રોટલી અને સો મણ ઘી આપવાનો ઠરાવ કર્યો. એ ઠરાવ પ્રમાણે અમારા શહેરનો એક માણસ દરરોજ તે દૈત્યનાં

પેટમાં જાય છે. તે ઠરાવ મુજબ આ ભડીઆરાને તેનો છોકરો આજે ત્યાં મોકલવાની સૂચના આપવા સરકારી અમલદાર આવ્યો હતો.

એ સાંભળીને **શમશેરજંગ** ભડીઆરા પાસે ગયો અને બોલ્યોઃ "ભાઈ તમે બીલકુલ શોક ન કરો; તમારા છોકરાને બદલે **દૈત્ય**ની પાસે આજે હું જઈશ. મને આશા છે કે હવે તમે એ દુઃખમાંથી હમ્મેશને માટે મુક્ત થશો."

એટલું કહીને રાજકુમાર પોતાના સાથીઓને લઈને જ્યાં દરરોજ **દૈત્ય** માણસ અને રોટલી વિગેરે ખાવા આવતો હતો ત્યાં ગયો. ત્યાં ઘી, વિગેરે સર્વ તૈયાર રાખેલું હતું. જ્યારે બરાબર મધ્યરાત્રિ થઈ ત્યારે મોટી ગર્જના કરતો તે રાક્ષસ આવ્યો. તેનું માથું આકાશમાં હતું. રાજકુમારના પાંચે મિત્રો પણ તેની સાથે લડવા આવ્યા હતા પણ **દૈત્ય**ને જોતાંજ તેઓ તો રોટલીઓના ઢગલામાં સન્તાઇ ગયા.એકલો **શમશેરજંગ**જ તલવાર લઈને ત્યાં ઉભો રહ્યો. રાજકુમારે **દૈત્ય**ની પાસે પહોંચતાંજ તેના ઉપર હુમલો કર્યો. અને પલકવારમાં તેનુ માથું કાપી નાંખ્યું. ત્યાર પછી મરી ગયેલા દૈત્યનાં નાક, કાન કાપી પોતાના ગજવામાં મૂકી તે પોતાના મિત્રો પાસે આવ્યો.

રાક્ષસના મરણના સમાચાર સાંભળી પાંચે જણા બહાર નીકળ્યા. **ઓછું પીનારે** રાજકુમારને કહ્યુંઃ "કહો તો એ દુષ્ટના શરીરનું સર્વ લોહી ચૂસી જાઉં." ત્યાર પછી **કમનજરે** કહ્યુંઃ "આજ્ઞા હોય તો એ લાસને એક તીરથી હજારો માઇલ દૂર ફેંકી દઉં."**ઓછું ખાનારે** કહ્યુંઃ તમારા કહેવાનીજ વાર છે, નહીં તો હમણાં એ રાક્ષસને હું ક્યારનોયે ખાઇ ગયો હોત!" એ પ્રમાણે સર્વ પોતપોતાના બળનું ડીંગ હાંકવા લાગ્યા.

રાજકુમારે ગંભીરતાથી કહ્યું: "મિત્રો હવે તમારાં બળ અને સાહસની કાંઈપણ જરૂર નથી. ચાલો હવે અત્યારે તો આપણે આપણા મુકામપર જઇને સૂઈ જઇએ."

ત્યારબાદ સર્વે જણા ભઠીઆરાને ત્યાં જઈ સૂઈ ગયા.

બીજે દિવસે સવારના પહોરમાંજ આખા શહેરમાં દૈત્યને મારી નાંખ્યાની ખબર ફેલાઇ ગઈ. એ ખબર સાંભળીને રાજાએ ડાંડી પીટાવી કે જેણે દૈત્યને માર્યો હોય તે મારી પાસે આવે હું તેને મારૂં અર્ધું રાજ્ય આપીશ, અને મારી પુત્રી તેને પરણાવીશ. એ સાંભળીને કેટલાયે જણા રાજાની પાસે ગયા અને સોગન્દ ખાઈ ખાઇને કહેવા લાગ્યા કે 'મેં દૈત્યને માર્યો છે.' એટલામાં પ્રધાને આવી રાજાને કહ્યું: "મહારાજ! હું આજે સવારમાં જ્યાં દૈત્ય મરણ પામ્યો છે ત્યાં ફરવા ગયો હતો. ધ્યાનપૂર્વક તે દૈત્યને જોતાં મને જણાયુ કે તેનાં નાક કાન કોઇએ કાપી લીધાં છે. માટે જેણે દૈત્યને માર્યો હશે તે તેનાં નાક કાન જરૂર અહીં રજુ કરશે."

રાજાએ પેલા લોકો પાસે જ્યારે દૈત્યનાં નાક, કાન માંગ્યા ત્યારે તેઓ એકબીજાના મ્હોં સામે જોવા લાગ્યાં. એટલામાં **શમશેરજંગે** આવીને દૈત્યનાં નાક,કાન રાજા આગળ મૂકી દીધાં.રાજાએ સર્વેને કાઢી મૂક્યા. અને **શમરશેરજંગને** પોતાનું અર્ધું રાજ્ય આપવા, અને પોતાની પુત્રી પરણાવવા તૈયાર થયો, ત્યારે તેણે તે છોકરી **નાજુક અંગ** સાથે પરણાવી અને અર્ધું રાજ્ય પાંચે મિત્રોને વહેંચી આપ્યું.

હવે રાજા અને મિત્રોની આજ્ઞા લઇને રાજકુમાર **શમશેરજંગે** આગળ ચાલવા માંડયું. માત્ર તેની સાથે એકલો **ગુટીયાદેવજ** રહ્યો. જતાં જતાં તેઓ એક મોટાં સુંદર શહેરમાં આવી પહોંચ્યા. આખો દિવસ ફરીને તેમણે તે શહેર જોયું. ફરતા ફરતા તેઓ એક મોટા

મહેલની નીચે આવી પહોંચ્યા. એ મહેલના જેવો મહેલ આખા જગતમાં બીજો ભાગ્યેજ હશે. તેની દીવાલ સોનાની હતી અને તેમાં જવાહીર જડેલુ હતુ. રાજકુમારે એવો મહેલ કદી પણ જોયો નૃહોતો. તે તેના દરવાજા પર ગયો તો ત્યાં તેને ઘણીજ નવાઈ લાગી, કારણ કે પહેરેગીરોની જગ્યાએ લશ્કરી પોષાક પહેરેલાં બે મરેલાં માણસોનાં પૂતળાં બે બાજુએ ઉભા રહેલાં હતાં અને વચમાં એક મોટુ ઢોલ મૂકેલું હતું. લોકોને પૂછવાથી જણાયું કે એ મહેલ તો એક સોદાગરની પુત્રીનો છે. તે ઘણી ધનવાન છે.અને તેણે એવું પણ કરેલું છે કે,જે મારાં ચાર સવાલ પૂરા કરે તેની સાથે લગ્ન કરવું. કદાચ કોઈ તેની પાસે જાય, અને તેનાથી જો તેની બાબત પૂરી ન થાય તો તેને મારી નાંખવામાં આવે છે. દરવાજા પર મૂકેલા આ મૂડદાં એની નિર્દયતાનો નમૂનો છે."એ સાંભળીને રાજકુમારે જોરથી તે ઢોલ વગાડવા માંડયું. તેના નાદથી આખો મહેલ ગાજી ઉઠયો. અવાજ સાંભળીને સોદાગરની પુત્રીએ પોતાની દાસીને આજ્ઞા આપી. કે "જા, જો તો ખરી કોને મોત અહીં ખેચી લાવ્યું છે તેને તેડી લાવ!"

દાસી નીચે આવી અને એકલાં **શમશેરજંગને** ઉપર તેડી ગઈ. **ગુટીયાદેવ** એકલો નીચે ઉભો રહ્યો.જ્યારે સોદાગરની પુત્રીએ રાજકુમારને જોયો ત્યારે તેનું સુન્દર રૂપ જોઇને તે આનંદ પામી અને મનમાં ને મનમાં રાજકુમારની જીત માટે ઈશ્વરને પ્રાર્થના કરવા લાગી. તેનું રૂપ જોઇને રાજકુમાર પણ મોહ પામ્યા વિના રહ્યો નહીં. તેણે પૂછ્યું; " કહો, તમારા ચાર સવાલો કયા છે ? "

સોદાગરની પુત્રીએ કહ્યું; "રાજકુમાર! મારા ચાર સવાલો આ પ્રમાણે છે: (૧) **હું ગયાં ચૌદ વર્ષથી દરરોજ રસોઇ બનાવી તેને એક ઘરમાં એકઠી કર્યા કરૂં છું. તે સર્વ રસોઇને કોઇ માણસ ખાઈ જાય એવો છે?** (૨) **મહેલની પાસે એક તળાવ છે.**

તેમાં ચૌદ વર્ષથી પાણી ભરાય છે. એ સર્વ એકજ વખતે કોઈ માણસ પી જાય એવો છે? (૩) એ તળાવની બાજુમાંજ એક બીજું તળાવ છે, એની નીચે ચૌદ વર્ષથી અગ્નિ બળ્યા કરે છે તેથી એ પાણી ઉકળ્યા કરે છે. એમાં એક કલાક સ્નાન કરે એવો કોઇ માણસ છે? (૪) અહીંથી પાંચ હજાર ગાઉ દૂર મારી એક બહેન રહે છે તેને એકજ દિવસમાં અહીં લઇ આવે એવો કોઇ છે?–મારાં કહ્યા મુજબનાં ચાર માણસો. લાવી મારી આ ચાર સરતો તમે પૂરી કરી શકો છો?" રાજકુમારે ઉત્તર આપ્યો; " તમારી એ સરતો હું પૂરી કરીશ પણ મને પંદર દિવસની મુદતમળવી જોઈએ.પંદરદિવસ પછીપાછો આવવાનુંસોદાગરની પુત્રીને કહીને રાજકુમાર મહેલની બહાર નીકળ્યો.ગુટીયાદેવ રાજકુમારને સહીસલામત નીકળેલો જોઇને ઘણો ખુશી થયો. રાજકુમારે તેને કહ્યું: "મિત્ર–તમે જાઓ અને આપણા સર્વ મિત્રોને તેડી લાવો."

પંદર દિવસની અંદરગુટીયોદેવ સર્વમિત્રોને લઇને શમશેરજંગની પાસે આવી પહોંચ્યો. રાજકુમારને જોઈ તે સર્વેએ કહ્યું: "અમારે લાયક જે કામ હોય તે ફરમાવો."

રાજકુમારે તે બધાને સોદાગરની પુત્રીની સરતો કહી સંભળાવી અને પછી તેઓને લઇને સોદાગરની પુત્રીના મહેલે ગયો. ત્યાં જઇ પાછું નગારૂં વગાડ્યું કે દાસીઓ આવી સર્વેને ઉપર લઈ ગઈ. સર્વ બેઠા પછી તેણે કહ્યું: "રાજકુમાર શું તમે મારી સરતો પૂરી કરવાને તૈયાર છો?"

રાજકુમારે કહ્યું: "હા."

તુર્તજ સોદાગરની પુત્રીએ ચૌદ વર્ષથી રસોઈ કરીને એકઠાં કરેલાં ભોજનવાળો ઓરડો બતાવ્યો. અને કહ્યું: "આ સર્વ ભોજન ખાઇ જાઓ."

એ સાંભળીને રાજકુમારે "**ઓછું ખાનાર**"ને કહ્યું: "જુઓ છો શું એના ઉપર તુટી પડો હવેજ તમારા પેટની પરીક્ષા થવાની છે."

ઓછું ખાનારે કહ્યું: "પણ મને એ તો જણાવો કે આ ભોજનનું '**સિપ**' કરૂં કે '**સપ**'?"

રાજકુમાર એનો અર્થ સમજ્યો નહીં એટલે **ઓછું ખાનારે** કહ્યું: "મહેરબાન '**સિપ**' એટલે માત્ર રાંધેલુંજ ખાવું તે, અને '**સપ**' એટલે રાંધેલા ઉપરાંત આ ટોપલી, પ્યાલા, થાળી, મેજ, શીશા અને આખો આ ઓરડો, એ સર્વ ખાઈ જવું તે."

રાજકુમારે તેને '**સપ**' કરવાનુંજ ફરમાવ્યું.

આખા શહેરમાં સોદાગરની પુત્રીની સરતો પૂરી થવાની ખબર ફેલાઈ ગયેલી હોવાથી લોકોનાં ટોળેટોળાં મહેલમાં એકઠાં થયાં. હવે **ઓછું ખાનારે** ખાવાની શરૂઆત કરી. રસોઈના મોટા મોટા ભરેલા ટોપલા તે મ્હોંમાં મૂકી દેતો હતો. અને એક લોઢાના દંડાથી તેને ગળામાં ઉતારી દેતો હતો. લોકો 'વાહ' 'વાહ' બોલવા લાગ્યા. થોડી વારમાં અનાજ ખાઈ રહ્યો અને થાળી પ્યાલા વિગેરે ખાવા લાગ્યો. પોતાનાં કિમતી વાસણો ખાઈ જશે એમ ધારી સોદાગરની પુત્રીએ કહ્યું: "બસ હવે આરામ કરો હું સંતોષ પામી છું."

ત્યાર પછી **ઓછું પીનાર** ઉઠયો તેણે રાજકુમારને પૂછ્યું: કહો સાહેબ હું '**નિપ**' કરૂં કે '**નપ**'?"

રાજકુમાર વિચારમાં પડયો એટલે **ઓછું પીનારે** કહ્યું: '**નિપ**' એટલે માત્ર તળાવમાંનુ પાણીજ પીવું તે. અને '**નપ**' એટલે પાણીની સાથે પાણીની આજુબાજુની અને નીચેની ચાર ગજ માટોડી પણ ખાઇ જવી તે."

રાજકુમારે આજ્ઞા આપી કે: "ત્યારે તો '**નપ**'જ કરો."

આજ્ઞા મળતાંજ **ઓઘું પીનાર** એકદમ તળાવમાં પડયો અને શ્વાસમાં ને શ્વાસમાં, કાદવ, કચરા વિગેરે સર્વ વસ્તુઓ સાથે તળાવમાંનું પાણી પી ગયો. જોનારાઓએ તેને પણ ખૂબ શાબાસી આપી.

હવે રાજકુમારે **નાજુકઅંગ**ને ગરમ પાણીમાં ન્હાવાનું કહ્યું.

તેણે પૂછ્યું:' હું કેવી રીતે ન્હાઉં '**લિપ**'ની રીતે કે '**લપ**'ની રીતે!

આમાં પણ રાજકુમારને સમજણ પડી નહી તેથી **નાજુક અંગે લિપ** અને **લપ**નો અર્થ સમજાવતાં કહ્યું: કે "માત્ર ગરમ પાણીમાં નહાવું એનું નામ '**લિપ**' અને જે અગ્નિથી એ પાણી ગરમ થયું છે તે અગ્નીમાં એક કલાક પડી રહેવું તેનું નામ **લપ**."

રાજકુમારે '**લપ**'ની રીતે નાહવાની આજ્ઞા આપી. આજ્ઞા મળતાંજ **નાજુક અંગ** ઉકળતાં પાણીમાં કૂદી પડયો અને એક કલાક તેમાં તરતો તરતો ફર્યો. પછી તેને લાત મારી તળાવનુ તળીયું તોડી નાખ્યું અને અગ્નિમાં કૂદી પડયો. ત્યાં એક કલાક રહ્યા બાદ તે બહાર નીકળ્યો. તેનાં એ કામને જોઇને લોકો ઘણા ખુશ થયા.

પછી રાજકુમારે **કમનજર**ને કહ્યુ:"મિત્ર! જરા આજુ બાજુ ચારે તરફ જુઓ આ **સોદાગરજાદી**ની બહેન હમણાં કયાં છે?"

કમ નજરે ચારે બાજુ નજર ફેરવીને કહ્યું: "અહીંથી ઉત્તર દિશામાં પાંચ હજાર ગાઉ દૂર એક સુંદર બાગમાં તે હમણાં બેઠી છે."

એ સાંભળીને રાજકુમારે **ગુટીયાદેવ**ને તેને લઈ આવવાની આજ્ઞા આપી. **ગુટીયાદેવ** એકદમ ઉઠયો અને **સોદાગર**ની પુત્રીની બહેન પાસે જઇને બોલ્યો: "ચાલો, તમારી બહેન તમને બોલાવે છે."

તેણે કહ્યું: "જરા કાંઈ ખાઈ લ્યો પછી આપણે જઇએ." **ગુટીયો** બેઠો અને પેલીએ **આપેલી** વસ્તુઓ ખાવા લાગ્યો. પણ તે ખોરાકમાં કેફી વસ્તુ મેળવેલી હોવાથી **ગુટીયાદેવ** એકદમ ઉંઘી ગયો.

જ્યારે કલાકો વીતી ગયા અને **ગુટીયોદેવ** ન આવ્યો ત્યારે રાજકુમારને ચિન્તા થવા લાગી. સાંજ પડવાને માત્ર એક કલાકનીજ વાર હતી. રાજકુમાર સમજ્યો કે હવે આપણું આવી બન્યું. એટલામાંજ **સોદાગરની** પુત્રીએ કહ્યું 'રાજકુમાર! તમે હારી ગયા; માટે સરત પ્રમાણે સજા ભોગવવા તૈયાર થઇ જાઓ."

રાજકુમારે ઉતરેલાં મુખે ઉત્તર આપ્યો કે "નહીં હજુ હું હાર્યો નથી; હજી એક કલાક બાકી છે. એટલા વખતમાં પણ કદાચ મારો મિત્ર આવી પહોંચે એવી મને આશા છે."

હવે રાજકુમારે **કમ નજરને** કહ્યું: "મિત્ર જરા જુઓને **ગુટીયોદેવ** ક્યાં છે?"

તેણે જોઇને કહ્યું; "અરે તે બેવકુફ તો એક ઝાડ નીચે સૂઇ રહ્યો છે જરા ઉભા રહો હું તેને જાગૃત કરું છું." એટલું કહીને તેણે એક તીર છોડયુ તે સનનન્ કરતું **ગુટીયાદેવના** કાન પાસે જઇને પડયું. એટલે **ગુટીયોદેવ** આંખો ચોળતો બેઠો થયો, અને **સૂર્ય** અસ્ત થવાને માત્ર એકજ કલાક બાકી રહેલો જોઇને તે **સોદાગરની** પુત્રીની બહેન પાસે જઇને તેણે શાંતપણે કહ્યું: "ચાલો, ચાલો કેટલી વાર?" એમ કહી ઉત્તરની રાહ જોયા વગર **ગુટીયોદેવ** તેને પોતાની ખાંધ ઉપર નાખી ત્યાંથી ઉડયો.

આ બાજુ જલ્લાદ હાથમાં તલવાર લઇને રાજકુમારનું માથું કાપવા તૈયાર થયો હતો, એટલામાં **ગુટીયોદેવ** આવી પહોચ્યો. રાજકુમાર અને તેના સાથીઓ, અને જોનારા લોકો **ગુટીયાદેવના** આવવાથી બહુ ખુશી થયા. ઘડી પહેલાં જે રાજકુમારનાં મોતની ઘડીઓ ગણાતી હતી, તેનાંજ તે પછી સોદાગરની પુત્રી સાથે મોટી ધામધૂમથી લગ્ન થયાં.

વાર્તા ૩ ૭. —:*:— સાત સોની.

એક શહેરમાં **સાત સોનીઓ** રહેતા હતા. તેઓ પોતાની કારીગીરી માટે બહુ દૂરના દેશો સુધી વખણાતા હતા. તેઓ સર્વે સાથેજ કામ કરતા. એક દિવસ એક **જમીનદાર** કે જે તે નગરથી કેટલેક દૂર રહેતો હતો તેણે એ સાતે **સોનીઓને** પોતાની સ્ત્રીને માટે કેટલાંક ઘરેણાં બનાવવા પોતાને ઘેર બોલાવ્યા. **જમીનદારે** તેઓનો પુષ્કળ સત્કાર કર્યો અને પોતાના મહેલના એક ઓરડામાં તેઓને ઉતારો આપ્યો. તેજ ઓરડામાં એ લોકોને કામ કરવાનું હતું. **જમીનદારની** શીકલ ઘણીજ ભયંકર હતી. તેની એવી શીકલ જોઇને **સોનીઓ** કામ મૂકી નાસી જવાના હતા પણ લાલચને વશ થવાથી તેઓ તેમ કરી શક્યા નહીં. આવતાંની સાથેજ **જમીનદારે** તેઓને કામના પ્રમાણમાં કેટલાક રૂપીઆ અગાઉ આપેલા હોવાથી, અને કામ પૂરૂં થયા બાદ કેટલુંક વધારાનું ઇનામ આપવાનું તેણે વચન આપેલું હોવાથી તેઓ ત્યાંથી જઇ શક્યા નહીં.

ભઠ્ઠી, કોયલા, ફુંકણી, વિગેરે જરૂરી વસ્તુઓ તે ઓરડામાં મૂક્યા પછી **જમીનદાર સોનીઓને** એક બીજા નાના ઓરડામાં લઇ ગયો. તેમાં એક પલંગ બીછાવેલો હતો અને તેની પાસે એક **બકરી** બાંધેલી હતી. તે ઓરડો બતાવી **જમીનદારે સોનીઓને** કહ્યું: "આપણે જે ઓરડામાંથી આવ્યા તે તમારે કામ કરવા માટે છે, અને આ ઓરડો તમારે સુવાને માટે છે. આ પલંગ પણ તમારે સૂવાને માટેજ અહીં બીછાવેલો છે. તમને કાંઈ પણ ખાવાનું આપવામાં આવશે નહીં. પણ પેલા ખૂણામાં જે બકરી બાંધેલી છે તેનું દૂધ પીજો. તમે એથી ભૂખે મરશો નહીં. એ બકરી એટલુ દૂધ આપે છે કે તમે સાતે એનાં દૂધથી ધરાઇ જશો. એ ઉપરાંત એનું દૂધ એટલું બધું સરસ છે કે સારામાં સારી રસોઈ પણ એની

બરાબરી કરી શકતી નથી એ દૂધમાં ગુણ પણ ભલા ભલા છે. એ દૂધ શરીરને પુષ્ટ અને બુદ્ધિને તીવ્ર બનાવે છે. પણ એટલું યાદ રાખજો કે તમને જે કામ સોંપવામાં આવ્યું છે તે તમારે સાત દિવસમાંજ કરવાનું છે. જાઓ હવે તમે કામ કરવા માંડો.,'

જમીનદારના આવાં વર્તનથી સોનીઓ નારાજ તો થયા.પણલાલચને વશ થઈ તેમણે કામ કરવા માંડયુ. એક દિવસમાં તેઓએ એટલું કામ કર્યું કે સાત દિવસમાં તે કામ પૂરૂ થઇ જશે એવી તેઓને ખાત્રી થઇ. કામથી પરવારી સાંજે તેઓ સૂવાના ઓરડામાં ગયા અને બકરીને દોહી દૂધ પીધું. દૂધ પીધા પછી તેઓને જણાયું કે જમીનદારે જે વાત દૂધના સંબંધમાં કહી હતી તે ખરી હતી તેઓએ પોતાની આખી જીંદગીમાં કદી પણ એવું સુગંધી અને સ્વાદવાળુ દૂધ પીધું નહોતું. દૂધ પીતાંજ તેઓના ચિત્ત એટલાં પ્રસન્ન થયા કે તેઓ ઉંઘથી ઘેરાવા લાગ્યા. તેઓ સૂવાને માટે પલંગ પર ગયા પણ તે પર છજ જણાથી સુઇ શકાય તેમ હતું. તેથી છ જણા પલંગ ઉપર સૂતા અને એક ભોંયપર નીચે સૂતો.

જ્યારે બરાબર મધ્યરાત્રિ થઈ ત્યારે નીચે સૂતેલા સોનીનાં પગનાં તળીઆં પેલી બકરી ચાટવા લાગી.થોડા વખતમાંજ તે બકરી સોનીનું સર્વ લોહી ચૂસી ગઇ અને તે સોની ચું કે ચાં કાંઇ પણ કર્યા વગરજ મરણ પામ્યો ! તેના મરણ સમયે વિજળીના જેવો કડાકો થયો અને ઓરડો લીલા રંગના પ્રકાશથી ઝગઝગી રહ્યો તે વખતેજ પેલો જમીનદાર ત્યાં નીકળી આવ્યો. અને આવતાની સાથેજ તેણે બકરીને પૂછ્યું ! કેમ "બ્હેન તને આનંદ થયો ? તારી ભૂખ મટી કે નહીં ?"

બકરીએ ઉત્તર આપ્યોઃ-" ભાઇ રાક્ષસ ! જ્યાં સુધી તું મને પુરૂષનું લોહી પાય છે ત્યાં સુધી મારી ભૂખ કેમ ન મટે ?"

તરતજ બીજો કડાકો થયો અને તે સાથે જમીનદાર અને મરેલા સોનીની લાશ ત્યાંથી કોણ જાણે ક્યાં જતી રહી. પણ પેલા પલંગપર સુતેલા છ જણા આ બનાવથી બીલકુલ બેખબર રહ્યા.

બીજે દિવસે સવારમાં પોતાનામાંથી એક માણસને ઓછો થયેલો જોઇ સોનીઓને ઘણી નવાઇ લાગી. તેઓએ પેલાની પુષ્કળ તપાસ કરી પણ ક્યાંય પત્તો લાગ્યો નહીં. છેવટે તેઓ પોતાને કામે વળગ્યા પણ તેઓનાં મનમાં જુદી જુદી જાતના વ્હેમો આવવા લાગ્યા. એટલામાં ત્યાં જમીનદાર આવ્યો અને બોલ્યો. "એક દિવસ તો જતો રહ્યો. હવે માત્ર છજ દિવસ બાકી રહ્યા છે. યાદ રાખજો કે એ છ દિવસમાં તમારે તમારૂં કામ પૂરૂં કરવાનું છે."

સોનીઓ તનતોડ મહેનત કરી કામ કરવા લાગ્યા. પરન્તુ એક માણસ ઓછો થવાથી તેઓ પહેલા દિવસના જેટલું કામ કરી શક્યા નહીં. તોપણ તેઓને આશા હતી કે ઠરાવેલા વખતમાં આપણે આપણું કામ પૂરૂં કરીશું. તેઓએ બિચારાઓએ રાત પડતાં સુધી કામ કર્યું. વચમાં અર્ધી ઘડી આરામ પણ લીધો નહીં.

અન્તે જ્યારે રાત ઘણી ગઈ અને ભૂખ પણ લાગી ત્યારે તેઓ કામપરથી ઉઠી બકરી દોહવા લાગ્યા. દૂધ પીતાંજ તેઓને ઉંઘ આવવા લાગી એટલે તેઓ પલંગપર સુવા ગયા. પરંતુ તેઓને એ જોઇને ઘણી નવાઈ લાગી કે તે પલંગ આજે વધારે નાનો થઇ ગયો હતો; એટલે તેનાપર પાંચ માણસથીજ સુઇ શકાય તેમ હતું તેથી આજે પણ એક જણને જમીનપર સુવું પડ્યું. સુતાંની સાથેજ સર્વ ઉંઘી ગયા. જ્યારે અર્ધી રાત્રિ થઇ ત્યારે જમીનપર સુતેલા સોનીનાં પગનાં તળીઆં પેલી બકરીએ ચાટવા માંડ્યાં. થોડીવારમાંજ તે લોહી વગરનો મૂડદું થઇને

પડયો ! ત્યાર પછી પહેલા દિવસની માફક જમીનદાર નીકળ્યો અને બકરી સાથે તેજ સવાલ જવાબ કરી મૂકદું અને તે બન્ને ગેપ થઇ ગયાં.

સવારમાં જ્યારે સોનીઓ જાગ્યા ત્યારે તેઓને જણાવ્યું કે આજ પણ આપણે એક મિત્ર ગુમાવ્યો છે. બહુ તપાસને અંતે પણ તેનો કશો પત્તો લાગ્યો નહીં. પરંતુ તેઓ કામે લાગ્યા પણ પોતાના બે મિત્રો એવી વિચિત્ર રીતે ખોવાઇ જવાઈ જવાથી તેઓનાં હૃદયમાં બીક પેશી ગઈ. તેઓ કાંઈક લોભ અને કાંઇક જમીનદારના ડરથી કામને પણ છોડી શકતા નહોતા. આખો દહાડો કામ કર્યા કીધું. પણ આગલા દિવસ જેટલું તેઓ કામ કરી શકયા નહીં. રાતના જ્યારે પલંગપર સુવા ગયા ત્યારે તેઓને જણાવ્યુ કે આજે પલંગપર ચારજ માણુસ સુઈ શકે એટલો તે નાનો થઇ ગયો છે. તે રાતે પણ તેમાંથી એક ગુમ થયો. એ પ્રમાણે દરરોજ એક માણુસ ગુમ થઇ જતો. છઠે દિવસે બેજ માણુસો રહ્યા. તે બન્ને જણાએ એવી યુકિત રચી કે આજે આપણે એક બીજાની ચોટલીને ગાંઠ વાળીને સુઈ જવું, કે જેથી એક ગુમ થઇ જાય કે તરતજ બીજાને ખબર પડે.

તે રાત્રે જ્યારે તેઓ સુવા ગયા ત્યારે એકજ માણુસ સુઈ શકે એવડો પલંગ થઇ ગયો હતો. એક માણુસ પલંગપર સૂતો અને બીજો તેની ચોટલી સાથે પોતાની ચોટલીની ગાંઠ વાળી જમીન પર સૂતો. દરરોજની માફક બકરીએ નીચે સુતેલા માણુસનાં પગનાં તળીઆં ચાટી તેને મારી નાખ્યો. અને થોડીવારમાં જમીનદાર આવી મરેલા સોનીને લઇને અદ્રસ્ય થઈ ગયો. પણ જ્યારે નીચે પડેલાં સોનીનાં તળીઆં બકરીએ ચાટવા માંડયાં હતા ત્યારે પલંગપર સુતેલા સોનીની ચોટલીમાં કાંઇક વેદના થતી હતી. તેથી તેણે પડયા પડયા તે રાતનો ભયંકર દેખાવ જોયો. જ્યારે તેને ખબર પડી કે જે મહેલમાં હું કામ કરૂં છું તે મહેલ

માણસ ખાનાર રાક્ષસનો છે ત્યારે તે ભયથી થરથર ધ્રુજવા લાગ્યો. સંવાર થતાંજ કુદરતી હાજતને બહાને તે મહેલમાંથી નીકળી મૂઠીઓવાળીને નાઠો. તેના નાસવાની ખબર તુરતજ બકરીને થઈ. જેથી તેણે સુન્દર સ્ત્રીનું રૂપ ધારણું કર્યું, અને તે સોનીની પાછળ; "મારા વ્હાલા સ્વામી ! મને ક્યાં મૂકી જાઓ છો ?" એમ બૂમ મારતી દોડી. પરન્તુ સોનીને તો તે કપટી સ્ત્રીની માયાની સર્વ ખબર હોવાથી તે વધારે ઉતાવળથી દોડવા લાગ્યો. દોડતાં દોડતાં તે એક વડનાં ઝાડ પાસે આવી પહોંચ્યો. તે ઝાડ નીચે એક શિવજીની મૂર્તિ હતી. સોની બીકથી ઝાડની ઉપર જઈને બેઠો અને નમ્ર ભાવે શિવજીની પ્રાર્થના કરવા લાગ્યો; "હે શિવજી ! હે ભૂતનાથ ! મારૂં રક્ષણ કરો; આ દુષ્ટ સ્ત્રીથી મને બચાવો."

ભગવાન શંકરે તેની પ્રાર્થના સાંભળી: હવે પેલી સ્ત્રી રૂપધારી રાક્ષણીએ ઝાડપર ચડવા ખુબ મહેનત કરી પણ તે ઝાડપર ચઢી શકી નહીં. તે નીચે બેઠી અને રોતાં રોતાં સોનીને કહેવા લાગી; "હે સ્વામીનાથ ! તમે ઘણાજ નિર્દય છો. તમે મને શા માટે મુકીને ચાલ્યા જાઓ છો ? નીચે આવો. હું તમારી પાસે જરૂર આવત પણ આવડાં મોટાં ઝાડપર ચઢતાં મને ડર લાગે છે. માટે વ્હાલા ! હવે માની જાઓ અને નીચે ઉતરો !" આમ કાલાવાલા કરતી તે સ્ત્રીએ પોતાના બાલ છોડી નાખ્યા, કપડાં ફાડી નાખ્યા અને રડી રડીને આખુ જંગલ ગજાવી મૂક્યું.

કર્મ સંજોગે એ વખતે એક રાજા શિકાર કરતો ત્યાં આવી પહોંચ્યો. તે રાજાએ રૂપ રૂપની ધામ સરીખી તે સ્ત્રીને ઝાડ નીચે બેસી રડતી જોઈને પૂછ્યું: "સુન્દરી ! તું શા માટે રડે છે ?" એટલે તે સ્ત્રીએ પોતાનું રડવાનું કારણ જણાવ્યું.

રડવાનું કારણ જાણી તે રાજાએ ઝાડની ટોચે બેઠેલા સોનીને કહ્યું: "ભાઈ ! તું આવી સુન્દર સ્ત્રી સાથે આવી ખરાબ રીતે કેમ વર્તે છે ? નીચે ઉતરી અને ઘેર લઈ જા."

સાચી વાત કહેવાથી સોની ડર્યો તેથી તે બોલ્યો: "શ્રીમાન! હું એને આજથી ત્યાગી દઉં છું. એની સાથે મારે કોઈ પણ પ્રકારનો હવે સબંધ નથી. તમારી મરજી હોય તો ખુશીથી એને લઇ જાઓ."

રાજાને તો 'ભાવતુ" તું'ને વૈદ્યે કહ્યું: એવું થયું તેણે કહ્યું: "હું મારી પ્રજા પાસેથી કોઈ પણ વસ્તુ મફત લેતો નથી. માટે એની કીમત તરીકે તું આ **બે લાખ** રૂપીઆની કીમતનો હીરાનો હાર લે, સોનીએ ઉત્તર આપ્યો: "ઠીક; એ **હાર** તમે નીચે મૂકી દો. મેં સોગન્દ ખાધા છે કે જ્યાં સુધી એ સ્ત્રી અહીંથી જશે નહીં ત્યાં સુધી હું નીચે ઉતરીશ નહીં."

રાજાએ તે હાર ઝાડ નીચે મૂકી દીધો અને તે સુન્દર સ્ત્રીને ઘોડા ઉપર બેસાડી ત્યાંથી ચાલતો થયો. ઘેર જઈ રાજાએ તેની સાથે ઘણી ધામધૂમથી લગ્ન કર્યું.

આ રાજા પોતાના એક ઘોડાને, એક કુતરાને, અને એક પુત્રને ઘણોજ ચાહતો હતો. એક દિવસ રાક્ષણી તે રાજાના વ્હાલા ઘોડાને મારી નાખી ખાઈ ગઇ! અને રાત્રે ઘોડાના હાડકાં બીજી રાણીઓના મહેલમાં ફેંકી દીધાં. બીજે દિવસે રાજા પોતાના વ્હાલા ઘોડાને ન જોવાથી ઘણો દુઃખી થયો. તેણે નવી રાણી (રાક્ષણી) પાસે જઈને કહ્યું: "મારો માનીતો ઘોડો કોણ જાણે કયાં જતો રહ્યો છે?"

નવી રાણીએ કહ્યું: "બીજી રાણીઓના મહેલમાં તપાસ કરાવો."

રાજાને બીજી સાત રાણીઓ હતી તેના મહેલોમાં રાજાએ તપાસ કરી તો પોતાના વ્હાલા ઘોડાનાં હાડકાં ત્યાંથી મળી આવ્યાં. આથી રાજા સાતે રાણીઓ ઉપર બહુ ગુસ્સે થયો અને તેઓનું અપમાન કરવામાં કાંઈ બાકી રાખ્યું નહીં. રાણીઓએ પોતાની નિર્દોષતા સાબીત કરવા માંડી પણ રાજાએ તેઓનું કાંઇ પણ સાંભળ્યું નહીં.

બીજે દિવસે રાજાનો વ્હાલો કુતરો ગુમ થઇ ગયો, અને ત્રીજે દિવસે રાજાનો પ્યારો પુત્ર પણ કોણ જાણે ક્યાં ખોવાઈ ગયો. તેનો પત્તોજ લાગ્યો નહી. સાતે રાણીઓના ઉપરજ એ દોષ પણ ઢોળવામાં આવ્યો. હવે રાજાનાં ક્રોધની હદ ન રહી, તેણે રાણીઓને ગરદન મારવા હુકમ કર્યો; પરન્તુ પ્રધાને કહ્યું: "સર્વ રાણીઓ ગર્ભવતી હોવાથી તેઓને મારી શકાય નહીં." એટલે તેઓના જીવ તો બચ્યા પણ એક અન્ધારા ભોંયરામાં તે સાતે રાણીઓને પૂરાવી દીધી.

અભાગી રાણીઓ અંધકારવાળા ભોંયરામાં કેદી તરીકે પડી પડી ભૂખથી પીડાવા લાગી. એટલામાં સર્વથી મોટી રાણીને પુત્ર જન્મ્યો; પણ ભૂખના દુઃખે પુત્ર ઉત્પન્ન થતાંજ તેના સાત ભાગ કરી સાતે રાણીઓ ખાઇ ગઇ! કેટલાક દિવસો તે બાળકના માંસ પર ટકી, પછી બીજી રાણીને પુત્ર થયો. તેની પણ પહેલાંના બાળક જેવીજ દશા થઇ. એ પ્રમાણે છ રાણીઓએ પુત્રો જણ્યા અને તે સર્વને સર્વ રાણીઓ ખાઈ ગઈ! જ્યારે સાતમી રાણીને પુત્ર અવતર્યો, ત્યારે બીજી રાણીઓએ તેને કહ્યું: "લાવો આ બાળકને પણ મારી ખાઇએ એનાં માંસથીએ કેટલાક દિવસો નીકળી જશે"

એ સાંભળીને તેણે ઉત્તર આપ્યો: "બ્હેનો! હું મારા પુત્રને મારીશ નહીં. તમે તમારા બાળકોના માંસના છ ટૂકડા મને આપ્યા હતા, તેને હું અડકી પણ નથી તે મેં અનામત રહેવા દીધા છે. તમે તે ખાઇ જાઓ પણ મારા પુત્રને મારશો નહીં."

રાણીઓની વાતચીત ત્યાં શિવ-પાર્વતી અદ્રશ્ય ઉભાં ઉભાં સાંભળતાં હતાં. તે રાણીનો પુત્ર-પ્રેમ જોઈને ઘણાં ખુશી થયાં. સાતમી રાણીના પિતાનું રૂપ લઇને શિવજીએ રાણી પાસે જઇને કહ્યું: "પુત્રી! મેં તારાં દુઃખની વાત જાણી હતી પણ વખત ન મળી શકવાથી

જલદી હું તારી પાસે આવી શકયો નહીં. માટે હવે તું ગભરાઈશ નહીં. આજથી તમો સાતે રાણીઓ માટે દરરોજ ઉત્તમ ભોજનની થાળો ત્યાં આવ્યા કરશે; તમને હવે બીજા કોઇપણ પ્રકારનું દુ:ખ પડશે નહી." એટલું કહીને શિવજી ભોંયરામાંથી અલોપ થયા. એ પછી રાણીઓને છાની રીતે દરરોજ પેટ ભરીને ઉત્તમ ખાવાનું મળવા લાગ્યું.

શિવજીના ખોરાકથી રાજકુમાર એક વર્ષમાંજ વીસ વર્ષના જેવડો મોટો થઈ ગયો. એક દિવસ તેણે પોતાની માને પૂછ્યું: "માતા! મારા પિતા, કાકા વિગેરે કોઇ છે કે નહીં? અને છે તો તે ક્યાં છે?"

રાણીએ રડીને કહ્યું: "બેટા! તારો બાપ તો છે. પણ તેણે હમારી આ સ્થીતી કરી છે વીગેરે સઘળી વાત કહી કહ્યું કે મારા પિતા હજી જીવે છે. અને તેજ આપણને હમેશ ખાવાનું પૂરૂં પાડે છે."

એ સાંભળીને રાજકુમારે કહ્યું: "મા, મને આજ્ઞા આપો તો હું આ અન્ધારા ભોંયરામાંથી નીકળી મારા દાદાને મળું." રાણીએ તેને પહેલાં તો બહુ ના કહ્યું પણ આખરે રડતાં રડતાં કુંવરને વિદાય કર્યો.

શોધતાં શોધતાં રાજકુમાર પોતાના દાદાને ત્યાં પહોંચ્યો, અને પોતાની ઓળખ આપી દાદો તેને મળીને ખૂબ આનંદ પામ્યો તેણે રાજકુમારને કહ્યું: "ભાઈ! મારે લાયકનું કાંઇ કામ હોય તો બતાવો. હું તમારે માટે પ્રાણ સુદ્ધાં આપવા તૈયાર છું."

રાજકુમારે કહ્યું. "મારે માટે લાકડાંનો એક એવો ઘોડો કરાવો કે તે મારા હુકમ પ્રમાણે આકાશમાં ઉડી શકે અને જમીનપર દોડી શકે. તુર્તજ તેણે તેવો ઘોડો તૈયાર કરાવ્યો એટલે તેપર બેસીને તે પોતાના બાપના મહેલ તરફ ગયો.

એ વખતે રાજા દરબાર ભરીને બેઠો હતો. રાજકુમારે દરબારમાં જઈ કંઇ નોકરીને માટે અરજ કરી. તેનું રૂપ અને મજબૂત બાંધો જોઇને

રાજા ખુશ થયો અનેતુર્તજ તેને નવી રાણી (રાક્ષણી)ના મહેલપર જમાદાર તરીકે મૂક્યો. તે પોતાના લાકડા ઘોડા ઉપર બેસી ચારે બાજુ ફરવા લાગ્યો. તેનાં રૂંગરૂપે થોડા વખતમાં ઘણાંનાં મન હરી લીધાં. રાક્ષણીએ પણ તેને બારીમાંથી એક દિવસ ધ્યાન પૂર્વક જોયો. જોતાંજ તેને તે ઓળખી ગઇ. તે જાણી ગઇ કે રાજકુમાર અને રાજાની આકૃતિ ઘણે ભાગે સરખીજ છે તેથી જરૂર એ રાજાનોજ પુત્રજ છે અને ભોંયરામાંજ ઉત્પન્ન થયો છે.હવે તેનું કાશળ કાઢવા તે રાણીએ–શાંજનાં પોતાના સર્વ લૂગડાં ઘરેણાં ઉતારી નાખ્યા અને ફાટયાં તુટયાં કપડાં પહેરી સ્ત્રી ચરીત્ર કરી રીસાઇ બેઠી. રાજાએ મહેલમાં આવી રાણીને રીસાયલી જોઇ ત્યારે રાજા બહુજ બીધો. અને નમ્રતાથી રાણીને રીસાવાનું કારણ પૂછ્યું પહેલાં તો તે બોલીજ નહીં પણ જ્યારે રાજાએ ખૂબ કાલાવાલા કર્યા ત્યારે તેણે કહ્યું. "શું તમે એમ સમજો છો કે હું કાંઇ સમજતી નથી. મને હમણાંને હમણાં મારા પિતાને ત્યાં મોકલી દો. મારે મારા પિતાને મળવું છે. હમણાંજ કોઇને મોકલી મારા પીતાના સમાચાર મગાવો,અને તે સાથે ગાતું પાણી,અને વનસ્પતિ ચોખા– જેનું ઝાડ ચાલીસ ગજ ઉંચું થાય છે અને જેમાંથી પાકા ચોખા નીકળે છે તે–એ બન્ને વસ્તુઓ મને હમણાંજ મંગાવી આપો. અને જો નહીં મંગાવી આપતા હો તો હું આ ચાલી. જો તમે મને ચાહતાજ હો તો મારા મહેલે જે નવો જમાદાર તમે હમણાં મૂક્યો છે તેનેજ આ કામને માટે મોકલી આપો."

રાણીની ઇચ્છા પૂરી કરવાનું રાજાએ વચન આપ્યું. ત્યાર પછી રાજકુમારને બોલાવી રાજાએ કહ્યું."વીર યુવક ! હમણાંજ અહીંથી જાઓ અને ગાતું પાણી વનસ્પતિ–ચોખા અને રાણીના પિતાની ખબરઅંતર એટલું લઇને જલદી આવો. રાણીનો આ કાગળ છે. તે રાણીના પિતાને આપી દેજો."

તરતજ પોતાના લાકડાના ઘોડા ઉપર બેસી રાજકુમાર રાક્ષસોના શહેર તરફ રવાના થયો. જતાં જતાં મહિના પછી તે એક ઘાડાં જંગલમાં પહોંચ્યો. ત્યાં તેણે પગે ચાલવા માંડયું. થોડેક દૂર ગયો, એટલે તેને એક **વાઘ** મળ્યો. તેને જોઇને રાજકુમાર ડર્યો તો ખરો. પણ હિમ્મત રાખી તેની પાસે જઇને કહ્યું: ' **મામા, રામ, રામ,** કેમ સારા તો છો ને ?"

વાઘના મનમાં એમ હતું કે આજ સારૂં સારૂં ખાવાનું મળશે પણ તેણે જાણ્યું કે એતો મારો **ભાણેજ** થાય છે ત્યારે મન વાળીને બેઠો. અને મીઠા જબ્હોમાં રાજકુમાનો સત્કાર કરતાં તેણે કહ્યું: "આવ ભાઇ આવ, બહુ દિવસે આવ્યો છે માટે તારી **મામી**ને મળતો જા."

રાજકુમાર **વાઘણ**ને મળ્યો તેણે પણ એનો સારો સત્કાર કર્યો, ત્યાર પછી રાજકુમારે આગળ ચાલવા માંડયુ. રસ્તામાં તેને ઘણાં ભયંકર જનાવરો મળ્યા તેમાં કોઇને તેણે **મામા,** તો કોઇને **કાકા,** તો કોઇને **ભાઇ,** એવી રીતે સર્વને સગા બનાવી તે જંગલ બ્હાર નીકળ્યો જંગલની બહાર નીકળતાંજ તેણે એક ઝુંપડી જોઈ તેમાં જઇને તેણે જોયું તો ત્યાં એક **યોગી** સમાધી લગાવીને બેઠેલો તેની નજરે પડેયો, આથી તે યોગીની સામે હાથ જોડીને ઉભો રહ્યો. થોડીવાર પછી યોગીએ પોતાની આંખો ઉઘાડી એટલે રાજકુમારે યોગીનાં ખોળામાં માથુ મૂકીને કહ્યું "**મહાત્મા!** મદદ કરો. મને બતાવો કે **ગાતું પાણી** અને **વનસ્પતિ–ચોખા** ક્યાં મળે છે ? અને રાણીનો પિતા જેનાં નામનો આ પત્ર છે તે ક્યાં રહે છે ?"

યોગીએ ઉત્તર આપ્યો: "ભલા મુસાફર આજે તમે અહીં રોકાઇ જાઓ આવતી કાલે હું તમને સર્વ બતાવીશ."

રાજકુમાર ત્યા રહ્યો. રાતના જ્યારે રાજકુમાર ઉંઘી ગયો ત્યારે યોગીએ તેનાં ખીસ્સામાંથી રાજાએ આપેલો કાગળ કાઢયો અને તેની

મહોર ઉખેડી ધૂણીના અજવાળામાં તે વાચવાં લાગ્યો.તે કાગળ નીચે પ્રમાણે લખેલો હતો:-

"ભાઇ! તમને આ કાગળ લાવનાર મળે કે તરતજ એને મારીને ખાઇ જજો. લી. **તમારી વ્હાલી બહેન બકરી રૂપી રાક્ષણી.**

યોગીએ તે પત્રને ધૂણીમાં નાખી બાળી મૂકયો અને એક બીજો પત્ર નીચે પ્રમાણે લખ્યો:-

"**ભાઈ!** આ પત્ર લાવનારો મારો પુત્ર અને તમારો ભાણેજ છે. એનો ખૂબ આદર સત્કાર કરજો. જ્યારે એ પાછો આવે ત્યારે એની સાથે ગાતું પાણી અને વનસ્પતિ-ચોખા મોકલશો. લી. **તમારી બહેન બકરી રૂપ રાક્ષણી"**

ઉપરનો પત્ર યોગીએ રાજકુમારના ગજવામાં મૂકયો. સવારે તે જાગ્યો ત્યારે યોગીએ તેને સઘળી વાતથી વાકેફ કરી રાક્ષસનાં શહેરનો રસ્તો બતાવીને કહ્યું: "જ્યારે તમારૂં કામ પૂરૂં થાય અને તમે પાછા ફરો ત્યારે રાક્ષસોના મહેલમાં જેટલાં હાડકાં હોય તેમાનું એક પણ ત્યાં ન રહેવા દેતાં બધાંજ સાથેજ લાં લેતા આવજો."

યોગીને પ્રણામ કરીને રાજકુમારે ચાલવા માંડયું. ઘણાં દુઃખો સહન કરીને આખરે તે રાક્ષસોના મહેલમા પહોંચ્યો. જે મહેલમાં સાત સોનીઓને કામ કરવા બોલાવ્યા હતા તેજ એ મહેલ હતો. એ મહેલમાં હમણાં પણ તેજ જમીનદાર (રાક્ષસ) રહેતો હતો ત્યાં જઇ રાજકુમારે રાણીનો કાગળ તેને આપ્યો. તે વાંચી તે ઘણોજ ખુશી થયો અને રાજકુમારને પોતાનો ભાણેજ સમજી તેની સાથે પ્રેમાળપણે વર્તવા લાગ્યો. એ જમીનદાર માણસ નહોતો પણ રાક્ષસનો રાજા હતો. ત્યાર પછી રાક્ષસ રાજકુમારને પોતાની મા પાસે લઈ ગયો, તે બહુજ કદરૂપી અને ઘરડી હતી. તે રાજકુમારને જોઇને ઘણીજ આનંદ પામી. રાજકુમાર તેનીજ સાથેજ રહેવા લાગ્યો. એક દિવસ રાજકુમારે કહ્યું: "માં! આાં

મહેલમાંની વિચિત્ર વસ્તુઓ મને બતાવો. મને હંમેશા એવી બીક રહે છે કે તમારા જીવનુ કોઈ વખતે જોખમ થાય માટે મને એ પણ જણાવી રાખો કે તમારૂં મોત શાથી નીપજે?"

ડોશીએ કહ્યું: "અમારા પ્રાણને માટે તારે જરા પણ ચિન્તા કરવી નહીં. અમે તો રાક્ષસ લોક! અમે મોતથી કદી પણ ડરતા નથી મારી સાથે આવ, હું તને સર્વ બતાવું." એમ કહીને રાજકુમારને તે એક મોટા ઓરડામાં લઇ ગઈ. તે ઓરડામાં અસંખ્ય પક્ષીઓ પાંજરામાં પૂરેલાં હતાં. પોપટ, મોર, કબૂતર, ચકલી, બુલબુલ, મરઘાં વિગેરે પક્ષીઓ ત્યાં હતાં.

તે પક્ષીઓને બતાવી ડોશીએ કહ્યું. "કુમાર! આ પક્ષીઓમાં અમારા પ્રાણ રહે છે જ્યાં સુધી એ જીવતાં રહેશે ત્યાં સુધી અમે જીવતાં રહીશું.જુઓ આ કાળી ચકલીમાં મારો પ્રાણ છે,પેલા ખૂણામાં જે મરઘો છે તેમાં તારા મામાના પ્રાણ છે, અને આ મરઘીમાં તારી મા એટલે રાણીનો પ્રાણ છે."

રાજકુમારે પૂછ્યું. "મા! "ગાતું પાણી અને વનસ્પતિ-ચોખા" ક્યાં છે?"

એ સાંભળીને ડોશી રાજકુમારને એક બીજા ઓરડામાં લઈ ગઇ. ત્યાં એક બાટલીમાં ચોકખુ પાણી ભરેલું હતું અને તેમાંથી મધુર રાગ નીકળતો હતો. તેને બતાવી ડોશીએ કહ્યું. "જો આ ગાતું પાણી છે." ત્યાર પછી ડોશી તેને એક બાગમાં લઇ ગઈ અને એક લાંબું ઝાડ બતાવીને બોલી જો. "આ વનસ્પતિ-ચોખાનું ઝાડ છે."

બધા ભેદો જાણીને રાજકુમાર ખુશ થયો. ત્યાર પછી ડોશીએ તેને બીજા ઓરડા પણ બતાવ્યા. કોઈ ઓરડામાં હીરા, કોઇમાં માણેક

કોઇમાં સોનું, કોઇમાં ચાંદી વિગેરે કિમતી વસ્તુઓ ભરેલી હતી; એક ઓરડામાં રાક્ષસોએ મારી ખાધેલાં માણસનાં હાડકાં પણ ભરેલાં હતાં.

એક દિવસ સર્વ રાક્ષસો ઉજાણી કરવા ગયા. રાજકુમારને આથી પોતાનું કાર્ય સાધવાનો અવસર મળ્યો આથી તુર્તજ તે પક્ષીઓવાળા ઓરાડમાં ગયો અને એક પછી એક સર્વ પક્ષીઓને મારી નાખવા લાગ્યા, થોડીવારમાં મરઘી સિવાય સર્વ પક્ષીઓને તેણે મારી નાંખ્યાં,

આટલુ કામ કરી તે બ્હાર આવ્યો તો તેણે જોયું કે–મહેલના દરવાજા સામે રાક્ષસો અને રાક્ષણીઓની લાશોનો મોટો ઢગલો થયો છે. ત્યાર પછી રાજકુમાર ગાતા પાણીની બાટલી અને વનસ્પતિ–ચોખાના ઝાડની એક ડાળી, અને જીવતી રાખેલી મરઘી અને રાક્ષસોએ મારી ખાધેલાં માણસનાં હાડકાં એ સર્વ લઇને યોગી પાસે આવ્યો. રાજકુમારને ક્ષેમકુશળ પાછો આવેલો જોઇને યોગી ઘણો રાજી થયો તેણે હાડકાં ઉપર ગાતું–પાણી છાંટયું એટલે સર્વ માણસો જીવતા થયા. એ સર્વમાં જે છ સોનાને બકરીએ મારી નાખ્યા હતા તે પણ હતા, યોગીને જોતાંજ સોનીઓએ તેને ઓળખ્યો, તે યોગી તો સાતમો સોની હતો. ત્યાર પછી યોગીએ પોતાની તપશ્ચર્યા અને રાજકુમારના ગજવામાંનો કાગળ બદલ્યો હતો તે વિગેરે સર્વ વાત રાજકુમારને અને બધાંને કહી સંભળાવી.

ત્યાર પછી યાગીએ રાજકુમારને તે કોનો પુત્ર છે. રાણી (રાક્ષસણી) એજ તેને મોતના મ્હોંમાં મોકલ્યો હતો. અને પોતાની તથા સાવકી માતાઓને કેટલું દુઃખ સહન કરવું પડયું વિગેરે હકીકત જણાવી. અને છેવટે કહ્યું: "હવે રાણીનું મોત નજીક આવી રહ્યું છે. ચાલો આપણે રાજાની પાસે જઇએ અને સર્વ હકીકતથી તેને વાકેફ કરીએ.

સાતે સોની, ગાતું પાણી, વનસ્પતિ–ચોખાનાં ઝાડની ડાળી અને મરઘીને સાથે લઇને રાજકુમાર રવાના થયો. રસ્તામાં જતી વખતે

મળેલાં સર્વ જનાવરો તેને પાછાં મળ્યાં તેઓ રાજકુમારને જોઇને આનંદ પામ્યાં. અને તેઓએ પોતપોતાનું એકેક બચ્ચું રાજકુમારને ભેટ આપ્યું. ત્યાર પછી જંગલ વટાવી, લાકડાના ઘોડા પર બેસી, સર્વે રાજાનાં શહેર તરફ રવાના થયા.

રાજાના શહેરની પાસે પહોંચતાંજ રાજકુમારે પોતાનો વેશ બદલી નાખ્યો. હવે તે ખરેખરો મદારી દેખાવા લાગ્યો. **સાતે સોની** અને સર્વ પ્રાણીઓ સાથે તે રાજાના દરબારમાં ગયો અને રાજાને નમન કરીને તેણે કહ્યું. "મહારાજ! તમારૂં નામ સાંભળીને હું બહુ દૂરથી આવ્યો છું. હું મદારી છું અને બહુ સરસ ખેલો કરૂં છું આજ્ઞા હોય તો કાંઈક બતાવું."

રાજાએ આજ્ઞા આપી-પ્રેક્ષકોથી દરબાર ખીચોખીચ ભરાઈ ગયો. રાજકુમારે સર્વ જાનવરો પાસે જુદી જુદી જાતની રમતો કરાવી. અને તેમાં દરબારીઓએ તેને ઘણો ધન્યવાદ આપ્યો. ત્યાર પછી વનસ્પતિ-ચોખાના ઝાડની એક ડાળી જમીનમાં રોપી દીધી એટલે તેનું એક મોટું ઝાડ બની ગયું એટલુંજ નહીં પણ તેમાંથી નીકળેલા ચોખા સર્વેને ખાવા આપ્યા તે એવા સરસ લાગ્યા કે સર્વે તેનાંજ વખાણ કરવા લાગ્યા. ત્યાર પછી ગાતાં પાણીની બાટલીમાંથી થોડુંક પાણી હોજમાં રેડ્યું એટલે આખો મહેલ રાગ-રાગણિઓથી ગુંજી ઉઠયો. એ પ્રમાણે સાત દિવસ ખેલ તમાસા કરી છેલ્લે દિવસે રાજકુમારે રાજાને કહ્યું: "હવે મારો છેલો ખેલ મરઘીનાં નાચનો બાકી છે તે બતાવીશ."

રાજકુમારે મરઘીને નાચવાનો હુકમ કર્યો. મરઘી નાચવા લાગી એટલે (રાક્ષસણી) રાણી મહેલમાંથી દોડતી આવી દરબારમાં સર્વની રૂબરૂ નાચવા લાગી. એ જોઇને રાજા ભય પામ્યો પણ ચુપચુપ બેસી રહ્યો. પછી રાજકુમારે મરઘીનો એક પગ તોડી નાખ્યો એટલે રાણીનો

પણ એક પગ ભાંગી પડયો, પરન્તુ બેમાંથી એકેયનો નાચ બંધ થયો નહીં, ત્યારે રાજકુમારે મરઘીની એક પાંખ તોડી નાંખી એટલે રાણીનો એક હાથ તુટી પડયો તો પણ નાચ બન્ધ થયો નહી. છેવટે રાજકુમારે મરઘીનું ડોકુ મરડી નાંખ્યુ એટલે રાણી પણ શબ થઈને નીચે પડી. પડતાંજ તેનું રૂપ બદલાઈ ગયું. જેટલી તે સુંદર હતી તેટલીજ તે કદરૂપી બની ગઈ. તેનું શરીર ચાલીસ ગજ લાંબું થયુ. એવા રૂપમાં રાણીને જોતાંજ સર્વે બૂમ મારી ઉઠયા: "અરે આ કોણ છે ? આ કોણ છે ?"

હવે મદારીરૂપ રાજકુમારે આગળ આવીને ઉત્તર આપ્યો; "એ **રાક્ષસી** છે. એણેજ આ રાજ્યને માટીમાં મેળવવાની તૈયારી કરી રાખી હતી."

ત્યાર પછી રાજકુમાર થોડા વખતને માટે ત્યાંથી બહાર ચાલ્યો ગયો.

હવે બીજો દેખાવ રજુ થયો. **સાતે સોની**, સાતે રાણીઓ અને સાતે રાજકુમારોને સાથે લઇને રાજાની સામે આવીને બોલ્યા; "આ આપની સાતે રાણીઓ છે અને આ સાત તેના પુત્રો છે. એઓએ બહુ દુ:ખ વેઠયું છે. હવે એને સુખી કરો. ત્યાર પછી યોગી સ્વરૂપ સોનીએ રાજકુમારની અને રાણીઓની સર્વ હકીકત સંભળાવી.

રાજા અને તમામ પ્રજા આ બનાવથી અત્યંત આનંદ પામ્યાં. ઘોડો, કુતરો અને રાજકુમાર કે જેઓને પણ રાક્ષસીએ મારી ખાધા હતાં તેઓ પણ ગાતાં પાણીથી જીવતા થયા એટલે શહેરમાં આનંદ આનંદ થઈ રહ્યો.

વાર્તા ૪ થી. —:*:— રાજા વિક્રમ અને યોગી.

ઉજ્જન નગરીનો રાજા **વિક્રમ** મહા પ્રતાપી હતો. તેના રાજ્યમાં **વાઘ ને બકરી** એકજ ઓવારે પાણી પીતાં હતાં. તે વેષ બદલી પોતના રાજ્યમાં ફર્યા કરતો કારણકે એથી પ્રજાની સ્થિતિ તે જાણી શકતો અને ન્યાય પણ ખરો કરી શકતો.

એક વાર એક **યોગી વિક્રમ**ના રાજ્યમાં આવ્યો અને રાજધાનીની પાસેજ વહેતી **ક્ષીપ્રા** નદીને પેલે પાર રહેવા લાગ્યો. ત્યાં તેણે એક નાની સરખી મઢૂલી બનાવી, તેમાં ધૂણી સળગાવી દેવતા વચ્ચે બેસી રહેવા લાગ્યો. આખા શહેરમાં યોગીનાં તપની ખબર ફેલાઇ ગઈ. લોકોનાં ટોળે ટોળાં તેના દર્શન અને પૂજા કરવા આવવા લાગ્યાં. ઘણા માણસો તો તેના ચેલાઓ પણ થયા. એ ચેલાઓની સખ્યા દિવસે દિવસે વધવા લાગી. રાજાને પણ યોગી આવ્યાની ખબર થઇ. રાજાને એવો વ્હેમ આવ્યો કે એ યોગી નથી પણ કોઈ કપટી આ વેષમાં રહીને મારી વિરૂદ્ધ કાંઈ કાવત્રુ રચે છે. ખરી હકીકત જાણવા માટે એક રાત્રે રાજા વેષ બદલી નદીને પેલે પાર ગયો અને ચુપચુપ યોગીની મઢૂલીના એક ખૂણામાં સંતાઈ તેની ચર્ચા જોવા લાગ્યો.

તે મઢૂલીનો દેખાવ જોઇને રાજા ભયથી થર થર કમ્પવા લાગ્યો. તેણે જોયું કે દેવતામાંથી મોટી મોટી ઝાળ નીકળતી હતી, તેની વચમાં યોગી બેઠો હતો તેની સામે એક લાશ ચત્તી પડેલી હતી અને તેના પર એક માણસ બેઠો હતો. એ માણસને રાજા સારી રીતે ઓળખતો હતો. કેટલોક વખત પહેલાં તે રાજાનો પ્રધાન હતો, પરન્તુ કોઇક ગુન્હાને માટે તેને નોકરીમાંથી કાઢી મૂકયો હતો. તે લાશની છાતી પર બેઠો બેઠો કાંઈ ભણી રહ્યો હતો. વચ્ચે વચ્ચે તે લાલ ચંદનમાં રગદોળેલાં ફુલ,

વેલાનાં પાંદડાં અને કપૂર વિગેરે લાશનાં મ્હોંમાં મૂકતો હતો એક કલાક સુધી એ પ્રમાણે કર્યાં બાદ તેણે જોરથી તે લાશને કહ્યું: "બેટા! બોલો."

વિક્રમે જોયું કે લાશ બોલતી નથી પણ તેના હોઠ હાલી રહ્યા છે. ત્યારે તો રાજા બહુજ ડર્યો. પ્રધાન ફરી પાછો બોલ્યો: "બોલો, બેટા! બોલો! દુષ્ટ રાજા સાથે વેર વાળવા મ્હારા વ્હાલા પુત્ર! તારૂં મેં માતા કાળીને બલિદાન આપી દીધું છે. બોલો, પુત્ર! બોલો." તો પણ લાશે માત્ર હોઠજ હલાવ્યા ને કાંઈ પણ જવાબ આપ્યો નહીં.

લાશ જ્યારે ન બોલી એટલે યોગીએ પ્રધાનને કહ્યું: "બચ્ચા! જરા થોભ. મને જણાય છે કે આ મઢૂલીમાં કોઈક છે તેથી દેવી ઉત્તર આપતી નથી. જરા વાર થોભીને યોગીએ કહ્યું: "જે કોઈ આ મઢૂલીમાં હોય તે કુતરો બની જાય." તે એ પ્રમાણે ત્રણ વાર બોલ્યો, વિક્રમે મઢૂલીની બહાર નીકળવા ઘણુંએ ફાંફાં માર્યાં પણ તે પોતાની જગ્યાએથી હાલી પણ શકયો નહીં, યોગીના ત્રીજી વારનાં બોલવાથી રાજા કુતરો બની ગયો. અને તેજ મઢૂલીમાં રહ્યો.

સવાર થવા છતાં પણ જ્યારે રાજા મહેલમાં આવ્યો નહીં, ત્યારે પ્રધાનોને ખૂબ ચિન્તા થવા લાગી. પરન્તુ પ્રજામાં અશાન્તિ ફેલાઈ જાય એટલા માટે તેઓએ એમ જાહેર કર્યું કે, "રાજા માંદા હોવાથી કેટલાક દિવસ સુધી દરબારમાં આવશે નહીં."

પ્રધાનોએ રાજાને શોધવા ચારે બાજુ દૂતો મોકલ્યા પરન્તુ રાજાનો કોઈ પણ જગ્યાએ પત્તો લાગ્યો નહીં, ત્યારે તેઓ રાજ્ય-જોષી વરાહ મિહિરની પાસે ગયા અને રાજા ક્યાં છે એવો તેને પ્રશ્ન પૂછયો. વરાહ મિહિરે ગણત્રી કરીને રાજાનાં રૂપ બદલાઈ જવાની તેમજ તે હાલ યોગી પાસે છે તે હકીકત જણાવી અને તે સાથે એ પણ જણાવ્યું કે; 'યોગી મોટો જાદુગર છે. તેના પંજામાંથી રાજાને છોડવવો એ ઘણુંજ મુશ્કેલ

છે. તે રાજાનો પાકકો શત્રુ છે. જો રાજા વિક્રમની ચાર વીરો રક્ષા ન કરતા હોત તો યોગી ક્યારનોયે તેને મારી નાખત. તે વીરોએ હમણાં તો રાજાનું રક્ષણ કર્યું છે પણ જ્યારે એ યોગી પોતાનું અનુષ્ઠાન પૂરું કરશે ત્યારે તે વીરો શક્તિ વગરના થઈ જશે. અને ત્યારે યોગી સામે તેઓનું કશું પણ ચાલશે નહીં. આવતી પૂનમના બીજે દીવસે યોગીનું અનુષ્ટાન પૂરું થશે. એટલા માટે રાજાને મુક્ત કરવાના જે ઉપાયો કરવા હોય તે જલદીથી કરવા જોઇએ."

એ સાંભળી પ્રધાનો વરાહ મિહિરને ત્યાંથી વિદાય થયા, એટલે વરાહ મિહિરે રાજાને છોડવવાનો ઉપાય શોધવા માંડયો. શોધતાં શોધતાં તેને એક ઉપાય જડી આવ્યો. વરાહ મિહિરને બે પુત્રો હતા. બન્ને એકકી વખતેજ જન્મ્યા હતા. તે ઘણાજ સુન્દર તેમજ એકજ આકાર અને એકજ સ્વરૂપના હતા. તે બન્ને પુત્રોને પાસે બોલાવી રાજાની દુર્દશા કહી સંભળાવી તેને કહ્યું; "પુત્રો ! આપણે રાજાનું જન્મથી તે આજ સુધી નિમક ખાધું છે. આજે એ ઉપકારનો બદલો વાળવાનો સમય આવી પહોંચ્યો છે. રાજાને બચાવવો એ આપણી ફરજ છે. એ ફરજ બજાવતાં કદાચ આપણા પ્રાણ પણ જાય ! મેં એને માટે એક ઉપાય શોધી કાઢયો છે. પણ તે ઘણોજ ભયંકર છે. તમે એ ઉપાયને અનુસરીને કામ કરવા તૈયાર છો ?"

બન્ને પુત્રોએ સાથેજ ઉત્તર આપ્યો, "પિતાજી ! અમે આપની તેમજ રાજાજીની આજ્ઞા પાળવાને ક્યારે તૈયાર હોતા નથી ? અમને આજ્ઞા ફરમાવો. જીવના જોખમે પણ અમે તે આજ્ઞા પાળીશું."

પછી જોષી વરાહ મિહિર બન્ને પુત્રોને નદીને પેલે પાર લઇ ગયો અને યોગીની મઢુલી બતાવી બોલ્યો; "જુઓ ! પેલી જાદુગરની મઢૂલી છે. એનાં બારણામાં એક કાળો કુતરો બેસી રહે છે તેજ કુતરો

આપણો રાજા છે. હું તમો બન્નેને હરણાં બનાવી દઉં છું. એ રૂપમાં તમે ત્યાં જઈ કુતરાને ગમે તેમ કરી નદીને આ પાર નસાડી લાવજો. યોગીનું મંત્રબળ નદીના વચલા ભાગ સુધીજ ચાલે છે. એટલા માટે કુતરાને લાવતી વખતે તમે બહુજ ઉતાવળથી દોડજો. નદીનો મધ્ય ભાગ વટાવ્યા પછી યોગી તમને કાંઇ પણ કરી શકશે નહી ! પણ યાદ રાખજો કે નદીના મધ્ય ભાગની પેલી બાજુ તમે હશો ત્યાં સુધી તમારૂં જીવન યોગીને આધીન રહેશે." એ પ્રમાણે સમજાવીને જોષીએ (વરાહ મિહિરે) પોતાના બન્ને પુત્રોને સુન્દર હરણા બનાવી દીધાં.

બન્ને હરણાં નદી ઉતરીને ઝુંપડીને દરવાજે પહોંચ્યાં. તેઓને જોતાંજ કુતરો એકદમ ઘુરકીને તેઓ તરફ દોડયો એટલે હરણો તુર્તજ ત્યાંથી નાસી નદીમાં કુદી પડયાં. કુતરો પણ તેની પાછળ નદીમાં પડયો. કુતરાના ભસવાના અવાજથી યોગીનું ધ્યાન તે તરફ ખેંચાયું. તેણે કુતરા તથા હરણો તરફ જોયું. પહેલાં તો તેને કાંઈ પણ વહેમ આવ્યો નહીં, પણ પાછળથી તેને માલમ પડયું કે આ હરણો નથી પણ માણસ છે. એ જાણુતાંની સાથેજ હરણોની આંખો ફોડી નાખવા તે સમડો થઇને ઉડયો. રાજા વીક્રમના ચારે વીરો યોગીના મનનો ભાવ તુરત જાણી ગયા. તેથી તેઓએ પુષ્કળ આંધી ચલાવી એટલે સમડાની નજરથી હરણો ઘણે દૂર નાસી ગયાં. કુતરો અને હરણાં નદીના મધ્ય ભાગમાં પહોંચવાની તૈયારીમાં હતાં એટલામાં સમડાએ હરણને જોયાં કે તુર્તજ તેણે આગળનાં હરણુપર હુમલો કર્યો. અને તેની એક આંખ ચાંચ વતી ફોડી નાખી. બીજી આંખ તે ફોડવાની તૈયારીમાં હતો પણ એટલામાં તે ત્રણે પ્રાણીઓ નદીનો મધ્ય ભાગ વટાવી આ પાર આવતાં રહ્યાં ! એટલે સમડો કાંઇ પણ કરી શકયો નહીં.

નદીને આ પાર આવતાંની સાથેજ વરાહ મિહિરે ત્રણે જણુને અસલ સ્વરૂપમાં ફેરવી નાખ્યા. જોષીના એક પુત્રની એક આંખ ફુટવાથી

સર્વને દુઃખ થયું. પણ રાજાના છૂટવાથી સર્વને ઘણોજ આનંદ થયો. રાજાએ પણ પોતાનો જીવ બચાવનારનો અત્યંત આભાર માની તેને કેટલીક જાગીરો ઈનામમાં આપી.

આ બાજુ યોગીના ચેલાની સંખ્યા રોજ વધવા લાગી. એક દિવસ ચારે વીરોએ આવીને રાજાને કહ્યું: "મહારાજ ! સાવચેત રહેજો. થોડા દિવસ પછી યોગીના બળ આગળ અમે તમોને કાંઈ પણ મદદ કરી શકીશું નહીં."

એ સાંભળીને રાજાએ વરાહમિહિરને બોલાવ્યો અને તેને સલાહ પૂછી. ગણત્રી કરીને તેણે કહ્યું: "મહારાજ ! યોગી સામે મારાથી ટકી શકાય તેમ નથી. તે તેર વિદ્યાઓ જાણે છે અને હું તો માત્ર ત્રણજ જાણું છું. પરન્તુ હું એટલું જાણું છું કે આખી દુનીયામાં એ યોગીથી વધારે વિદ્યા જાણનાર ચીનના રાજાની પુત્રી સિવાય બીજું કોઈ નથી. તે ચૌદ વિદ્યા જાણે છે એટલે તેજ તમને બચાવી શકશે. માટે જો તમે તેની સાથે લગ્ન કરી શકો તો પછી યોગી તમને કાંઇ પણ કરી શકશે નહીં."

રાજાએ તુરતજ પોતાના પ્રધાનોને બોલાવી રાજ્યનો ભાર તેઓને સોંપી પોતે પોતાના દરિયાઇ ઘોડા પર સ્વાર થઇને તે ચીન જવા નીકળી પડયો.

જતાં જતાં જ્યારે બહુ દિવસો વીતી ગયા ત્યારે રાજાએ એક રસ્તે જતા માણસને પૂછ્યું: "ભાઇ આ કોનું રાજ્ય છે ?"

પેલાએ નવાઇ પામીને કહ્યું: "ભાઈ શું તમે એટલું પણ જાણતા નથી કે આ રાજ્ય મહાપ્રતાપી પરદુઃખભંજન રાજા વિક્રમનું છે."

એવી રીતે તેણે જ્યાં જ્યાં પૂછ્યું ત્યાં ત્યાં તેને એજ ઉત્તર મળ્યો. આથી તેણે વિચાર કર્યો: "આવાં વિશાળ રાજ્યને યોગીના કબજામાં ન જવા દેવું જોઇએ એને આપણાજ વંશમાં રાખવું જોઈએ."

કેટલાક મહીના પછી વિક્રમે પોતાનાં મોટાં વિસ્તારવાળાં રાજ્યની સરહદ વટાવી ચીનનાં રાજ્યમાં પ્રવેશ કર્યો. સાંજને સમયે તે રાજધાનીના શહેરના દરવાજા નજીક પહોંચ્યો. તેણે શહેર બહારજ એક બાગમાં મુકામ કર્યો. અને પોતાના ઘોડાને ઝાડ સાથે બાંધી તે સુઇ ગયો. ખૂબ થાકી જવાથી તે સૂતાંની સાથેજ તે ઘસઘસાટ ઉંઘી ગયો.

વિક્રમનાં કમનશીબે ચોરોનું એક ટોળું તે સૂતો હતો ત્યાંથી નીકળ્યું. ત્યાં બાંધેલા દરિયાઇ ઘોડાને જોઇને તેઓ ઘણા ખુશ થયા. તેઓ તેને સાથે લઇ જવા માટે માંહોમાંહે વાત કરવા લાગ્યા. "શુકન સારા થયા, આજે જરૂર પુષ્કળ માલ હાથમાં આવશે. ચોરોના સરદારે ઠરાવ કર્યો કે જે માલ આજે મળશે તેના બરાબર હિસ્સા કરી એક હિસ્સો ઘોડાને પણ આપીશું. આમ નક્કી કરી, તેજ ઘોડા પર બેસી તેઓ ચીનના રાજાના ખજાનામાંજ ચોરી કરવા ગયા ત્યાં પુષ્કળ માલ તેઓએ મેળવ્યો. પછી તેઓએ તેના ભાગ પાડયા. ઘોડાને જે બાગમાં બાંધેલો હતો ત્યાં આવી પાછો ઘોડાને તેજ ઝાડ સાથે બાંધી દીધો અને ઘોડાને ગળે ઘોડાના ભાગનો એક **નવલખી હાર** પહેરાવી તે ચોરો ત્યાંથી ચાલ્યા ગયા.

સવાર થતાંજ રાજ્યભંડારમાં થયલી ચોરીની બુમ પડી. રાજાનાં માણસો ચોરીની તપાસમાં ચારે બાજુ નીકળી પડયા. કેટલાક માણસો રાજા વિક્રમ જ્યાં સૂતો હતો ત્યાં આવ્યા. તેના ઘોડાના ગળામાં હાર જોઇને રાજાનેજ ચોર સમજી તેના હાથ પગ બાંધી ઘોડા સહિત તેને ચીનના રાજાની પાસે લઈ ગયા. વિક્રમ ધારતે તો પોતાનું નામ બતાવી છૂટો થઇ શકત પણ તેણે તેમ કરવાનું બાજબી ધાર્યું નહીં. ચીનના રાજાએ વિક્રમને ગુન્હેગાર ગણી તેના હાથ પગ કાપી નાખી એક ખુલ્લાં મેદાનમાં ફેંકી દેવાનો જલ્લાદોને હુકમ કર્યો.

રાજાની આજ્ઞાનો તુર્તજ અમલ કરવામાં આવ્યો. દર્દ અને લોહીનાં વહેવાથી વિક્રમ બેશુદ્ધ થઇ ગયો ! આખો દહાડો તે ત્યાંજ પડી રહ્યો. કોઇએ તેના પર દયા પણ આણી નહીં. જ્યારે રાત્રી પડી ત્યારે એક ઘાંચી ત્યાંથી નીકળ્યો. આવાં સુન્દર જુવાનની ખરાબ દશા જોઇને તેને બહુ દુ:ખ થયું. ને તેની પાસે ગયો અને તેના ઘા પર પાટા બાંધ્યા અને ધીરેથી ઉંચકીને તેને પોતાને ઘેર લઇ ગયો. ઘાંચીની સ્ત્રી કર્કશા હતી વિક્રમને જોતાંજ તે પોતાના સ્વામીને કહેવા લાગી. " તમે મૂર્ખ છો. તમે આ શુ કર્યું ? શું તમને ખબર નથી કે એ રાજાનો અપરાધી છે ? જો રાજા જાણશે તો આપણને ઘાંણીમાં ઘાલી પીલાવી નાખશે. માટે જાઓ એ જ્યાં પડયો હતો ત્યાં એને પાછો મૂકી આવો. "

ઘાંચીએ કહ્યું. "હું એને જાણી જોઇને લાવ્યો છું જે થવાનું હશે તે થશે મેં તો એને ધર્મનો પુત્ર ગણ્યો છે એટલે હવે પાછો નહીં મૂકી આવું. હું હવે સ્વાર્થી બનીને એને કોઈ પણ જાતનું દુ ખ થવા દઇશ નહી માટે એના ઘા'પર ચોપડવાને કાંઇ મલમ બનાવી લાવ."

લાચાર બનીને ઘાંચણે વિક્રમના ઘા'પર મલમ લગાવી પાટા બાંધ્યા અને તેની ચાકરી કરવા લાગી. થોડા દિવસમાંજ રાજા વિક્રમના ઘા રૂઝાયા, અને શરીરમાં શક્તિ પણ આવી. તદ્દન નિરોગી થયા પછી રાજા વિક્રમ ઘાણી પર રોજ બેસતો અને બેઠો બેઠો બળદને હાંક્યા કરતો. ઘાંચીની કૃપાથી વિક્રમને ખાવા પીવાનું તેમ બીજી કોઇ પણ જાતનું દુ:ખ નહોતું.

એક દિવસ વિક્રમને પુષ્કળ મેલો જોઇને ઘાંચીએ પોતાની સ્ત્રીને કહ્યું. "આજે આપણા ધર્મ પુત્રને નવડાવીએ."

વિક્રમ બોલી ઉઠયો. "પિતાજી ! હું એમ સ્નાન કરીશ નહીં. તમે મને અહીંની રાજકુમારીના નહાવાના તળાવ પર લઈ જાઓ તો હું તેમાં નહાઇશ. "

એ સાંભળીને ઘાંચણે બરાડ મારીને કહ્યું. "અરે તારા સાત પૂર્વજ નીચે ઉતરે તો પણ તું ત્યાં નહાઈ શકીશ નહી. આજ સુધીમાં કોઇ પણ પુરૂષનો પગ તે તળાવના કિનારે પડયો નથી."

ઘાંચીએ શાંત મને ઉત્તર આપ્યોઃ"કાંઈ ફીકર નહીં હું એની ઇચ્છા જરૂર પૂરી કરીશ. એ મારો પુત્ર છે. શું હુ મારા પુત્રની ઇચ્છાને પૂરી ન કરૂં ?"

અન્ધારૂં થતાંજ પોતાના ખભાપર વિક્રમને બેસાડી ઘાંચી રાજ-કુમારીનાં તળાવ પર લઈ ગયો. તે વખતે ત્યાં કોઇ પણ પહેરેગીર નહોતો. વિક્રમે ઘાંચીને કહ્યું: "પિતાજી ! હવે તમે અહીંથી ચાલ્યા જાઓ. બરાબર મધ્યરાત્રિએ આવજો પછી આપણે સાથે ઘેર જઈશું ઘાંચી ગયો તો ખરો પણ તેનાં મનમાં એવી ચિન્તા પેદા થઈ કે રખે મારા પુત્રને કોઇ પહેરેગીર પકડી દુઃખ આપશે.

ઘાંચીના જવા પછી વિક્રમ તળાવમાં ઉતર્યો. સારી રીતે સ્નાન કર્યાં બાદ કપડાં પહેરીને તે પૂજા કરવા બેઠો. તેણે ત્રણ કલાક પૂજા કરી. ત્યાર પછી તેણે મધુર સ્વરથી દીપક રાગ ગાવા માંડયો. એ દીપક રાગ વિક્રમેજ બનાવ્યો હતો અને તે એકલોજ એ રાગ જાણતો હતો. તેથી વાયુ અને અગ્નિ વિક્રમના તાબામાં હતા. દીપક રાગ ગાતાંની સાથેજ આખા શહેરમાં બૂઝાયલા દીવાઓ એની મેળે સળગી ઉઠયા. એવો દેખાવ જોઇને શહેરના લોકોને ઘણીજ નવાઈ લાગી. જેમ જેમ દીપક રાગનો મધુર અવાજ નીકળતો હતો તેમ તેમ દીવાઓનો પ્રકાશ પણ વધતો જતો હતો. અવાજ ઓછો થતાંજ દીવાઓ ઝાંખા થવા લાગ્યા. અને રાગ ગવાતો બન્ધ થતાંજ શહેરમાં પાછું અંધારૂં થઈ ગયું. જ્યારે દીવા સળગ્યા ત્યારે ચીનની રાજકુમારીની ઉંઘ ઉડી ગઈ તે એ અજબ દેખાવને જોતાંજ સમજી ગઇ કે આ કામ રાજા વિક્રમ

સિવાય કોઈ કરી શકે નહીં. આ બનાવથી રાજકુમારી ઘણીજ ખુશી થઇ તેના મનમાં એવી ઈચ્છા હતી કે હું જગપ્રસિદ્ધ રાજા **વિક્રમ**નાં દર્શન કરૂં અને તેની સાથે પરણું. રાજકુમારીને પોતાની વિદ્યાના બળથી જણાયુ કે રાજા **વિક્રમ** અહી આવ્યો છે અને કોઈ ઘાંચીને ત્યાં રહે છે. એથી વધારે તે કાંઈ પણ જાણી શકી નહીં.

અર્ધી રાત થતાંજ ઘાંચી બાગમાં આવ્યો અને રાજા **વિક્રમ**ને ઉચકીને પોતાને ઘેર લઈ ગયો. સૂર્યોદય થઈ ચૂકયો હતો પણ રાતના જાગ્રણને લીધે ઘાંચી હજી સૂઈજ રહ્યો હતો એટલામાં કેટલાક સરકારી અમલદારોએ આવીને તેને જગાડયો અને કહ્યું: "ચાલો, તમને રાજકુમારી બોલાવે છે."

એ સાંભળતાંજ જાણે ઘાંચી ઉપર વિજળી પડી હોય તેવો તે થઇ ગયો હતો. તે સમજ્યો કે રાતના બાગમાં જવાની વાત જાહેર થઈ ગઈ છે. તે ડરતો કંપતો રાજકુમારી પાસે ગયો. તો ત્યાં તેણે આખા શહેરના ઘાંચીઓને હાથ પગ જોડીને ઉભેલા જોયા. આથી ઘાંચીના જીવમાં જીવ આવ્યો. સર્વ ઘાંચીઓ હાજર થયા બાદ અમલદારોએ રાજકુમારીને કહ્યું: "સર્વ ઘાંચીઓ હાજર છે."

સર્વ ઘાંચી તરફ મ્હોં કરીને રાજકુમારીએ કહ્યું: "જુઓ ઘાંચીઓ! કાલે સવારે છ વાગ્યા સુધીમાં દરેક ઘાંચી મારે ત્યાં એક **લાખ મણ** તેલ મોકલે. જે એ ઠરાવેલા વખત સુધીમાં લાખ મણ તેલ નહીં મોકલશે તેને તેનાં કુટુંબ સહિત ઘાણીમાં પીલી નાખવામાં આવશે." એટલું કહીને તેણે સર્વને રજા આપી. ઘાંચીઓ રાજકુમારીના આવા અત્યાચારી હુકમને માટે રોતા કકળતા પોતાને ઘેર ગયા.

આપણો ઘાંચી પણ ઘણો ચિન્તાતુર બનીને ઘેર ગયો. ઘાંચણે તેને કહ્યું: "જો હું નહોતી કહેતી કે આ ઠુંઠાને (**વિક્રમ**ને) ઘરમાં ન

રાખો. આપણા ઉપર કોઇ પણ પ્રકારનું દુ;ખ આવી પડશે. હવે ક્યાંથી એટલું બધું તેલ મળશે ? કાલે તમે રાજકુમારીને શું જવાબ આપશો ?" એટલું કહીને ઘાંચણ ધ્રુસ્કે ધ્રુસ્કે રડવા લાગી. તે દિવસે ઘરમાં કોઇએ ચુલો પણ સળગાવ્યો નહીં. બિચારો વિક્રમ પણ આખો દહાડો ભૂખ્યો ઘાણી પર બેસી રહ્યો. સાંજે પોતાના ધર્મપિતાને બોલાવી વિક્રમે પૂછ્યું. "આજે એવું શું થયું છે કે ઘરમાં ચૂલો પણ સળગાવ્યો નથી ?"

ઘાંચીએ રડતાં રડતાં બધી હકીકત રહી સંભળાવી એટલે વિક્રમે કહ્યું. પિતાજી ! જો મરવુજ હોય તો મરદોની માફક કેમ ન મરીએ ? ભૂખે શા માટે મરીએ ? ભૂખે મરવુ એ એક જાતની નામરદાઇ છે. માટે ઉઠો અને રસોઇનો બદોબસ્ત કરાવો.

ત્યાર પછી રસોઇ થઈ અને આજે આપણાં જીવનનો છેલ્લો દિવસ છે એમ સમજી તેઓએ ખાધું અને પછી ઘાંચી અને ઘાંચણ પોતાના ભાગ્યને દોષ દેતાં એક ખુણામાં પડી રહ્યાં. ઘણા વખત સુધી તેઓને ઉંઘ આવી નહીં પણ પછી તેઓ મોડી રાતે ઉંઘી ગયાં.

તેઓને સૂતેલાં જોઇને વિક્રમે ભેરવી રાગ ધીમે ધીમે ગાવા માંડયો. રાગ ગાતાંજ તેના વીરો પ્રગટ થઈ હથ જોડીને બોલ્યા– "હે અગ્નિ કુળભૂષણ ! આ પ્રમાણે તમે તમારાં પરાક્રમને ક્યાં સુધી છૂપાવી રાખશો ? ક્યાં સુધી તમે આવી દશામાં રહેશો ? કહો, અમને આપે કેમ યાદ કર્યા છે ?"

રાજાએ કહ્યું. "મિત્રો હું હવે આ વેષનો જલદી ત્યાગ કરીશ. આ સમયે મને તમારી મદદની જરૂર છે. માટે એક લાખ મણ તેલ સવાર સુધીમાં તમે ગમે તેમ કરીને લઇ આવો."

એ સાંભળીને વીરો ચાલ્યા ગયા. થોડીવારમાં ઘાંચીનું ઘર અને તેની આજુબાજુની જગ્યા તેલથી ભરેલાં હજારો કાળાં પીપોથી ભરાઇ ગઇ.

સવાર થતાંજ જ્યારે ઘાંચી ઉઠયો અને તેણે તેલનાં **પીપો** જોયાં ત્યારે તેના આનંદનો પાર રહ્યો નહી. ! આનંદમાં આ પીપો કોણુ લાવ્યું અને ક્યાંથી આવ્યાં ? તેનો વિચાર કરવાનું પણુ તેને સૂઝયું નહીં. અને સર્વ ઘાંચીઓના જવા પહેલાંજ તે રાજકુમારીને મહેલે ગયો અને તેને સદેશો કહેવડાવ્યો કે સર્વ તેલ તૈયાર છે.

રાજકુમારીની મતલબ પાર પડી. તે સમજી ગઈ કે રાજા **વિક્રમ** આજ ઘાંચીના ઘરમાં છેઃ કારણુ કે આટલા થોડા વખતમાં આટલું તેલ **વીરો** સિવાય કોઈ પણુ લાવી શકે નહીં. બીજા ઘાંચીઓ પણુ એ વખતે ત્યાં આવી પહોંચ્યા હતા તેણે રાજકુમરીને કહ્યું. " અમે આટલું બધું તેલ આટલા થોડા વખતમાં શી રીતે બનાવી શકીએ ? માટે અમોને માટે થોડીઘણી મુદ્દત મળવી જોઇએ. પણુ સર્વ ઘાંચીઓને રાજકુમારીએ રજા આપી કહ્યું કે હવે તેલની જરૂર નથી. માટે તમે પાછા જાઓ,પણુ આપણા ઘાંચીને થોભાવી તેણે કહ્યું. "જો તું જીવવા માગતો હોય તો કહે કે તેં તારા ઘરમાં કોને રાખ્યો છે ?"

ઘાંચીએ ધ્રુજતાં ધ્રુજતાં કહ્યું. "મારા ઘરમાં મારી સ્ત્રી અને એક ઠુંઠા સિવાય બીજું કોઇ નથી. તે ઠુંઠાને મેં મારો **ધર્મ–પૂત્ર** કરીને રાખ્યો છે.

રાજકુમારી સમજી ગઇ કે એજ રાજા **વિક્રમ** છે. પછી તેણે ઘાંચીને કહ્યું. " જો ! આજથી બે માસ પછી મારા પિતા (ચીનનો રાજા) એક સ્વયંવર કરશે. તેમાં દુનીયાભરના રાજા મહારાજાઓ આવશે. તે દિવસે તું પણુ તારા ધર્મ પુત્ર–ઠુંઠાને લઇને ત્યાં આવજે."

ઘાંચી ઘેર આવ્યો અને પોતાની સ્ત્રીને સ્વયંવરની સર્વ હકીકત કહી. ત્યાર પછી તેણે **વિક્રમને** કહ્યું. "પુત્ર ! તું ઘણોજ ભાગ્યશાળી છે કારણુ કે તને સ્વયંવર જોવાનો મળશે. રાજકુમારીએ આજ્ઞા

આપી છે કે તે દિવસે તારે અને મારે બન્નેએ સ્વયંવરમાં હાજર રહેવું" વિક્રમ સમજી ગયો કે રાજકુમારી મને ઓળખી ગઈ છે.

બે મહિના સુધી શહેરમાં સ્વયંવરની ધામધૂમથી તૈયારી થઈ. છેવટે નક્કી કરેલો દિવસ આવી પહોંચ્યો આખી દુનીયાના રાજાઓ. ત્યાં આવ્યા હતા. મંડપમાં બેઠા બેઠા દરેક રાજા પોતાના ધડકતા હૃદયમાં વિચાર કરતા હતાં કે રાજકુમારી મારાજ ગળાને વરમાળ પહેરાવશે મંડપના એક ખૂણામાં જોનારાઓ સાથે ધાંચી પણ પોતાની ખાંધ ઉપર ઠુંઠાને બેસાડી ઉભો રહ્યો હતો.

છેવટે રાજકુમારી પોતાની બે સખીઓ સાથે સભામંડપમાં આવી. તેની સુન્દરતા જોઇને સર્વની આંખો ઝાંખી થઈ ગઈ. હાથમાં ફૂલની એક માળા લઇને તે ચારે બાજુ જોવા લાગી. તેણે બધે જોયું પણ તે જેને શોધતી હતી તે તેની નજરે પડયો નહીં. પરન્તુ પ્રેમથી ભરેલી આંખોની શોધથી કોણ છૂપું રહી શકે છે? રાજકુમારી શોધની શોધતી ધાંચી પાસે આવી, અને ઘણીજ ગંભીરતાથી હાથમાંની વરમાળ ઠુંઠાના ગળામાં પહેરાવી દીધી. આથી ત્યાં બેઠેલા સર્વ રાજાઓ આશ્ચર્ય અને ક્રોધથી વિહ્વળ થઈ ગયા. **ચી**નના રાજાએ શરમથી નીચું જોયું, પણ સ્વયંવરના નિયમ પ્રમાણે રાજકુમારીને ઠુંઠા સાથે લગ્ન કરવાની રજા આપવી પડી. ધાંચીને ફરમાવવામાં આવ્યું કે ઘણી ધામધૂમથી જાન લઇને આવો **ચી**નના રાજાએ વિચાર કર્યો કે એ બિચારો ધાંચી ક્યાંથી પૈસા લાવશે? તેથી પોતાના ખજાનચીને જાનનો સર્વ બંદોબસ્ત કરવાનો હુકમ ફરમાવ્યો.

ઠુંઠાને ખાંધ પર બેસાડી ધાંચી ઘેર ગયો અને ધાંચણને લગ્નના શુભ સમાચાર કહ્યા. બન્ને મળીને લગ્નની તૈયારી કરવા માંડી પણ વિક્રમે તેઓને કહ્યું: "પિતાજી! તમે તમારે બેસી રહો કોઇ પણ જાતનું દુઃખ વેઠવાની તમારે જરૂર નથી."

ચીનના રાજાના અમલદારો લગ્નનો બંદોબસ્ત કરવા ઘાંચીને ઘેર ગયા તેને પણ રાજા વિક્રમે કાઢી મૂકયા. જ્યારે રાત પડી ત્યારે વિક્રમે ઘાંચીને કહ્યુંઃ "પિતાજી! આજે મને પાછો રાજકુમારીના બાગમાં લઈ જાઓ. ઘાંચી વિક્રમને તે બાગમાં લઇ ગયો. બાગમાં જવા પછી વિક્રમે ઘાંચીને રજા આપી. અને સવારે પાછા આવવાનું કહ્યું. પણ ઘાંચીના હૃદયમાં વ્હેમ આવવાથી તે બાગના એક ખૂણામાં સન્તાઈ બેઠો રાજા વિક્રમે સ્નાન કરી દીપક રાગ ગાવા માંડયો એ સાંભળતાંજ ઘાંચીનું હૃદય હર્ષથી ભરાઇ ગયુ.રાગનો અવાજ ચારે બાજુ ફેલાંતાંજ સર્વ દીવાઓ સળગી ઉઠ્યા. તે વખતે રાજકૂમારી ઉંઘમાંથી જાગી, અને તુર્તજ અપસરાનું રૂપ ધારણ કરી રાજા વિક્રમની પાસે ગઇ. વિક્રમને તેણે સારી રીતે ઓળખ્યો પણ વિક્રમ તેને ઓળખી શક્યો નહીં. રાજકુમારીએ વિક્રમને કહ્યું: "મહારાજ! હું તમારા સગીતથી આનદ પામી છું તમારી મરજીમાં આવે તે મારી પાસે માગી લ્યો."

રાજા વિક્રમે કહ્યું: "અપસરા! મારા કપાયલા હાથ પગને સારા કરો." એ સાંભળતાંજ અપસરા ત્યાંથી ચાલી ગઈ અને થોડી વારમાં પાછી આવી કાપી નાખેલા હાથ પગ તનદુરસ્ત બનાવી પોતાના મહેલમાં જતી રહી.

રાજકુમારીના ગયા પછી વિક્રમે પોતાના ચારે વીરોને બોલાવીને કહ્યું: "તમે મારી બહુ સેવા કરી છે તેને માટે તમારો ઉપકાર માનું છું. પણ—મહેરબાની કરીને હવે એક કામ વધારે કરી આપો. જ્યાં જ્યાં મારૂં લશ્કર છે ત્યાં ત્યાં જાઓ અને તે સર્વને અહીં લઈ આવો. શહેરની ચારે બાજુ તબુઓ ઠોકી દો. ત્યા હજારો હાથી અને ઘોડા સોના ચાંદીના સામાન સાથે લઇ આવો હું અત્યારે જે મકાનમાં રહું છું તેને એક સુંદર મહેલ બનાવી દો. તેમાં કરોડો રૂપીઆનું જવાહીર ઉપરાંત સુન્દર લૂગડાં ઘરેણાં પહેરેલાં હજારો દાસ દાસીઓ હોવાં જોઇએ. આ સર્વ

સવાર થતાં પહેલાં થઇ જવું જોઇએ." **વીરો** એ સાંભળી રાજાને નમન કરી ત્યાંથી ચાલ્યા ગયાં.

બાગના એક ખૂણામાં સન્તાયલો ઘાંચી આ સર્વ જોતો હતો, તે બીકથી થર થર ધ્રુજતો બહાર નીકળ્યો અને રાજાની સામે આવી દંડવત્ પ્રણામ કરી બોલ્યો: "મહારાજ! માફ કરો!"

રાજાએ તેને તુર્તજ બે હાથ પકડી ઉઠાડ્યો અને ઘણીજ નમ્રતાથી તેને કહેવા લાગ્યો: "પિતાજી! તમે મને તમારો પુત્રજ સમજજો. દુ:ખના વખતમાં તમે મારા ઉપર કૃપા કરી છે તે હું કદી પણ ભૂલીશ નહીં. હું તમને સદા પિતા જેવાજ ગણીસ. મારૂં રાજ્ય અને ધન તમારાંજ છે. ચાલો, હવે ઘેર ચાલો સવારની લાલાશ પૂર્વ દિશામાં દેખાવા માંડી છે."

જ્યારે તેઓ બન્ને ઘેર ગયા ત્યારે ઘાંચીને એ જોઇને ઘણીજ નવાઈ લાગી કે એક કલાક પહેલા જે જગ્યા પર ભાગ્યુ તુટ્યુ ઘર હતું ત્યાં એક મોટો મહેલ બની ગયો ગયો છે. તેની ઘાંચણ રાણીઓનાં જેવાં કપડાં તથા દાગીનાં પહેરી સેંકડો દાસીઓ સહીત તેને આવકાર આપવા બહાર નીકળી છે. તેનો સ્વભાવ પણ હવે તદ્દન બદલાયલો હતો. અને તેની મીઠી વાણી માણસને વશ કરે એવી હતી.

સૂર્યોદય થયો અને વીરોએ રાજાની આજ્ઞાનું પાલન પણ કર્યું. **ચીન**ના રાજાની પાસે તુરત એ સમાચાર પહોંચી ગયા કે એક મોટી સેનાએ આખા શહેરને ઘેરી લીધુ છે. સૈન્ય કોનુ છે અને શા માટે આવ્યું છે તેની કોઇને ખબર નહોતી. **ચી**નનો રાજા ઉઘાડે માથે અને ઉઘાડે પગે મ્હોંમાં તરણું લઈ સૈન્યમાં આવ્યો. રાજા **વિ**ક્રમ તો ત્યાં હાજર હતો. તેણે તેનો ઘણો સત્કાર કરી દિલાસો આપી તેનો ભય દૂર કર્યો જ્યારે **ચીન**ના રાજાએ જાણ્યું કે મારી પુત્રીનો પતિ જે ઠુંઠો હતો તે તો **હિ**ન્દુસ્થાનનો **સ**મ્રાટ વિક્રમાદિત્ય છે ત્યારે તેના

આનંદનો પાર રહ્યો નહીં. એ સમાચાર જરા વારમાં આખા શહેરમાં ફેલાઈ ગયા. સ્વયવરમાં જે રાજા મહારાજાઓ ઠુંઠા ઉપરે ક્રોધે ભરાઈ તેને મારી નાખવા તૈયાર થયા હતા તે સર્વ રાજા **વિક્રમ** પાસે દોડયા અને તેના ચરણોમાં પડી માફી માગવા લાગ્યા.

લગ્ન ખૂબ ધામધૂમથી થયાં. રાતના વીરોએ જે એક મોટો મંડપ બનાવ્યો હતો તેમા નાચ જોવાને ઘણા લોકો એકઠા થયા. રાજા **વિક્રમ** અને ચીનની રાજકુમારી એક ઉંચાં આસન પર બેઠાં. નાચની શરૂઆત થતાંજ ચોબદારો એવી ખબર લાવ્યા કેઃ "મંડપની બહાર બાજીગરોનું એક ટાળું ઉભું છે અને તે પોતાના ખેલ બતાવવાની રજા માંગે છે." તેને ખેલ કરવાની રજા આપવામાં આવી. મંડપમાં આવતાંજ **વિક્રમ** ઓળખી ગયો કે એ બાજીગરો બીજા કોઈ નહી પણ મારા શત્રુઓ યોગી, અને કાઢી મૂકેલો પ્રધાનજ છે, એ જોઈ **વિક્રમ** ભયથી પીળો થઈ ગયો, પરન્તુ રાજકુમારીએ ધીમેથી કહ્યુંઃ "બીશો નહી, જુઓ એને એના કર્મનું ફળ હમણાંજ મળશે."

બાજીગરોએ ખેલ કરવાનો આરંભ કર્યો. પ્રધાને પોતાના પુત્રની લાશ પેટીમાંથી કાઢી અને તે તે પર બેઠો. યોગી પણ પોતાના ચારે બાજુ અગ્નિ સળગાવી વચમાં બેઠો. બીજા બાજીગરો ઢોલ અને મંજીરા વગાડવા લાગ્યા, થોડી વાર પછી લાશ અને પ્રધાન બન્ને આકાશમાં ગુપ્ત થઈ ગયાં. અને પછી એમ જણાવા લાગ્યું કે આકાશમાં જાણે બે માણુસો લડે છે. ત્યાર પછી ઉપરથી એક હાથ નીચે પડયો, પછી બીજો પડયો, પછી એક પગ પછી બીજો પગ એ પ્રમાણે શરીરના તમામ અવયવો એક પછી એક જમીન પર આવીને પડયા. ત્યાર પછી પ્રધાન આવ્યો અને બોલ્યો; "શ્રીમાનો ! તમે જોયું કે આ લાશના ટૂકડે ટૂકડા થઇ ગયા છે. જો જો હવે હું એ લાશને પાછી જીવતી કરૂં છું." એમ કહીને

તેણે લાશના શરીરના સર્વ ભાગો જ્યાંના ત્યાં ગોઠવી દીધા એટલે યોગીએ પ્રધાનને પોતાના ધૂણીમાંથી ચપટી રાખ આપી. જ્યાં તે રાખ લાશ પર છાંટી કે તુર્તજ તે મુડદુ જીવતુ થયું અને ઉભું થઇને બોલ્યું. "પિતાજી! મને ખાવાનું આપો હું ઘણોજ ભૂખ્યો છું."

પ્રધાને વિક્રમ તરફ આંગળી બતાવીને કહ્યું. "તું સિંહ બની જા, અને અમારા આ શત્રુને ફાડી ખા!"

તુર્તજ તે માણસનો સિંહ બની ગયો. અને રાજા વિક્રમ તરફ ધસ્યો. કે તુર્તજ રાજકુમારીએ હાથ હલાવ્યો એટલે તે સિંહ પાછો હટી ગયો. પછી યોગીના કાંઇ કરવાથી તે પ્રથમ પ્રધાન ઉપર તુટી પડી તેના કકડે કકડા કરી મંડપમાંથી નાસી ગયો. પોતાના સાથીની દુર્દશા જોઇને યોગી અગ્નિમાંથી નાકળ્યો અને નાસવા લાગ્યો એટલે રાજકુમારીએ પાછો હાથ હલાવ્યો. એટલે તે એક પણ ડગલું આગળ ભરી શક્યો નહીં. રાજકુમારીએ તેને લલકારી ક્રોધથી કહ્યું; "દુષ્ટ જાદુગર! તે તારી મહાન શક્તિનો જગતનું ભલું કરવાને બદલે આવાં નીચ કામમાં ઉપયોગ કર્યો છે પણ તારો અહંકાર આજે તુટી ગયો છે. એનાથી વધારે શિક્ષા તને કઇ કરૂં? જા! પશુ અને પક્ષીની માફક જ્ઞાન વગરનો બનીને દુનીયામાં ફર્યા કરજે." એમ કહીને તેણે ફરી એક વાર હાથ હલાવ્યો એટલે યોગી ગાંડાની માફક આમ તેમ જોતો જ્ઞાનશુન્ય બનીને બહાર ચાલ્યો ગયો.

આવી રીતે પોતાના દુશ્મનનો પરાજય કરી રાજા વિક્રમ રાજકુમારીને લઇને પોતાના રાજ્યમાં ગયો. પ્રજા તેને જોઇને ઘણીજ આનંદ પામી અને સર્વત્ર આનંદ આનંદ થઇ રહ્યો.

વાર્તા ૫ મી —:*:— જંજાળ નગરી.

અ-ધેર પૂરી નામના પ્રદેશમાં **જં**જાળ નગરી નામે એક મોટું શહેર હતું. તે શહેરના લોકો પોતાની અકક્લ હોંશીયારીને માટે ઘણા પ્રખ્યાત હતા. ત્યાંના છોકરા સુદ્ધાં પૃથ્વી અને તારાઓની પૂરેપૂરી હકીકત જાણતાં હતાં. ત્યાંના માણસો ન્યાય અને દર્શનશાસ્ત્રના પૂરેપૂરાં જાણકાર હતાં, જે એ નગરમાં જતો તે પોતાની ગાંઠનુ કાંઇક ગુમાવતો, પણ ગમે તે એક અકક્લતો મેળવતોજ. ઘણાં માણસો એ શહેરમાં પેસતાં–જોવામાં આવતાં પણ એક પણ પાછુ નીકળતું જોવામાં આવતુ નહી આજુબાજુના શહેરોમાં એવી વાત પ્રસિદ્ધ હતી કે **જં**જાલ નગરીના લોકો જાદુગર છે. અને જે કોઈ એ શહેરમાં જાય છે, તેને બકરી, બળદ, અથવા બીજા કોઈ જાનવરનાં રૂપમા ફેરવી. નાંખે છે એટલે ત્યાંથી તેઓ પાછાં ફરી શકતાં નથી.” આ વાતમાં જરાએ પણ સચ્ચાઈનો અંશ નહોતો બીજા શહેરના લોકો જંજાળ નગરીના લોકોની વિદ્વતા જોઇને અદેખાઇથી બળી મરતા હતાં તેથીજ તેઓની વિરૂધ્ધ ઉપર જણાવેલી જૂઠી વાત તેઓએ ફેલાવી હતી. હા. એટલું ખરુ કે **જં**જાળ નગરીના લોકો તદ્દન સીધા, સાદા અને સરળ હતા. તેઓને દુનીયાનું દાવ પેંચનું જ્ઞાન નહોતું પોતાની ખ્યાતિને ખાતર તેઓને દુનીયામાંથી જૂદા રહેવું પડતું અને તેથીજ તેઓ બીજા લોકોના વિચારો જરા પણ જાણતા નહોતા.

એક દિવસ એક ધનાઢય સોદાગર કાંઈક ખરીદવા માટે **જં**જાળ નગરીમાં આવ્યો. શહેરનાં મોટા બજારમાં જ્યાં સર્વ ચીજો વેચાતી હતી ત્યાં તેણે એક માણસને આ પ્રમાણે બૂમો મારતો સાંભળ્યોઃ “**ત્રણ સારી કહેવતોના ત્રણ હજાર રૂપીયા લઈશ.** મારૂં નામ **ચતુરસિંહ** છે. હુ કહેવતો અને ઉપદેશ વેચું છું.”

સોદાગરને આ સાંભળી અત્યંત નવાઇ લાગી કે એ એવી કેવીક ત્રણ કહેવતો છે કે જેના એ **ત્રણ હજાર** રૂપીઆ માગે છે ! ખૂબ વિચાર કરી છેવટે સોદાગરે તે ત્રણકહેવ તો ખરીદવાનો ઠરાવ કર્યો! તે ચતુરસીંહની પાસે ગયો અને ત્રણ હજાર રૂપીઆ ગણી આપી બોલ્યો: લ્યો આ ત્રણ હજાર રૂપીઆ અને તમારી ત્રણ કહેવતો મને આપો."

ચતુરસીંહે રૂપીઆ ગણી લઈ એકાન્તમાં લઇ જઈ તેને કહ્યું: **(૧) કોઇ પણ રસોઈયા પર વિશ્વાસ કરવો નહી (૨) કોઈ પણ મિત્ર પર વિશ્વાસ કરવો નહીં. (૩) દરેક સમયે ઈશ્વર પર વિશ્વાસ રાખવો.**

ત્રણે કહેવતો સાંભળી સોદાગર તો વિચારમાંજ પડી ગયો. તે મનમાં વિચારવા લાગ્યો: "પૈસાના પ્રમાણમાં આ કહેવતો બહુ મોઘી છે. આ માણસે મને ખરેખર ઠગ્યો." ચતુરસીંહ સોદાગરને વિચારમાં પડેલો જોઇને બોલ્યો: "મિત્ર ! હું કોઇને દગો દેતો નથી, તેમ કોઇને ઠગતો પણ નથી. જ્યારે તમને આ કહેવતોનાં સાચાપણાં માટે ખાત્રી થશે ત્યારે તમે મારો ઉપકાર માનશો. તમે એમ સમજતા હશો કે મને ઠગ્યો, તેથીહું તમને આ **સાત ફળના બીજ** આપુ છું એને વાવશો તો એકજ મિનિટમાં એનુ મોટું ઝાડ બનશે. અને ફળો પણ આવશે. તમે જ્યારે કહેશો કે **'બીજ બની જા'** ત્યારે તે ઝાડનાં પાછાં બીજ બની જશે. સોદાગર કે જેનુ નામ **ગરીબ**દાસ હતું તે એ વિચિત્ર બીજોને લઇને ઘણો ખુશ થયો.

ઘેર આવીને સોદાગરે પેલાં બીજો પોતાના રસોઇયાને બતાવ્યાં અને તેને પોતાના ઘરની સામેની જમીનમાં વાવ્યાં. એકજ મિનિટમાં તેનાં મોટાં મોટાં ઝાડ થઇ ગયાં અને તેનાં ઉપર પાકાં ફળો પણ આવ્યાં સોદાગર અને રસોઇયાએ ખૂબ ફળો ખાધાં તેમજ તેઓના મિત્રોને સાં

પણ વહેચ્યાં. જ્યારે ફળો ખાઇને તેઓ ધરાયા ત્યારે સોદાગરે કહ્યું કે 'બીજ બની જાઓ! બધાં ઝાડો જતાં રહ્યાં અને બીજ થઈ ગયાં, તે સોદાગરે પોતાની પાસે રાખ્યાં. રસોઈયો ઘણો લુચ્ચો માણસ હતો. તે પોતાના શેઠ ગરીબદાસની ઘણી વસ્તુઓ ચોરી લેતો, અને ગરીબદાસના એક બહારથી દેખાતા ભલા મિત્ર લોભીલાલને વેચતો. એક દિવસ ગરીબદાસ બહાર ગયો હતો તે વખતે રસોઈયાએ લોભીલાલ પાસે જઇને કહ્યું. "મિત્ર! હવે મારે શુ કરવું? જ્યારથી મારો શેઠ પેલાં બીજ લાવ્યો છે ત્યારથી તે ક્યાય બહાર જતો નથી અને હવે કોઇ ઠેકાણે મુસાફરી કરવા પણ તે જવાનો નથી. જ્યાં સુધી તે ઘરમાં રહેશે ત્યાં સુધી મારાથી કાંઈ પણ બની શકવાનુ નથી. મહા મુશ્કેલીએ મે તેને જંગળ નગરીમાં મોકલ્યો હતો. હું તો એમ સમજતો હતો કે ત્યાંથી તે કદી પાછો આવવાનો નથી પરન્તુ આપણાં સુખમાં કાંટો થવાને તે પાછો આવી મુઓ છે. હવે તે મારાથી ઘણો સાવચેત રહે છે. તેનાથી કોઈ પણ પ્રકારે હું છૂટુ તો ઠીક. તમે મને મારાં એ કામમાં મદદ કરશો?"

લોભીલાલે રસોઇયાને મદદ કરવાનુ વચન આપ્યુ અને બીજેજ દિવસે તે ગરીબદાસને મળવા ગયો ગરીબદાસે તેનો ઘણો આદર સત્કાર કર્યો. જમ્યા પછી લોભીલાલ બોલ્યો, "મિત્ર! લોકો કહે છે કે તમારી પાસે કેટલાંક વિચિત્ર બીજો છે. શું એ સાચુ છે? શું તે એકજ મિનિટમાં તેના ઝાડ ઉગે છે? તમે મારે ત્યાં ફળો તો મોકલ્યાં હતાં, પણ હું તે વાત ખરી માની શકતો નથી."

આથી ગરીબદાસને કાંઇક ખોટું લાગ્યું અને તે આવેશથી બોલી ઉઠયો; "તો શું તમે એમ સમજો છો કે બીજની વાત તદ્દન ખોટી છે?"

લોભીલાલે કહ્યું; "હું તમને જૂઠા કહેતો નથી. મને તો માત્ર તમારાં બીજોની નવાઈ માટેજ વ્હેમ આવે છે. હું એવી ઉડતી વાતો

પર વિશ્વાસ કરી શકતો નથી. છતા જો તમારાં બીજનાં મારી નજર આગળ એકજ મિનિટમાં ઝાડ બની જાય તો હું વચન આપું છું કે તમને જે પસંદ આવે તે વસ્તુ મારા ઘરમાંથી તમને આપી દઈશ. અને જો બીજ ન ઉગે તો તમે વચન આપો કે તમારા ઘરમાંની જે વસ્તુ પર હું પહેલો હાથ મૂકું તે વસ્તુ તમારે મને આપી દેવી.

ગરીબદાસે તે કબૂલ કર્યું અને તે બીજોને તેણે પોતાના મિત્રના દેખતાં વાવ્યાં. પરંતુ આશ્ચર્ય એ થયું કે કેટલીયે મિનિટો વીતી જવા છતાં તેમાંથી એક પણ ઝાડ ઉગ્યું નહીં. આથી તે બીજોને જમીનમાંથી કાઢી એકી ટશે તેના તરફ જોઈ રહ્યો, એટલે બીજો બોલી ઉઠયા; "કે હે બેવકુફ માણસ તારો નાશ નજીક આવ્યો છે. અમો શી રીતે ઉગીયે ? અમને તો તારા રસોઈયાએ તારી જાણ બહાર શેકી નાંખ્યા છે.

ચતુરસીંહની કહેવત સાચી પડી કે '**રસોયાનો વિશ્વાસ કરવો નહી**' આથી ગરીબદાસે લોભીલાલને કહ્યુ; "મિત્ર ! આ બીજોને કોઇએ શેકયાં છે. એટલે તે ઉગ્યાં નથી, પણ મારો એમાં કાંઈ પણ દોષ નથી. તેથી તમે તમારી જીતનો હક્ક જતો કરશો તો તમરો ઉપકાર થશે !"

લોભીલાલે એ સાંભળી ટાણો મારતાં કહ્યું, "એતો હુ તો પહેથીજ જાણતો હતો કે આ પ્રમાણે થશે. અરે એવા **બીજ** તે વળી કયાંય થતાં હશે ? તમે તમારી **સરત** પૂરી કરો નહી તો તમારા ઉપર દાવો કરીશ. હું એમ માનવાનો નથી."

હવેજ ગરીબદાસની આંખો ઉઘડી. હવેજ તેને ખાત્રી થઇ કે રસોઇયો ને મિત્ર બન્ને બેઇમાન માણસો છે અને મારો નાશ કરવાની ફિકરમાંજ છે. તેણે પોતાની સરત પૂરી કરવા માટે લોભીદાસ પાસે પંદર દિવસની મુદત માગી. પહેલાં તો તેણે તે માન્યું નહીં પણ આખરે તે કબૂલ થયો !

ગરીબદાસ તુર્તજ એક દેવળમાં ગયો અને ત્યાં; "હે પ્રભુ ! મે રસોઈયા પર વિશ્વાસ કર્યો પરંતુ તે દગાબાજ નીકળ્યો અને મિત્ર પણ તેવોજ નીવડયો. હવે હું તમારા ઉપર વિશ્વાસ. કરૂં છું. હે ભગવાન ! મને મદદ કરજો." એ પ્રમાણે સાત દિવસ અને સાત રાત્રી તેણે પ્રભુની પ્રાર્થના કરી. છેવટે આકાશવાણી થઇ કે "તું જંજાળ નગરીમાં જા અને ચતુરસીંહને મળ. તે તને મદદ કરશે."

ગરીબદાસ ઘોડા ઉપર બેસી જંજાળ નગરી તરફ રવાના થયો. સાથે રૂપીઆ અને જવાહીરની થેલી પણ લેતો ગયો. તે જંજાળ નગરી પહોંચ્યો અને જ્યારે શહેરની છેક નજીક આવ્યો ત્યારે ઘોડા ઉપરથી ઉતરી પડી તેની લગામ હાથમાં પકડી તેણે શહેરમાં ચાલવા માંડયું.

જ્યારે તે એક બજારમાંથી જતો હતો ત્યારે તેને એક કસાઇ મળ્યો તેણે **તેણે ઘોડા ઉપર હાથ મૂકી તેને** પૂછ્યું: "મુસાફર ! આની શું કિમ્મત લેશો ?" ગરીબદાસ સમજ્યો કે આ ઘોડાની કિમ્મત પૂછે છે તેથી તેણે કહ્યુ; "મિત્ર, હું એના ચારસો રૂપીઆ લઇશ "

ઘોડો બહુજ નબળો હતો અને ગરીબદાસે તેની કિમ્મત વધારે કહી હતી પણ અજાયબી એ થઇ કે કસાઇએ ચારસો રૂપીયા ગણી આપ્યા અને લગામ પકડી ઘોડાને લઇ જવા લાગ્યો. એટલે ગરીબદાસ બોલ્યો; ' રાખો,રાખો,મને મારા રૂપીઆ અને જવાહીરની થેલી તો લઇ લેવા દો."

કસાઇએ કહ્યું: "અરે એ શું કહો છો ? શું તમે આ સર્વ ચારસો રૂપીયામાં નથી વેચ્યુ. થેલી હોય, કે જીન હોય, ગમે તે હોય પણ તમે તો મને એ બાબત પહેલાં કાંઈ પણ કહ્યું નહોતું શું ઘોડાની સાથે એ વસ્તુઓ મારે ન લેવી જોઈએ ?"

કસાઇની હા હો સાંભળી રસ્તે જતા આવતા લોકો ત્યાં એકઠા થઈ ગયા. તકરાર સાંભળી સર્વેએ કસાઇની તરફેણમાં ઈન્સાફ આપ્યો એટલે કસાઇ ઘોડાને થેલી સહિત લઈને ચાલતો થયો.

એ પ્રમાણે ગરીબદાસ નિર્ધન બની જવાથી તેને બહુ દુઃખ લાગ્યું તે ભાગ્યને દોષ દેતો હવે ચતુરસીંહનું ઘર શોધવા લાગ્યો. એક ગલીમાં તેણે કેટલાંક બાલકોને રમતાં જોયાં. તેની પાસે જઈને તેણે ચતુરસીંહનું ઘર પૂછ્યું.

છોકરાંઓએ કહ્યું: અમે જાણીએ છીએ; પણ તમે ચતુરસીંહનું ઘર બતાવીએ તો અમને શું આપશો ?

ગરીબદાસે કહ્યું: "મીઠાઇનો એક મોટો ટુકડો અપાવીશ."

સર્વ છોકરાં જમીન પર બેસી ગયાં અને દુનીયાનો નકશો જોવા લાગ્યાં. કોઈ સૂર્ય સ્થાન જોવા લાગ્યું તો કોઇ વાયુનું રોકાણ જોવા લાગ્યું એક કલાક પછી છોકરાંઓ બોલી ઉઠયાં: "મળ્યુ, મળ્યું." અને સર્વે ઉઠી સોદાગરને ચતુરસીંહના મકાન તરફ લઈ જવા લાગ્યાં. તેઓ ત્યાં પહોંચ્યાં એટલે સોદાગરને જણાયું કે એ સર્વ બાળકો ચતુરસિંહના છોકરાં અને ભત્રીજા હતાં. છોકરાંઓએ સોદાગર ઉપર પોતાની વિદ્વતાનો પ્રભાવ પાડવા એ સર્વ ઢોંગ કર્યો હતો આ વખતે ચતુરસીંહ ઘરમાં નહોતો તે બહાર ગયો હતો.

ગરીબદાસે એક રૂપીઆની મીઠાઈ મગાવી અને છોકરાંને આપવા માંડી પણ તેઓએ તે લીધી નહીં. તેઓએ કહ્યુ: "નહીં અમે તો સર્વથી મોટો ટુકડોજ લઇશું આ અમારે નહીં જોઇએ."

સોદાગરે એક રૂપીઆની બીજી મીઠાઇ મંગાવી તો પણ છોકરાંઓએ માન્યું નહીં. એમ કરતાં કરતાં તેણે પચાસ રૂપીઆની મીઠાઈ મંગાવી તો પણ છોકરાંનું મન માન્યું નહીં. આથી સોદાગર સંકટમાં આવી પડયો. તે વિચારમાં મશગુલ હતો એટલામાં ચતુરસીંહ આવી પહોંચ્યો તેણે સોદાગરને ઓળખી તેનો ખૂબ આદર સત્કાર કર્યો. અને છોકરાંઓ સાથેના કલહનું કારણ સાંભળી તેણે કહ્યું ! "જરા થોભો હું તમારો

ફેસલો હમણાંજ કરૂં છું." તેણે એક રૂપીઆની મીઠાઇ પોતાના હાથમાં લઇ જેટલા છોકરા હતાં તેટલા તેના નાના મોટા ટુકડા બનાવ્યા અને કહ્યું; "છોકરાંઓ આ મીઠાઇના જૂદા જૂદા ભાગને તમે શું કહો છો ?"

છોકરાંઓએ ઉત્તર આપ્યો; "કહે વળી શું ? **મીઠાઈના ટુકડા** કહીએ છીએ."

એ સાંભળી સર્વથી આગળના છોકરાને ચતુરસીંહે કહ્યું; "આમાંથી **એક મોટો ટુકડો** લઇ લે."

તેણે એક **મોટો ટુકડો** લઈ લીધો. ત્યાર બાદ બીજાને પછી ત્રીજાને એમ સર્વને બોલાવી એકેક ટૂકડો આપી દીધો અને પછી પૂછ્યુ; "કેમ બધાથી મોટો ટૂકડો તમોને મળ્યો ને ?"

છોકરાંઓએ ખૂશી થઇને કહ્યું, "હા, મળ્યો."

ચતુરસીંહે કહ્યું, "ચાલો ત્યારે હવે નિશાળે જાઓ."

સર્વ બાળકો ખુશી થતાં નિશાળે ગયાં. અને ઘણા આનંદથી પોતાના ગુરૂને તે વાત કહી. ગુરૂ તેઓની મૂર્ખતા જોઇને દિલગીર થયો ત્યારેજ તેઓને જણાયુ કે પચાસ રૂપીઆની મીઠાઇને બદલે બે બે પૈસાનીજ મીઠાઈથી ખુશી થઈ જવું એ અકકલવાન્ મનુષ્યનું કામ નથી.

ચતુરસીંહે પછી ગરીબદાસને આવવાનું કારણ પૂછ્યુ. કારણ જાણ્યા પછી તેણે કહ્યું, "મિત્ર ! શોક ન કરો સર્વ સારાં વાનાં થશે."

બીજેજ દિવસે જે કસાઇને ગરીબદાસે ઘોડો વેચ્યો હતો તેને ત્યાં ચતુરસીંહ ગયો અને તેને પૂછ્યું; **"તમારા ઘરમાં જે માથાં છે તેનું શું લેશો ?"**

કસાઇની પાસે તે વખતે સો કાપેલાં ઢોરનાં સો માથાં હતાં તેથી તેણે તેના સો રૂપીઆ કિમ્મત બતાવી. ચતુરસીંહે સો રૂપીઆ આપી કસાઇને કહ્યું; "વારૂ જેટલાં માથાં હોય તેટલાં લાવો.'

કસાઇએ સર્વ માથાં લાવીને ચતુરસીંની સામે મૂકયાં અને રૂપીઆ લઇને જેવો બહાર જતો હતો એટલે ચતુરસીંહે તેને રોકીને કહ્યું; "ઉભા રહો જરા, તમારા ઘરમાં જેટલાં માથાં છે તે બધાં તમે મને આપી દીધા કે ? જુઓ પેલા કેટલાં મેંઢાં બકરાં બાંધ્યાં છે તેનાં માથાં તો તમે મને આપ્યાંજ નહીં. લાવો તેનાં માથાં પણ લાવો."

કસાઇએ લાચાર બનીને તે પ્રાણીઓને મારી નાખ્યાં અને તેનાં માથાં લાવી ચતુરસીંહને આપ્યાં ! પરન્તુ એથી પણ તે રાજી થયો નહીં. તેણે કસાઇને કહ્યુ; 'મેં હમણાં જોયું છે કે તમારા ઘરમાં કોઈ બીજું માણસ છે. હું ધારૂ છું કે તમારી પુત્રી છે. અને હમણાં ઘરમાં એક બાળકને પણ રડતાં મેં સાંભળ્યું છે. તે પણ મારા માનવા પ્રમાણે તમારૂં બીજું છોકરૂં હશે. છોકરૂં છે એટલે સ્ત્રી પણ હશે. જાઓ ત્યારે એ ત્રણેનાં માથાં પણ લઈ આવો કારણકે એ પણ માથાંવાળાંજ છેને ! તમારા ઘરમાં જેટલાં માથાં છે તેટલાં તમે મને વેચી ચૂક્યા છો."

હવે તો કસાઇના હોશકોશ ઉડી ગયા અને ચતુરસીંહને પગે પડી તેની ક્ષમા માગવા લાગ્યો. પણ ચતુરસીંહે બરાડ મારીને કહ્યુ. "દુષ્ટ ! તું દયા કરવા જેવો માણસ નથી તો પણ હુ તને માફ કરૂં છું. ચાલ ઉઠ, મારા મિત્ર પાસે કાલે તેં જે ઘોડો લીધો છે તે લઈ આવ ને સાથે તેના પરના રૂપીઆ અને જવાહીરની થેલી. અને તારી આવી બદદ્યાનત માટેના દંડ તરીકે એક હજાર રૂપીઆ લાવ, નહિ તો આપણી શરત પ્રમાણેના માથા. કસાઇએ ચતુરસીંહના કહેવા પ્રમાણે કર્યું ! અને પોતાનાં ભાગ્યને દોષ દેતો ચૂપ બેઠો.

ચતુરસીંહ ઘેર આવ્યો અને સોદાગરને તેની વસ્તુઓ આપીને તેને કહ્યું: "ભાઇ ! ત્રણ દિવસ આ શહેરમાં રહેજો, પછી હું તમારી સાથે તમારે ઘેર આવીશ. અને ત્યાં મારાથી જે બનશે તે કરીશ. પણ અહીંઆં

જે કામ કરો તે ખૂબ વિચાર કરીને કરજો અહીંઆના લોકો જાદુગર નથી તો પણ તે બહુ હઠીલા છે."

બીજે દિવસે **સોદાગરે** બજારમાં જઈ એક **મોચીને** કહ્યું: "ભાઇ ! મને એક જોડ જોડાં આપો. પૈસાને વાસ્તે ફિકર રાખશો નહી, હું **તમને ખુશ કરીશ.**" મોચીએ તેને ઘણી જાતના જોડા બતાવ્યા તેમાંથી તેણે એક પસન્દ કીધો અને મોચીને ચાર રૂપીઆ આપવાં લાગ્યો. રૂપીઆ લેવાનું તો દૂર રહ્યું પણ તેતો તેને અડકયો સુધ્ધાં નહી. આથી **સો**દાગરે ધીમે ધીમે રૂપીઆ વધાર્યા એને છેક પચાસ રૂપીઆ સુધી પહોંચ્યો પણ મોચી **કેમ** કર્યો ખુશી થાય નહીં. તેતો એમજ કહેતો હતો કે. "મને તમે **ખુશ** કરવાનું કહ્યું તું તેથી મને **ખુશ** કરો મારે બીજું કાંઇ જોઇતુ નથી મને લાખ રૂપીઆ આપો તોપણ મારે તો તે નકામા છે."

મોચીની હઠ જોઇને સોદાગર તો પાછો સંકટમાં સપડાયો. તેથી તેણે વિચાર કરીને કહ્યુ: ભાઇ ! આજનો દિવસ તમે થોભી જાઓ કાલે હું મારા મિત્રની સલાહ લઇ તમને ખુશી કરીશ.

સોદાગરે ઘેર આવી સર્વ હેવાલ **ચતુરસીંહ**ને કરી સંભળાવ્યો **ચ**તુરસીંહે કહ્યું: 'જુઓ **ગ**રીબદાસ આ મારા શહેરના માણસોની અક્કલનો બીજો નમૂનો ! ગમે તેમ થાય તોપણુ તે પોતાનીજ વાત સાચી ઠેરવશે. મારા નગરજનો સીધા વ્યવહારને પસન્દ કરનારા છે. તે તમારી ગૌડ બંગાળની વાતોને શી રીતે સમજે ? હવે જ્યારે તમે કોઇની સાથે વાત કરો ત્યારે શબ્દો ખૂબ વિચાર કરીને બોલજો. મોચીનો ફેંસલો તો આજે રાતેજ થઇ જશે.

બરાબર અડધી રાત થઇ ત્યારે **ગ**રીબદાસ અને **ચ**તુરસીંહ **હાથમાં** એકેક મોટી લાકડી લઇને મોચીને ઘેર ગયા અને તેના બારણામાં લાકડીએ ઠોકી મોટેથી કહેવા લાગ્યા : "અરે મોચી, એ મોચી શું તું **હજી** જાગે છે ?"

મોચી ભર ઉંધમાં હતો પણ લાકડીઓના અવાજથી તે જાગી ઉઠયો, ને સમજ્યો કે લૂટારા બારણાં ભાંગે છે તેથી ગભરાઇને તેણે કહ્યું: "કોણ છે? ભાઇ કોણ છે?"

ચતુરસીંહે પોતાનો સ્વર ભારી કરીને કહ્યું: અમે સરકારી નોકર છીએ. અને એટલું કહેવા આવ્યા છીએ કે રાજમહેલાં યુવરાજનો જન્મ થયો છે. તું રાજભક્ત છે તેથી આનંદ કર."

એ સાંભળીને પોતાની રાજભકિત બતાવવા બારણું ઉઘાડી બન્ને જણને મોચીએ કહ્યું: "ઉભા રહો, સાહેબ જરા તો ઉભા રહો. જરા મીઠું મ્હોં તો કરતા જાઓ. તમે નથી જાણતા કે આ શુભ સમાચારથી હું કેટલો ખુશ થયો છું."

ચતુરસીંહે કહ્યું: "શું અમે તને ખુશ કર્યો."

કોઇ પણ જાતનો વ્હેમ ન આણતાં મોચીએ ઉત્તર આપ્યો "હા, તમેજ મને ખુશ કર્યો છે."

ત્યારે સોદાગરે પૂછ્યું: "મેં પણ તને ખુશ કર્યોને?"

મોચીએ કહ્યું: "હા, ભાઇ હા."

ચતુરસીંહ અને ગરીબદાસે હસતાં હસતાં કહ્યું: "અરે ભાઇ! અમો તો સરકારી નોકર નથી. લે અમોને ઓળખી લે. તેં બે વાર કહ્યું છે, કે હું તમારાથી ખુશ થયો છું. વારૂ એક વારની ખુશી તું લઇ લે અને બીજી વારની ખુશીના સો રૂપીઆ અમને આપી દે. બીજી વારનો આનંદ કાંઈ પણ લીધા વિના અમે તને ભોગવવા દેવાના નથી. છેવટે મોચીએ સો રૂપીઆ આપીને પોતાનો પલ્લો છોડવ્યો. ચતુરસીંહ અને સોદાગરે રૂપીઆ વ્હેચી લીધા અને ખુશ થતા થતા ઘેર ગયા.

બીજે દિવસે સોદાગર શહેરમાં ફરવા નીકળ્યો, આજે તેણે મનમાં એવો વિચાર કરી રાખ્યો હતો, કે શહેરના કોઈ પણ માણસ સાથે

બોલીશ નહીં, પણ મોટાં મોટાં મકાનો અને જોવા લાયક ઠેકાણાં જોઇને પાછો આવતો રહીશ, તે એક મોટાં મેદાનમાંથી જતો હતો ત્યા ઘણા લોકોની વચ્ચે એક **સ્ત્રી ઉભેલી** તેણે જોઈ, તે જોરથી બોલતી હતી કે; "જો કોઈ મને દશ હજાર રૂપીઆ આપે તો આટલાં માણસની રૂબરૂ આ **મેદાનની વચ્ચે** હું નાગી થઇને નાચું," સોદાગરના મનમાં આવ્યું કે આ સ્ત્રી મશ્કરી કરે છે, તેથી તે સ્ત્રી પાસે જઇને તેણે કહ્યુ, "ચાલ નાગી થઇને **મેદાનની વચ્ચે નાચ** હું તને **દશ હજાર** રૂપીઆ આપીશ, તારી નિર્લજતા કેટલી છે તે તો હુ જોઉ !"

ત્યાં તો માત્ર કહેવાનીજ વાર હતી. તેણે તરતજ બધાં લુગડાં કાઢી નાખ્યાં અને નાચવા લાગી; તેની એ નિર્લજતા જોઇને જોનારાઓ તો ફરીજ ગયા; નાચી રહ્યા પછી તેણે સોદાગર પાસે રૂપીઆ માગ્યા; રૂપીઆ આપવા સોદાગર તેને ચતુરસીહને ઘેર લઈ ગયો. તે તેને રૂપીઆ આપતો હતો એટલામાં ચતુરસીહ આવી પહોંચ્યો, તેણે સર્વ વાત જાણ્યા પછી કહ્યું, "રાખો; ચાલો આપણે તે મેદાનમાં જઇ એને રૂપીઆ ગણી આપીશું." એટલુ કહીને તે ત્રણે જણાં નાચ વાળાં મેદાનમાં આવી પહોંચ્યાં.

સ્ત્રીએ નાચવાનું ઠેકાણુ બતાવ્યું. લોકોએ પણ સાક્ષી આપતાં કહ્યું; "અમે એ સ્ત્રીના કામને ઘણુંજ ખરાબ ગણીએ છીએ, પણ તમારા મિત્રે તેનું વચન પાળવું જોઇએ. એનું કામ ગમે તેવું ખરાબ છે પણ સરત પ્રમાણે એને રૂપીઆ આપવાજ જોઇએ."

ચતુરસીહે કહ્યું; "ભાઇઓ ! મારો મિત્ર રૂપીઆ આપવા તૈયાર છે પરન્તુ એ સાચી છે કે જુઠી તેની તપાસ કરવાજ હું અહીં આવ્યો છું." એટલું કહીને ગજવામાંથી જમીન માપવાની ફીટ કાઢી અને જ્યાં નાચ થયો હતો તે જમીનને માપવા લાગ્યો. માપીને તેણે લોકો તરફ ફરીને પેલી સ્ત્રીને કહ્યું; તેં કહ્યું'તું કે "હું આ **મેદાનની વચ્ચે**

નાચીશ." પણ મેદાનની વચ્ચે નહીં નાચતાં તું તો એક ખૂણા પર નાચી છે, તે જોઇ લોકો બોલી ઉઠયા: "એ વાત તમારી સાચી છે એણે નાચ વચમાં નહીં પણ એક ખૂણેજ કર્યો છે.' એટલે **ચ**તુરસીંહે કહ્યું; "ત્યારે એ સ્ત્રીને રૂપીઆ કેવી રીતે મળી શકે ? દુષ્ટા ! એક તો તેં આવુ ખરાબ કામ કર્યું છે તેને માટે તને ફાંસીજ દેવાવી જોઇએ. અને એવાં કામ માટે ઉપરથી પાછી ઇનામ માગે છે ? ઉલટો તને તો દંડ થવો જોઇએ તું અમને દશ હજાર રૂપીઆ આપ નહીં તો તને હમણાંજ તારાં નીર્લજ વ્યવહાર માટે કોટવાલીમાં લઇ જઇએ છીએ."

સ્ત્રીએ **દશ હજાર** રૂપીઆ આપી પોતાનુ દુઃખ મટાડયું. **ચ**તુરસીંહ અને સોદાગરે તે રૂપીઆ વ્હેચી લીધા.

સોદાગરે હવે સોગન્દ લીધા કે જ્યાં સુધી હું અહીં છુ ત્યાં સુધી હવે ઘરમાંથી બહાર નીકળીશ નહી. ત્રીજે દિવસે તે ઘરમાં બેઠો બેઠો વિચાર કરવા લાગ્યો: "હજામત થઈ ગઈ છે માટે લાવ કરાવી લઉં. એમ વીચારી તેણે એક હજામને બોલાવી કહ્યું, "ભાઈ ! મારી હજામત કરો હુ તમને કંઈક આપીશ." હજામ જ્યારે હજામત કરી રહ્યો ત્યારે તેણે 'કાંઇક' માંગ્યુ. **સો**દાગરે તેને બે રૂપીઆ આપ્યા. પરન્તુ હજામે ડોકુ ધુણાવી કહ્યું. "શેઠીઆ ! તમે મને 'કાંઇક' આપવાનું કહ્યું'તું માટે મને 'કાંઇક' આપો."

હવેજ **સો**દાગરને ભાન આવ્યું. **સો**દાગરે બેના ચાર, ચારના આઠ, એમ કરતાં કરતાં પચાસ રૂપીઆ આપવા માંડયા તોપણ તેણે તે લેવાને સાફ નાજ પાડી. અને કહ્યું. "હું તમારા રૂપીઆ પર થુકું છું. શું તમે મને મારાં વચનથી ફેરવવા માગો છો ? પચાસ તો શું પણ કદાચ પચાસ હજાર રૂપીઆ આપો તો પણ હું મારાં વચનથી ફરીશ નહી. હું તો મારે મારૂં 'કાંઇક'જ લઇશ."

સોદાગર હવે તો પૂરેપૂરો ફસાયો પણ એટલામાં ચતુરસીંહ આવી પહોંચ્યો. હકીકત જાણી તેણે હજામને કહ્યું; "તું કાલે સવારે અહીં આવજે, તે વખતે તને તારી મહેનતનો બદલો મળશે."

હજામના ચાલ્યા ગયા બાદ ચતુરસીંહે એક પ્યાલામાં દૂધ લઈ અને તેમાં એક મરેલું ઉદરડું નાખી તેને એક બાજુએ મૂકી દીધું. પ્રાતઃકાળ થતાંજ હજામ આવ્યો. ચતુરસીંહે પેલા દૂધના પ્યાલા તરફ આંગળી બતાવી કહ્યું: " પેલો પ્યાલો જરા લાવને મારે તેમાંનું દૂધ પીવું છે."

હજામે તે પ્યાલો લીધો. ઉદરડી દૂધમાં સ્હેજ દેખાતી હતી. તેને જોઇને હજામ બોલી ઉઠયો, "અરે શેઠ આ દૂધ પીતા ના, એમાં 'કાંઈક' પડેલુ છે." એટલે તરતજ ચતુરસીંહે કહ્યું. એ "કાંઈક" તારે માટે રાખી મૂક્યું છે તે તું લઈ લે અને દૂધ મને આપી દે."

હજામે ઉંદરડીનો એક પગ પકડી બહાર કાઢી અને તે લઇને ખુશ થતો પોતાને ઘેર ચાલ્યો ગયો.

જ્યારે ત્રણ દિવસ વીતી ગયા ત્યારે ચતુરસીંહે સોદાગરને કહ્યું: "ભાઇ ચાલો હવે તમારાં શહેરમાં જઇએ. વારૂ હવે કહો કે તમે તમારા મિત્ર લોભીલાલથી કેમ ડરો છો?"

સોદાગરે પોતાનો રસોઇયો અને મિત્ર કેવી રીતે પોતાને લૂટવા માગે છે તે સર્વ હકીકત જણાવી. જે સાંભળી ચતુરસીંહે કહ્યું: ' ગભરાઓ નહીં. તમારા ત્રણ હજાર રૂપીઆ તો ક્યારના મેં તમને અપાવી દીધા છે, પણ મારૂં નામ બદનામ ન થાય તેટલા માટે હુ તમને તમારૂં દુઃખ મટાડવામાં મદદ કરીશ. કારણ કે એ દુઃખ તમારે માથે લાવનાર હુંજ છું."

બન્ને જણા નીકળ્યા અને જ્યારે ગરીબદાસ સોદાગરને ઘેર પહોંચ્યા ત્યારે ચતુરસીંહે કહ્યું: હવે એક કામ કરો. તમારા ઘરના આંગણામાં એક પાંચ ગજ ઉંચો માંચડો બધાવો અને તેના ઉપર જે જે વસ્તુઓ

તમારા ઘરમાં છે તે સર્વ મૂકાવો એ સર્વ ચીજોની સાથે તમારા પૈસા અને જવાહીર પણ મૂકો." ચતુરસીંહની આજ્ઞા પ્રમાણે સોદાગરે માંચડો દટાવ્યો અને સર્વ વસ્તુઓ ઉપર મૂકી દીધી ! ચતુરસીહ એક પાંચ ગજ ઉંચો દાદર લાવ્યો અને તેને પણ માંચડાની સાથે તદ્દન સીધો ગોઠવી દીધો. અને તે પછી ગરીબદાસે કેવી રીતે લોભીલાલ સાથે વાતચીત કરવી. તે ચતુરસીંહે શીખવી મુક્યું.પછી લોભીલાલને બોલાવી ગરીબદાસે કહ્યું: "આ માંચડા પર મારા ઘરની સર્વ વસ્તુઓ રાખેલી છે જવાહીર અને પૈસા પણ એ પરજ છે. માટે ઉપર જઈ આપણી શરત પ્રમાણે તમારે જે વસ્તુ જોઇએ તે પર તમારો હાથ મૂકી લઈ લ્યો."

લોભીલાલે માંચડા તરફ જોયુ અને દાદર ઉપર ચઢવા લાગ્યો.

દાદર સીધો હતો એટલે એક પગથીઆ પર પગ મૂકી તેણે બન્ને હાથે ચોથુ પગથીયું પકડયું. પકડતાંની સાથે જ ચતુરસીહે તેની બાંય પકડી કહ્યું: "બસ કર હવે નિમકહરામ માણસ ! તેં પહેલો હાથ દાદર ઉપર મૂકયો છે માટે તારી શરત પ્રમાણે તે લઇને ચાલ્યો જા. તારી સરત આજે પૂરી થઈ છે."

લોભીલાલ નિરાશ થઇને દાદર પોતાની કાંધ ઉપર મૂકી ચાલતો થયો રસ્તામાં જેણે જેણે તેને દાદર લઈ જતાં જોયો તેણે તેણે તેની પુષ્કળ મજાક કરી તેણે કરેલી શરતના વખાણ કર્યા.

તૈયાર છે. અદ્ભુત ડીટેકટીવ નવલકથા નામે.

ચાલાક ચોર. પુષ્કળ દોડધામ અને ધમાચકડીથી ભરપૂર એક બાહોશ ચોરની બહાદુરી ભર્યાં વૃત્તાંતથી

છલાછલ કીમત બાર આના.　　　મળવાનુ ઠેકાણુ :-

શા. ચુનીલાલ મગનલાલ બુકસેલર. રાણીતળાવ-સુરત.

વાર્તા ૬ ટ્ઠી. —:*:— રાજકુમાર મહેબૂબ.

અસલના વખતમાં કોઈ એક દેશમાં મન્સુરેઆલમ નામનો બળવાન રાજા હતો. તેને કોઈ પણ વસ્તુની કમી ન્હોતી. હાથી, ઘોડા, ધન સેના સર્વ ઇશ્વર કૃપાથી હતું. તેના સારા બંદોબસ્તથી પ્રજા પણ સુખી હતી. લોકો રાજાની બુદ્ધિ અને સદ્‌ગુણોના વખાણ કરતા હતા. પરંતુ તેને એક મહા દુ:ખ હતુ. કમનશીબે તેનાં એ મોટાં રાજ્ય અને અખૂટ ધનને ભોગવનાર એક પણ છોકરૂ નહોતું. એક દિવસ રાજાએ પોતાના રાજ્યના તમામ જોષીને બોલાવ્યા અને તેઓને પૂછ્યુ કે; "કયે દિવસે કઇ ઘડીએ અને કઇ પળે જન્મેલો બાળક મહા પ્રતાપશાળી રાજા થઇ શકે ?"

જોષીઓએ ગણત્રી કરીને ઉત્તર આપ્યો. "મહારાજ ! ગયે રવીવારે મધ્યરાત્રિએ જન્મેલો બાળક મહા પ્રતાપશાળી રાજા થશે. જો આપનો કોઇને દત્તક લેવાનો વિચાર હોય તો ઉપર બતાવેલા વખતેજ જન્મેલો બાળક દત્તક લેજો."

એ સાંભળીને રાજાએ પ્રધાનને એ વખતે જન્મેલા બાળકની શોધ કરવાની આજ્ઞા આપી. આખા રાજ્યમાં દૂતો દોડયા. તેઓએ આવીને કહ્યું; "બતાવેલે સમયે એક કસાઇ સિવાય બીજા કોઇને ઘેર બાળક જન્મ્યો નથી." રાજાએ કસાઇને બોલાવ્યો અને તેની પાસે પુત્રની માંગણી કરી. કસાઈ ઘણો ગરીબ હતો તેથી તેણે કહ્યું. "મહારાજ ! આપની કોઇપણ માગણી કબુલ કરવાને હું તૈયાર છું."

રાજાએ કહ્યું. "હું તારા પુત્રની–રાજા તરીકે માંગણી કરતો નથી પણ એક ગૃહસ્થ તરીકે માગું છું ? શું તું ખુશીથી એ બાળક આપી શકે છે ? જો એ બાળકનો વિયોગ તારાથી સહન ન થઇ શકતો હોય તો હું તે લઇશ નહીં."

કસાઇએ કહ્યું. "મહારાજ! હું ઘણીજ ખુશીથી મારો પુત્ર આપને આપું છું. હું નશીબદાર છું કે મારો પુત્ર રાજા થશે."

રાજાએ કસાઇને પુષ્કળ ધન આપ્યું અને બાળકને પોતાના કુળના રિવાજ પ્રમાણે દત્તક લીધો.

તેનું નામ રાજકુમાર કસ્સાબ રાખ્યું.મોટો થતાં રાજાએ તેને ભણાવવાને મોટા મોટા પંડિતો રાખ્યા, અને જ્યારે તે જુવાન થયો ત્યારે તેને પોતાના રાજ્યના એક ભાગનો સુબો બનાવ્યો. સુબો થતાંની સાથેજ તેણે પોતાનો દુષ્ટ સ્વભાવ બતાવવાની શરૂઆત કરી. જોકે તે શુભ દિવસે અને શુભ ઘડીએ જન્મ્યો હતો,મોટા મોટા વિદ્વાનોએ તેને ભણાવ્યો હતો, તોપણ કસાઇનો પુત્ર હોવાથી કસાઈના દુર્ગુણો તેનામાંથી જતા રહ્યા નહોતા. તે પોતાની પ્રજા પર પુષ્કળ જુલમ કરતો અને તેથી આખા દેશમાં હાહાકાર થઇ રહ્યો. તેના જુલમના સમાચાર રાજાને હમ્મેશ મળતા પણ પોતાના સરળ સ્વભાવને લીધે તે રાજકુમારને કાંઈ પણ કહેતો નહીં."

કુદરતની ગતિ ન્યારી છે. જે રાણીને રાજા મન્સુરે આલમ અને બધી પ્રજા વાંઝણી સમજતી હતી તે રાણી ગર્ભવંતી થઇ–રાજા એ વાત જાણી આનંદ પામ્યો. તેણે રાજકુમાર કસ્સાબને પત્ર લખી ખબર આપી કે: "પુત્ર ! આપણા કુટુમ્બમાં થોડા વખતમાં એક બાળક જન્મશે તારી માતા એટલે રાણી ગર્ભવતી છે. જોષીઓ કહે છે કે પુત્રજ થશે. થોડા વખતમાં તારો એક ભાઈ ઉત્પન્ન થશે. તેથી તને આનંદજ થશે."

એ સમાચાર મળતાંજ કસ્સાબે મનમાં વિચાર કર્યો: "હવે મારા ખરાબ દિવસો આવશે. રાજપુત્ર ઉત્પન્ન થવાથી કસાઈના પુત્રનો કોણ ભાવ પૂછશે ? આટલી મોટી પદ્દીએ પહોંચ્ય પછી પાછું નીચે પડવું એ મારૂં અપમાનજ છે. જો હું કસાઇને ત્યાંજ હોત તો તો મારે કાંઇ

જાતની ચિન્તા નહોતી પરન્તુ રાજ–સુખ ભોગવ્યાં પછી દાસ બનવું એ તો બહુજ ખરાબ ગણાય. માટે રાજધાનીમાં જઇને જોઉં કે એ દુઃખ નીવારવાનો કોઈ પણ ઉપાય થઇ શકે એમ છે કે નહીં?"

એક ચપળ ઘોડા પર સ્વાર થઇને રાજકુમાર બરાબર અર્ધી રાત્રે રાજાના મહેલમાં આવ્યો. સર્વ એને ઓળખતા હોવાથી કાંઈ પણ અડચણ વિના તે રાજાના શયનગૃહમાં ગયો. રાજા ભર ઉંઘમાં હતો. કસ્સાબે કટાર વડે રાજાનું માથું કાપી નાંખ્યું. અને લોહીથી ખરડાયલી કટાર લઇ તે એકદમ રાણીના ઓરડામાં ગયો પણ રાણીને કસ્સાબના આવવાની અને તેના દુષ્ટ હેતુની ખબર આગળથી પડેલી હોવાથી કેટલાક વફાદાર નોકરો સાથે છૂપે રસ્તેથી મહેલની બહાર નીકળી ગઈ અને ઘોડા પર સ્વાર થઈ જંગલમાં જતી રહી. ત્યાં જઇને નોકરોને કહ્યુ: "મારા વફાદાર નોકરો! મને અહી રહેવા દઇ તમે હવે જાઓ. કદાચ હું ભૂખે મરી જઈશ અથવા કોઈ જાનવર મને ફાડી ખાશે તોપણ હુ સન્તોષ પામીશ કે કસાઇના પુત્રને હાથે હું મરણ પામી નથી. મને મારા ભાગ્યના ભરોસા પર અહીંજ રહો દો."

નોકરો રોતા કકળતા પાછા ફર્યા. રાણી પોતાના નશીબને રડતી હતી એટલામાં ત્યાં એક જમીનદાર આવ્યો રાણીનું સુન્દર રૂપ જોઈને તે ચકિત થઇ ગયો. તેણે તેને પૂછ્યું: "તમે કોણ છો? પરી છો? કે સ્વર્ગની કોઇ દેવી છો?"

રાણીએ ગદ્દગદ્દ કંઠે કહ્યું: "પરી નથી, તેમ સ્વર્ગની દેવી પણ નથી; હું તો માણસની પુત્રી છું. મારા પર દુઃખના ડુંગરો તૂટી પડ્યા છે! કાલ સુધી હું આ દેશની રાણી હતી; પણ આજે આશ્રય વિનાની ભીખારણ છું."

એ સાંભળતાંજ રાણીના ચરણોમાં માથું નમાવી જમીનદાર બોલ્યો: "માતા! હું તમારા પતિનો તાબેદાર જાગીરદાર છું. તમે મારી સાથે

ચાલો. અમે ગરીબ છીએ પણ તમને કોઇ પણ જાતનું દુઃખ પડવા દઇશું નહીં. મારે સન્તાન નથી તેથી તમને જે પુત્ર થશે તેને હું દત્તક લઇશ અને તેનું સારી રીતે પાલન પોષણ કરીશ."

રાણી જાગીરદારની સાથે ગઈ અને તેના ઘરમાં તેની બહેન પ્રમાણે રહેવા લાગી.

કેટલાક દિવસો પછી રાણીએ એક સુન્દર પુત્રને જન્મ આપ્યો. રાણીએ તેનું નામ મહેબૂબ રાખ્યું. તે મોટો થયો એટલે ખેડૂતોનાં છોકરાં સાથે શાળામાં ભણવા લાગ્યો. થોડા દિવસમાંજ તે પોતાના સાથીઓથી વિદ્યા અને બળ બન્નેમાં વધી ગયો. ખેડૂતોના છોકરા ગીલ્લી ડંડા રમત પણ મહેબૂબ તો બાણોજ માર્યા કરતો. કોઈ પણ પ્રકારનાં બાણનાં શિક્ષણ વગર થોડા દિવસમાંજ તે એક જબરો બાણાવળી બની ગયો. દૂરનાં નિશાન તે કદી પણ ચૂકતો નહીં.

એક વખત મહેબૂબના ભાઇ દુષ્ટ કસ્સાબે પોતાના રાજ્યના બાણાવળીઓમાં સમાચાર ફેલાવ્યાં કે સૌથી સારી રીતે તીર મારનારને માટે ચાર ઇનામો નક્કી કરવામાં આવ્યાં છે. પહેલું ઇનામ પાંચસો મહોરોનું, બીજું રાજ્યના વસ્ત્રાલયમાંના પસન્દ પોસાકનું, ત્રીજું રાજ્યના ઘોડારમાના મનગમતા ઘોડાનું અને ચોથું રાજ્યના હથીરખાનામાં મન પસન્દ હથીઆરનું—એ સમાચાર રાજકુમાર મહેબૂબનેપણ મળ્યા.તે તુર્તજ પોતાની માને કાંઇ પણ કહ્યા સિવાય રાજધાની તરફ રવાના થયો. જ્યારે રાત પડી અને મહેબૂબ ઘેર ન આવ્યો ત્યારે રાણી ઘણી ચિંતાતુર થઇ. ચારે બાજુ માણસો શોધવા મોકલ્યાં પણ તેઓને તે જડ્યો નહીં આથી રાણીના શોકનો પાર રહ્યો નહીં, તેણે પ્રતિજ્ઞા કરી કે: "જ્યાં સુધી મહેબૂબ આવે નહીં ત્યાં સુધી હું અન્ન ખાઇશ નહીં."

આ બાજુ મહેબૂબ રાજધાનીમાં પહોંચ્યો અને બીજા બાણાવળી સાથે એક તંબુમાં તેણે મુકામ કર્યો. બીજે દિવસે સર્વે પોતાનો હુન્નર

બતાવવા ઠેરવેલે ઠેકાણે ગયા, ત્યાં ઘણા લોકો જોવા એકઠા થયા હતા, રાજા કસ્સાબ એક ઉચ્ચ આસન પર બેઠો હતો. તેનો ઈશારો થતાંજ બાણુવળીઓએ એક પછી એક તીર મારવા લાગ્યા પરન્તુ કોઇનું પણ તીર નિશાનમાં લાગ્યું નહીં. મહેબૂબ સર્વથી નાનો હોવાથી તે છેલ્લો ઉઠયો. તેણે તીર માર્યું અને નિશાન વીંધ્યું. લોકોએ તેની એ કળાના ખૂબ વખાણ કર્યાં.

રાજા કસ્સાબે મહેબૂબને પાંચસો મહોરોની એક થેલી આપી અને પોતાના પ્રધાનને આજ્ઞા કરી કે; "જે પોષાક, જે ઘોડો અને જે હથીયાર એને પસન્દ પડે તે આપો."

પ્રધાન મહેબૂબને રાજમહેલમાં લઈ ગયો ત્યાં મહેબૂબે પોતાનો પિતા જે પોષાક પહેરતો હતો તેજ પસન્દ કરી ત્યાંજ પહેરી લીધો. હથીયાર પણ તેણે પોતાના પિતાનાંજ પસન્દ કર્યાં; અને ઘોડો પણ પિતાનોજ લીધો. એ સર્વ લઇને જ્યાં બાણુવળીઓ એકઠા થયા હતા ત્યાં આવ્યો એટલે લોકો કહેવા લાગ્યા; "જુઓ જુઓ આપણો ભલો રાજા પાછો જીવતો થયો ! એ વેષમાં મહેબૂબનું રૂપ રાજાને એટલું મળતું આવતું હતું કે લોકોએ તેને મરેલો રાજાજ જાણ્યો. લોકોનાં આમ કહેવાથી રાજા કસ્સાબ ખૂબ ગુસ્સે થયો. તેણે પોતાના નોકરોને કહ્યું. "આ છોકરાને પકડીને ફાંસી દો !"

નોકરો આમ તેમ દોડવા લાગ્યા પણ તેઓનો વિચાર એવો હતો કે મહેબૂબ અહીંથી નાસી જાય તો સારૂ. તેથી તેઓ ખાલી દોડધામ કરવામાં રોકાઈ રહ્યા એટલે મહેબૂબને નાસી જવાનો વખત મળ્યો.

નગર બહાર જઇને મહેબૂબે સર્વ બાણ મારનારાઓને એકઠા કરી મહોરની થેલી તેઓને આપી પોતાના ગામ તરફ ચાલ્યો ગયો. બરાબર અડતાલીસ કલાક પછી તે ઘેર પહોંચ્યો. તેની મા-રાણી ઘરનાં બારણામાં

બેઠી બેઠી "મહેબૂબ" "મહેબૂબ" પોકારતી હતી. મહેબૂબને જોતાંજ પહેલાં તો રાણી હસી; પણ પછી ધ્રુસકે ને ધ્રુસકે રોવા લાગી. ઘોડાપરથી ઉતરી મહેબૂબે પૂછ્યું; "માતા ! તું પહેલાં હસી ને પછી રડી કેમ ?"

રાણીએ એક નિસાસો નાખીને કહ્યું; "તને આ પોષાકમાં જોઇને હસી અને પછી મારાં કમનશીબને સંભારી રડી. આ પોષાક તારા પિતા એટલે રાજાનો હતો. હવે તો તું જાણી ગયો હશે કે તું કોનો પુત્ર છે અને હું શા માટે રડી ?"

એ સાંભળીને રાજકુમારનું હૈયું ભરાઈ આવ્યું તેણે કહ્યું; "મને મંડપમાંજ એવો વ્હેમ આવ્યો હતો. આ પોષાકમાં મારૂં રૂપ જોઇને લોકો કહેતા હતા કે આતો આપણો મરી ગયેલો રાજા છે. માતા, હવે આપણે આ દેશમાં એક પળ પણ રહેવું જોઇએ નહીં. હું મારા પિતાના માર-નારથી ડરતો નથી, પણ હું આજે સોગન્દ ખાઉં છું કે જ્યાં સુધી મારા પિતાના મરણનો બદલો હું લઇશ નહીં ત્યાં સુધી આ દેશનું (કસ્સાબના રાજ્યનું) અનાજ ખાઇશ નહીં અને પાણી પીશ નહીં. માટે માતા ! ઉઠો આપણે અહીંથી ચાલ્યા જઇએ."

જમીનદારને ખબર પડી કે રાજકુમાર અને રાણી જાય છે ત્યારે તેને ઘણું દુઃખ થયું. રાજકુમારને અટકાવવાનો તેણે ઘણો પ્રયત્ન કર્યો. રાજકુમારને પણ ત્યાંથી જતાં ઘણું દુઃખ થતું હતું પણ તે પોતાના ઠરાવમાં મક્કમ રહ્યો. સર્વની રજા લઈ ઈશ્વર પર ભરોસો રાખી રાણી અને રાજકુમાર ત્યાંથી ચાલતાં થયાં.

કાંઇ પણ ખાધા પીધા વિના તેઓએ મુસાફરી ચાલુ રાખી. કેટલેક દિવસે તેઓ કસ્સાબના દેશમાંથી બહાર નીકળ્યા. ભૂખ, તરસ અને થાકને લીધે એક પણ ડગલું આગળ ભરવાની તેઓમાં શક્તિ રહી નહોતી. જ્યાં તેઓ હતાં ત્યાં એકલા પર્વતોજ નજરે પડતા હતા. ઘણી તપાસને

અન્તે એક પહાડ નીચે એક મસ્જીદ તેઓને માલમ પડી. મસ્જીદની અંદર તેઓએ એક ઘરડા ફકીરને ફાટી તુટી ગોદડી ઓઢીને બેઠેલો દીઠો. રાજકુમારે તેની પાસે જઇને ઘણી નમ્રતાપૂર્વક કહ્યું; "મહાત્મા ! અમે ઘણા દિવસનાં ભૂખ્યાં છીએ થોડું ભોજન અને પાણી આપી અમારા જીવ બચાવો.

ફકીરે એક ઝોળી તરફ ઇશારો કરીને કહ્યું; "પેલી ઝોળીમાં એક રોટલીનો ટુકડો છે તે તમે બન્ને જણાં ખાઓ."

રાજકુમારે તે ઝોળીમાંથી એક વાસી રોટલીનો નાનો ટુકડો કાઢયો તે એક કોળીઆથી વધારે મોટો નહોતો. રાજકુમારે તે રાણીને આપતાં કહ્યું. "માતા ! લ્યો તમે ખાઓ આપણને બન્નેને એ ચાલે તેમ નથી. મારાં બળવાન શરીર કરતાં નિર્બળ શરીરને ખોરાકની વધારે જરૂર હોવાથી તમેજ એ ટુકડો ખાઇ જાઓ."

રાણીએ કહ્યું; "પુત્ર ! હું હવે ઘરડી થવા આવી છું. સંસારનાં સર્વ સુખ દુઃખ જોઈ ચૂકી છું. મારા મરવાથી નુકશાન પણ શું થવાનું છે ? તારે હજુ મહાન કાર્યો કરવાનાં છે તેથી તારેજ એ ટુકડો ખાઇને જીવવાની જરૂર છે.

રાજકુમારે માતાનું કહેવું માન્યું નહીં. માતાને રોટલીનો ટુકડો ખાવાનો આગ્રહ કરવા લાગ્યો એટલે ફકીરે કહ્યું. "તમે શા માટે એક એકને આગ્રહ કરો છો ? એ ટુકડો તમે ખાઓ તો ખરાં તમારાથી એ પૂરોજ થવાનો નથી." ફકીરના કહેવાથી મા-દીકરો ખાવા લાગ્યાં. ટુકડામાંથી જેમ જેમ બન્ને જણે ખાવા માંડયું તેમ તેમ-તે તેટલો ને તેટલોજ રહેવા લાગ્યો. બન્નેએ પેટ ભરીને ખાધું. તે રોટલી એવી સરસ હતી કે રાણીએ રાજભવનમાં પણ એવી સ્વાદીષ્ટ રોટલી કદી ખાધી નહોતી. ખાઈ રહ્યાં એટલે ફકીરે એક પાણીનું વાસણ બતાવ્યું.

તેમાં થોડું પાણી હતું તેનું પણ રોટલીના જેવુંજ થયું. બન્ને પાણી પીને તૃપ્ત થયાં એટલે ફકીરે પૂછ્યું. "તમે ક્યાંથી આવો છો ? અને ક્યાં જવાનાં છો ? આ પહાડની પેલી બાજુ એક મોટો સમુદ્ર છે અને તે બહુજ તોફાની છે. આજ સુધીમાં એક પણ વ્હાણ એમાં તર્યું નથી. માટે તમે આગળ ન જતાં અહિંથીજ પાછાં ફરો."

રાજકુમારે ઉત્તર આપ્યો; "મહાત્મા ! અમે એવી પ્રતિજ્ઞા કરી છે કે અમે જયાંથી આવ્યા છીએ ત્યાં કદી પણ પાછા જઈશું નહીં. તમારાં પવિત્ર જ્ઞાનથી કોઈ પણ બાબત છૂપી નથી. તમે અમારી સ્થિતિ જાણી ગયા હશો. હવે કૃપા કરીને અમારી મુસાફરીમાં મદદ કરો તો ઠીક. તમે દરેક જાતની મદદ કરી શકો એમ છો; કારણકે સંસારનું કોઈ પણ કામ એવું નથી કે જે મહાત્માની મહેરબાનીથી ન બની શકે."

ફકીર બોલ્યો; "મુસાફર ! તું સાચું કહે છે. પવિત્ર હૃદય રાખનારા મહાત્માઓથી શું નથી થઈ શકતું ? પરન્તુ મારા જેવો પાપી શું કરી શકે ? મેં બહુ મુસાફરી કરી છે. મુસાફરીમાં મને કેટલીક અદ્દભુત વસ્તુઓ પણ મળી છે. તેમાંથી કાંઈક તને આપું." એટલું કહીને તે ફકીર મસજીદની બહાર ચાલ્યો ગયો.

તે થોડી વાર પછી લાકડીના બે ટૂકડા લઈને આવ્યો. ટૂકડા તદ્દન તાજા કાપેલા હતા. એક ટૂકડાનો દોઢ હાથ લાંબો ડંડો બનાવ્યો અને એકની તેવડીજ મોટી મશાલ બનાવી. પછી તે બન્ને વસ્તુ રાજકુમાર મહેબૂબને આપીને ફકીરે કહ્યું: "લ્યો, આ બન્ને વસ્તુઓની મદદથી તમે સમુદ્ર ઉતરી શકશો. તમે જ્યારે આ મશાલ સળગાવશો એટલે એનાં અજવાળાથી સર્વ પ્રાણીઓ દૂર નાસશે. આ ડંડો તમારું વ્હાણ બનશે. સમુદ્રમાં જે જગ્યાએ એને નાખશો ત્યાં દોઢ હાથથી વધારે પાણી રહેશે નહીં." એટલું કહીને ફકીર મશાલ સળગાવી બન્ને જણને પહાડની પેલી બાજુ મૂકી આવ્યો.

રાજકુમાર ડંડો હાથમાં લઈને સમુદ્રમાં પડ્યો. પાણીને ડંડો અડક્તાંજ રાજકુમારની ચારે બાજુ ચૌદ ચૌદ ગજ સુધી દોઢ હાથ ઉંડું પાણી રહી ગયું. રાણી મશાલ લઈને મહેબૂબની પાછળ ચાલવા લાગી. તેઓ સમુદ્રના તળીઆમાં, મોતી, પરવાળાં, જળ-ઝાડ અને જળ-ફૂલ એવી કેટલીએ વિચિત્ર વસ્તુઓ જોતાં જોતાં ઈશ્વરની કારીગરીનાં ગુણ ગાન કરતાં ચાલવા લાગ્યાં. સમુદ્રની વચમાં જ્યારે તેઓ પહોંચ્યાં ત્યારે રાજકુમારે પાણીની એક લહેર આવતી જોઇ, તેમાં બહુજ સુન્દર અને પાણીદાર અસંખ્ય મણિઓ વહેતાં હતાં. રાજકુમાર મહેબૂબે કદી પણ મણિને જોયા નહોતાં એટલે મણિને જોઇને બોલી ઉઠયો: "માતા! જુઓ આ રમકડાં કેવાં સુન્દર છે? તેનો રંગ કેવો સરસ છે? હું થોડાંક એમાંથી લઉં છું." રાણી મણિને ઓળખતી હતી. તે જાણતી હતી કે આ એક એક મણિની કિમ્મત લાખ લાખ રૂપીઆથી ઓછી નથી. પરંતુ સમુદ્રમાં એટલાં બધાં મણિને જોઈને તે ડરી ગઈ. તેણે જાણ્યું કે આ કામ શયતાનનું છે. તેણે અમને બન્નેને લોભથી લલચાવવા આ માયા જાળ બીછાવી છે. તેથી ડરતાં ડરતાં તેણે કહ્યું: "પુત્ર! એને છેડતો નહીં. એને લેવાથી કોણ જાણે કેવાં દુઃખો આપણા પર આવી પડશે."

રાજકુમારે પહેલાં તો માનું કહેવું માન્યું પણ પછીથી મણિની સુન્દરતાએ તેનાં મનને ફેરવી નાખ્યું. આજ સુધી તેણે માતાનું કહેવું માન્યું હતું પણ આજ મણિના લોભે તેણે માતાનું કહેવું ન માન્યું. તેણે રાણીની આંખ ચોરાવી એક મોટું મણિ ગજવામાં મૂકી દીધું-કોઈ કોઈ વખત નઠારાં કામોથી સારૂં પરિણામ આવે છે. મહેબૂબને માતાનું કહેવું ન માનવાથી જોકે કેટલાંક દુઃખો સહન કરવાં પડ્યાં, પણ આખરે એનું પરિણામ સારૂંજ આવ્યું.

રાજકુમાર મહેબૂબ અને તેની માતા ડંડા અને મશાલની મદદથી સમુદ્રને પેલે પાર સહીસલામત પહોંચી ગયાં. સમુદ્રની પેલે પાર હિન્દુ-

સ્થાન દેશ હતો. બન્ને એ દેશની રાજધાની તરફ રવાનાં થયાં. રાજધાનીમાં જઇને તેમણે એક ધર્મશાળામાં મુકામ કર્યો. રાણીએ કેટલાક પૈસા આપીને રાજકુમારને બજારમાં ખાવાનું લેવા મોકલ્યો. બજારમાં જતાં મહેબૂબે વિચાર્યું કે–"આ સુન્દર પત્થર (મણિને) ઘણા દિવસ મારી પાસે રાખીશ તો મારી માતા જાણી જશે તેથી આજ તેને ગમે ત્યાં આપી દેવો." એવો ઠરાવ કરી તે એક મીઠાઇની દુકાન પર ગયો અને મણિ આપીને દુકાનદારને કહ્યું: "ભાઇ! આ લ્યો એના બદલામાં મને મીઠાઈ આપો." કંદોઇએ મણિને જોતાંજ તેને ઓળખ્યો. મણિ અતી કિંમતી જણાવાથી તેણે રાજકુમારના કપડાંને એક છેડે પાંચ શેર મીઠાઈ અને એક છેડે પાંચશો સોના મહોરો બાંધી આપી. બન્ને વસ્તુઓ લઇને રાજકુમાર માતા પાસે આવ્યો. રાજકુમારનાં લૂગડામાં બાંધેલી મહોરો જોઇને રાણી તો મૂંઝીજ બની ગઇ. તે સમજી કે મહેબૂબ આ મહોરો ગમે ત્યાંથી ચોરી લાવ્યો છે. આથી ઘણા દુઃખી સ્વરે તેણે કહ્યું: "પુત્ર! તું આટલી મહોરો અને આટલી મીઠાઇ ક્યાંથી લાવ્યો મેં તો તને પાંચજ પૈસા આપ્યા'તા. જો કોઈનું નુકશાન કરીને તું આ વસ્તુઓ લાવ્યો હોય તો હમણાંજ તેની પાસે જઇ તેની વસ્તુઓ તેને પાછી આવ."

રાણીના ચરણોમાં માથું નમાવી રાજકુમાર મહેબૂબે કહ્યું: "માતા! મેં કોઇને દુઃખ દીધું નથી. હું આ દેશના કોઈ પણ રેહેવાસીનો ગુન્હેગાર નથી. હું માત્ર તમારોજ ગુન્હેગાર છું. તમારૂં કહેવું નહીં માનીને સમુદ્રમાંનો એક રંગીન પત્થર હું લાવ્યો હતો તેના બદલામાં આ સર્વ ચીજો મળી છે."

એ સાંભળીને રાણી પહેલાં તો કાંઇક દિલગીર થઇ, પણ રાજકુમારને દુકાનદારે ઠગ્યો. તેથી તે રાજકુમારને લઇ મીઠાઇવાળાની દુકાન પર

ગઇ. ત્યાં જઈ રાણીએ તેને કહ્યું. ' ભાઇ ! મારો પુત્ર કદાચ આંધળો હતો, પણ તું કેમ આંધળો બન્યો ? એ મણીની કિમ્મત નવ લાખ રૂપીઆ છે જ્યારે તેં માત્ર પાંચસો સોનામહોરમાં મારા પુત્રને ઠગ્યો છે ?"

કંદોઇએ માફી માગીને કહ્યું. "માતા ! મારી ભૂલ થઈ ? મને માફ કરો. આ પેટીમાં જુઓ, એમાં જે મહોરો ભરેલી છે તે સાત આઠ લાખ રૂપીઆથી ઓછાની નથી. એ બધી તમે લઇ જાઓ અને મણિને મારી પાસે રહેવા દો." રાણી રાજી થઈ. તે મહોરોની પેટી ઉંચકાવી ધર્મશાળામાં લઇ આવી.

કંદોઇએ એ મણિ ઘણા નફાથી રાજાના પ્રધાનને વેચ્યું, અને પ્રધાને રાજાને વેચ્યુ. રાજાએ પોતાની એકની એક પુત્રી ગુલરૂખને આપ્યું. ગુલરૂખ તેને ગળામાં પહેરી બાગમાં ગઇ. ત્યાં તે આંબાના ઝાડ નીચે આરામ કરવા બેઠી. ત્યાં એક ઝાડ પર એક પોપટ અને બીજાં પર એક મેના એમ બે પક્ષીઓ બેઠાં હતાં–પોપટને મેનાએ કહ્યું. "સખા ! પોપટ–કોઈ સારી વાત કહો કે જેથી વખત વીતે,"

પોપટે ઉત્તર આપ્યો; "દેવી મેના ! મને એવો ડર છે કે હું જે વાત કહીશ તેનાથી તું ગુસ્સે થશે; કારણકે હું જે કહેવાનો છું તે સત્ય છે તેમ કડવું પણ છે."

મેના બોલી ! "હું ગુસ્સે નહીં થાઉં તેને માટે વિશ્વાસ રાખો."

પોપટે કહ્યું. "દેવી ! સાંભળો, સ્ત્રીઓની સર્વ વાતો અદ્દભુત હોય છે. કોઈ એક સમયમાં એક રાજકુમારી હતી. તે ઘણી રૂપવતી અને ગુણવાન હતી. એક દિવસ તેના પિતાએ–રાજાએ તેને એક કિંમતી મણિ આપ્યું. રાજકુમારીએ એવું મણિ કોઈ પણ જગ્યાએ જોયું નહોતું તેથી મણિને જોઇને તે ફુલાઈ ગઇ. પણ બિચારી રાજકુમારી નહોતી જાણતી કે મણિ તેને લાયક નહોતું. તેમ એક મણિથી શું

થાય વારૂ ? એવાં ઘણા મણિ એની પાસે હોત તો જાણે જૂદી વાત હતી. અને વળી એવાં મણિને પહેરનારી પાસે તેવાંજ સુન્દર કપડાં પણ હોવાં જોઇએને ! એવાં કપડાં તેની પાસે ન હોવાથી એમ જણાતું હતું કે તે રાજકુમારી એ મણિ કોઇની પાસેથી માગી લાવી હતી. રાજકુમારીને તો આ સર્વ બાબતોનો વિચાર કરવાનો વખત મળ્યો નહોતો કારણકે તે તો અભિમાનથી છકી જઈ આમ તેમ ફર્યા કરતી હોવાથી તેને તેની એ ભૂલ માલમ પડી નહોતી....

રાજકુમારી ગુલરૂખ–પોપટની વાત ધ્યાનપૂર્વક સાંભળતી હતી. તે ઉઠીને મહેલમાં ગઇ. ત્યાં જઇ મણિને દૂર ફેંકી દીધું અને પોતાનાં ઓરડાનાં બારણાં બન્ધ કરી રડવા લાગી. નોકર ચાકરોએ ખાવા પીવાનું કહ્યું પણ તેણે અન્ન પાણીને અડકવાની ચોકખી ના પાડી. રાજાને જ્યારે ખબર પડી ત્યારે તે પુત્રી પાસે આવ્યો અને બોલ્યો. "દીકરી ! તને શું દુઃખ છે ? તું આમ ધ્રુસકે ધ્રુસકે શા માટે રડી રહી છે ?" ખૂબ મનાવવા પછી ગુલરૂખ બોલી; "પિતાજી ! મારા જેવી અભાગી રાજકુમારી જગતમાં બીજી કોઇજ નહીં હોય. તમે મને જે મણિ આપ્યું છે તે જોઇને પક્ષી સુદ્ધાં મારી મશ્કરી કરે છે. એ એક મણિ મારે નહીં જોઇએ. મણિની સાથે તેવાંજ પહેરવાનાં સુન્દર કપડાં અને ઓછામાં ઓછા બીજા બાર મણિ મારે જોઇએ છે. તમે તપાસ કરજો કે આવાં મણિ પહેરનારીએ કેવાં લૂગડાં પહેરવાં જોઇએ ? મને તેવાં કપડાં અને મણિ મંગાવી આપો." રાજા એ, સર્વે લાવી આપવાનું વચન આપી ત્યાંથી વિદાય થયો.

રાજાએ તેજ વખતે પ્રધાનને બોલાવીને પૂછ્યું; "તમે મણિ ક્યાંથી લાવ્યા'તા ?" પ્રધાને કંદોઈનું નામ દીધું. કંદોઇને બોલાવી રાજાએ કહ્યું; "જેની પાસેથી તેં આ મણિ લીધું છે તેને ચોવીસ કલાકમાં શોધી કાઢ નહીં તો તારૂં બહુ બુરૂં થશે."

કંદોઈ શહેરમાં સર્વ જગ્યાએ ફરી વળ્યો પણ રાજકુમાર મહેબુબનો કશો પત્તો લાગ્યો નહીં. તે ઉદાસ મુખે ઘેર આવતો હતો એટલામાં તેને યાદ આવ્યું કે શહેર બહાર સમુદ્ર કિનારે કોઇ સોદાગરે હમણાંજ નવો મહેલ બાંધ્યો છે. ત્યાં કદાચ તેનો પત્તો લાગે, એમ વિચાર કરી તે ત્યાં ગયો. જેવો તે દરવાજા નજીક ગયો કે રાજકુમાર મહેબુબ સુન્દર પોષાક પહેરી, ઘોડા ઉપર સ્વાર થઈ સ્વારોની સાથે શિકાર કરવા જતો સામો મળ્યો. કંદોઈ તેને આવી ચઢતી દશામાં જોઇને ચકિત થઇ ગયો. તેણે ઝુકીને સલામ કરી મહેબુબને કહ્યું. "રાજા સાહેબ આપને બોલાવે છે." રાજકુમારે પોતાનો ઘોડો થોભાવી ગર્વથી ઉત્તર આપ્યો. "જાઓ તમારા રાજાને કહો કે હું તમારો નોકર નથી, તેમજ પ્રજા પણ નથી કે તમારો હુકમ માનું. જો તેમને મારૂ કાંઈ કામ હોય તો તે મારી પાસે ભલે આવે. હું અહીંજ છું અને હમેશાં ઘર આગળજ મળું છું."

કંદોઇએ આવીને રાજાને મહેબુબનો સંદેશો કહ્યો. પહેલાં તો રાજા ગુસ્સે થયો પણ રાજકુમારી ગુલરૂખની હઠ યાદ આવવાથી તુર્તજ મહેબુબને ત્યાં તે ગયો. મહેબુબે તેનો સારો સત્કાર કર્યો. વાતચીતમાં રાજાને માલમ પડયું કે મહેબુબ પણ રાજવંશમાં ઉત્પન્ન થયેલો છે. આમ તેમની વાતો થયા બાદ હિન્દુસ્થાનના રાજાએ કહ્યુ. "રાજકુમાર! હું તમોને તસ્દી આપવા આવ્યો છું. તમે થોડા દિવસ ઉપર જે મણિ આ કંદોઇને વેચ્યું હતું તેવાં કેટલાંક મણિ મને આપો તો તમારી મોટી કૃપા. તમારી પાસે એવાં મણિ છે?"

રાજકુમારે કહ્યું; "મારી પાસે એવાં હજારો મણિ છે, તમારે કેટલાં જોઇએ છે?"

એ સાંભળીને રાજાને ઘણીજ નવાઇ લાગી કારણ તે જાણતો હતો હતો કે એવાં "દશ પાંચ મણિને ખરીદવામાં પોતાનું રાજ પણ વેચાઈ

જાય, એવાં મણિ રાજકુમાર પાસે હજારોની સંખ્યામાં છે. તો જરૂર એને કુબેરનો ધનભંડારજ હાથ લાગેલો હોવો જોઇએ." એમ વિચારી નમ્ર સ્વરે રાજાએ કહ્યું. "રાજકુમાર ! હજાર બે હજાર મણિઓ લઇને હું શું કરૂં ? મારે તો માત્ર પાંચ છ મણિનીજ જરૂર છે તેમજ તે મણીની સાથે કૃપા કરીને એ મણિ જે પહેરે તેને પહેરવા યોગ્ય વસ્ત્રો પણ મને આપજો."

રાજકુમારે કહ્યું; "આજથી ચોથે દિવસે મણિ અને વસ્ત્ર બન્ને વસ્તુઓ તમને મળી જશે. આજ હું મારા ખજાના તરફ જઇશ. ત્યાંથી ચોથે દિવસે પાછો આવીશ. તે દિવસે જરૂર તમને એ વસ્તુઓ મળશે."

રાજાના ગયા પછી રાજકુમાર મહેબુબ માતાની રજા લઇને એકલોજ મુસાફરીએ નીકળ્યો. સમુદ્ર કિનારે આવીને ફકીરે આપેલી મશાલ સળગાવી ડંડો હાથમાં લઈ તે સમુદ્રમાં ઉતર્યો. સમુદ્રમાં તે જળ–જીવ પ્રમાણે નિર્ભયતાથી ચાલવા લાગ્યો. સમુદ્રના મધ્ય ભાગે ગયો એટલે તેને મણિનું પેલું વ્હેણુ દેખાયું. તે મણિ લેવાની તૈયારીમાંજ હતો એટલામાં તેના મનમાં વિચાર આવ્યો કે એ મણિઓ ક્યાંથી આવતા હશે ! તેથી તેણે આગળ ચાલવા માંડ્યું. જેમ જેમ તે આગળ જતો ગયો તેમ તેમ મણિનું ઝરણું સાંકડું બનતું હતું. જતાં જતાં તે જ્યાં ઝરણું થોડાકજ હાથ પહોળું હતું ત્યાં આવી પહોંચ્યો. તે જગ્યાએ પાણીમાંથી એટલી સુગન્ધ નીકળતી હતી કે જાણે હજારો મણ અત્તર અંદર રેડ્યું હોય ! ત્યાંથી પણ રાજકુમાર આગળ ચાલ્યો; થોડેક આગળ ગયો એટલે તેણે પાણીનું એક વમળ જોરથી અવાજ કરતું અને ફરતું જોયું. તેમાંના પાણીનાં છાંટા ઘણે દૂર ઉડીને પડતા હતા. વમળની વચ્ચે કેટલાક ગજ ઉંચો એક જળ સ્તંભ હતો. તેનું પાણી વમળના પાણીથી વધારે સફેદ અને ચોકખું હતું, તેમાંથીજ મણિઓ છટકી છટકીને આમ તેમ પડતાં

હતાં અને સુગન્ધ પણ ત્યાંથીજ નીકળી ચારે બાજુ ફેલાતી હતી. એ બન્ને વસ્તુને પાછળથી કોઈ શક્તિ ઠેલતી હોય એમ જણાતું હતું. એમાંથી એક પળમાં હજારો મણિઓ આમ તેમ પડીને થોડીવાર સુધી નાચતા'તાં અને પછી ઝરણમાં વહી જતાં'તાં. એ અદ્ભુત દેખાવને રાજકુમાર ઘણી હોંશથી જોઈ રહ્યો. થોડી વાર તેણે વિચાર કર્યો અને પછી **મશાલ** અને **ડંડો** લઇને વમળમાં કૂદી પડયો!!!

કુદતાંજ તેને એમ માલમ પડયુ કે કોઈ શક્તિ મને ઉપરથી દબાવી નીચે લઈ જાય જાય છે, છેવટે તેના પગ જમીનને અડક્યાં. એ વખતે તે એક ખીણમાં હતો. ખીણમાંથી નીકળતાંજ ઉત્તર દિશાએ એક મોટો દરવાજો તેની નજરે પડયો. તેની દીવાલ નીચેથી એક નાળું વહેતું હતું. તેમાં પણ **મણિઓ** વ્હેતાં હતાં અને અંદરથી સુગન્ધ નીકળતી હતી. નાળાંનો માર્ગ એવો હતો કે તેમાંથી એક માણસ સહેલાઈથી જઇ શકતો હતો. રાજકુમાર તેમાં થઇને અંદર ગયો. અંદર જઇને તેણે પાછું ફરીને જોયું તો ત્યાં દરવાજાનું નામ નિશાન પણ નહોતું. તે–એ વખતે ખીલેલા બાગમાં જઈ પહોંચ્યો હતો. ત્યાંથી થોડેજ દૂર એક મહેલ હતો, જેમાં તે પેઠો. તે મહેલમાં સઘળા ઓરડા ખૂબ કારીગરીથી શણગારેલા હતા પણ તેમાં એક પણ માણસ નહોતું. અન્તે તે છેલ્લા ઓરડામાં પેઠો તેમાં બાર સુગન્ધીર મીણબત્તીઓ બળતી હતી, અને છતમાં એક લોઢાની કડીમાં મનુષ્યનું તાજું કાપેલું માથું લટકી રહ્યું હતું. તે માથાની નીચે પાણીથી ભરેલું એક વાસણ હતું તેની ચારે બાજુ પેલી બાર મીણ-બત્તીઓ બળતી હતી. માથામાંથી મોટાં મોટાં લોહીના ટીપાંઓ નીચેનાં પાણીના વાસણમા ટપકતાં હતાં. એ ટીપાં પડવાથી પાણીમાંથી કેટલાંક છાંટા વાસણની પાસેજ એક નળી હતી તેમાં પડતા હતાં. પાણીમાં પડનારાં લોહીનાં ટીપાંઓ તુર્તજ **મણિ** બનીને નળીમાંથી વહી જતાં

હતાં. એ દેખાવ જોઇને રાજકુમારને ઘણી નવાઇ લાગી. તે એકી નજરે તેને જોઇ રહ્યો હતો એટલામાં કેટલાંક માણસોના પગલાનો અવાજ તેને સંભળાયો કે તુર્તજ તે ઓરડાના એક ખૂણામાં સન્તાઈ ગયો.

ત્યાર પછી ત્યાં ઘણીજ સુન્દર બાર પરીઓ આવી. તેમાંની એકે લટકતાં માથાંને નીચે ઉતાર્યું, બીજી કોઇ છૂપી જગ્યાએથી ધડ ઉચકી લાવી, પછી એક સુન્દર બીછાંના પર એ બન્નેને ગોઠવીને મૂકી દીધાં અને દરેક પરી પોતાના હાથમાં એકેક મીણબત્તી લઈ શોકજનક ગીત ગાતી ગાતી બીછાંનાની આજુ બાજુ ફરવા લાગી. ધીમે ધીમે તેઓનાં ફરવાની ગતી વધતી ગઈ, થોડી વાર પછી તેઓ એટલી ઝડપથી ફરવા લાગી કે તેઓનું જૂદાપણું નજણાંતા પ્રકાશનો એક ગોળો બીછાંનાની આજુબાજુ ફરે છે એમ જણાવા લાગ્યું. તે મહેલની બહારની બાજુથી એટલી બધી સુગન્ધ નીકળતી હતી કે રાજકુમાર બેશુદ્ધ થતો થતો બચ્યો. જે સુગન્ધને તેણે સમુદ્રમા સુંઘી હતી તે આની આગળ કાંઈ પણ વિસતમાં નહોતી. થોડા વખતમાં પરીઓનો નાચ પૂરો થયો. પરીઓ ફરતાં ફરતાં પરસેવાથી તરબોળ થઈ ગઇ રાજકુમારને જણાવ્યું કે ત્યાં મ્હેકતી સુગન્ધ એના પસીનામાંથીજ નીકળતી હતી, તે પસીનાની ધાર પેલા પાણીનાં વાસણમાં પડતી હતી. પુરુષનાં લોહીથી મણિ બનતાં હતાં, અને પરીઓના પસીનાનું સુગન્ધી પાણી થતું હતું.

હવે પરીઓ બિછાનાં પર સુવાડેલાં શબનાં મુખને ચુંબન કરી વિલાપ કરતી કહેવા લાગી.

"નાથ ! ક્યાં સુધી આમ રહેશો ? ચૌદ વર્ષ થયાં અમે તમારી રાહ જોયા કરીએ છીએ ! અમારી એ નિરાશારૂપ રાત ક્યારે પૂરી થશે, અને આશા રૂપી સૂર્ય ક્યારે ઉગશે ? રાજન ! ઉઠો, ઉઠો ! ક્યાં સુધી આપ આમ પડી રહેશો ?"

એટલામાં ઓરડામાં અચાનક આનંદ પમાડે એવું મધુર ગીત સંભળાવા લાગ્યું. ખૂણામાં સન્તાયલો રાજકુમાર મહેબુબ અને પથારીની આજુબાજુ બેઠેલી પરીઓ પણ એ ગીત સાંભળીને ચોંકી ઉઠયાં ! ગીતનો સ્વર નજીક આવવા લાગ્યો. પરીઓ તેને સ્વર્ગીય ગીત સમજી આનંદ, આશા અને ઉત્સુકતાથી સ્તબ્ધ થઇને ઉભી રહી. રાજકુમારની પણ એવીજ સ્થિતિ થઈ. ત્યાર પછી તે ઓરડાની જમીન ફાટી અને રાજકુમારને પહાડની નજીકની મસ્જીદમાં જે ફકીર મળ્યો હતો તે ફકીર તેમાંથી બહાર આવ્યો. પરીઓ તેના ચરણોમાં પડી અને બોલી; "ખ્વાજા ખિજ્ર ! ખ્વાજા ખિજ્ર ! શું સમય આવી પહોંચ્યો ?"

ફકીર રૂપી ખ્વાજા ખિજ્રે ગંભીરતાથી કહ્યું; "હા, સમય આવી પહોંચ્યો. હવે તમારે વધારે વખત રડવું પડશે નહીં." પછી તેણે રાજકુમાર સંતાયો હતો તે બાજુ મ્હોં ફેરવીને કહ્યું; "રાજકુમાર બહાર આવો." રાજકુમાર બહાર આવ્યો અને ખ્વાજા ખિજ્રનાં ચરણોમાં ઢળી પડયો.

ખ્વાજાએ કહ્યું. "રાજકુમાર મહેબુબ ! જુઓ સામે તમારા પિતાનું શબ મૂકેલું છે. ફસ્સાબે જ્યારે એને મારી નાખ્યા ત્યારે પરીઓ એ લાશને અહીં લાવી હતી. આ મહેલ તમારા પૂર્વજોની મરણક્રિયાનું ઠેકાણું છે. તમારા પૂર્વજો 'મગી' જાતિના હતા અને તે જીન અને પરીઓના વશના હતા. જ્યારે તમારા વંશનું કોઈ મરણ પામે છે ત્યારે આ પરીઓ તે શબને લાવી અહીં દાટી દે છે. તમારા પિતાની મરણ ક્રિયા નહોતી થઈ તેથી તેને દાટયા નહોતા. નશીબ સંજોગે તમે અહીં આવી પહોંચ્યા છો તો તમારા પિતાની મરણ ક્રિયા કરી નાખો એટલે આમ તેમ ફરતા એના આત્માને શાન્તિ મળે."

એ સાંભળીને રાજકુમારની આંખમાંથી આંસુઓ ટપકવા માંડયાં. રાજાના શબ પાસે જઇ તેનાં અંગ પર બે હાથ મૂકી રાજાના આત્માની

શાન્તિ માટે તે પ્રાર્થના કરવા લાગ્યો. એમ કરતાંજ ફરી પાછો મધુર ગીતોનો અવાજ ઓરડામાં ગુંજવા લાગ્યો. આથી રાજકુમારના આનંદનો પાર રહ્યો નહીં. કાપેલું માથું ધડની સાથે જોડાઇ ગયું અને રાજકુમારનો પિતા પાછો જીવતો થઇને બેઠો થયો. પરીઓ પણ અત્યંત આનંદ પામી. ખ્વાજાએ પરીઓને અને રાજાને રાજકુમારની ઓળખાણ કરાવી. રાજાએ કુમારને છાતી સરસો ચાંપ્યો–જીનો અને પરીઓએ રાજાને અને કુમારને ઉચકીને હિન્દુસ્થાનના સમુદ્ર કિનારે બાંધેલા મહેલમાં મૂકી દીધા–રાજા અને રાણીનાં દયા ઉપજાવે એવા મેળાપનું વર્ણન કરવાની અમારામાં શક્તિ નથી. એનો અનુભવ અનુભવીઓજ કરી શકે છે.

ચાર દિવસ પછી હિન્દુસ્થાનનો રાજા રાજકુમાર મહેબુબ પાસે મણિઓ લેવા આવ્યો. ત્યાં તેને ઘણો ડર લાગ્યો. કારણ કે કેટલાંયે શીંગડાવાળાં વિચિત્ર માણસો તે મહેલનું રક્ષણ કરી રહ્યાં હતાં. જ્યાં રાજકુમાર મહેબુબ અને રાજા મનસૂરે આલમ બેઠા હતા, ત્યાં તે રાજા આવી પહોંચ્યો. મહેબુબે તેનો ખૂબ સત્કાર કર્યો અને બોલ્યો; "મહારાજ! હું મારાં વચનને ભૂલી ગયો નથી. તમારે માટેજ હું ગયો હતો અને તેથી મને મહાન લાભ થયો છે. તમારે જેટલાં મણિ જોઇએ તેટલાં લઇ જાઓ!" આમ કહી રાજકુમારે એ એક નોકર પાસે પાણીનો પ્યાલો મંગાવી પોતાની એક આંગળીમાં સોય ઘોંચી; દશ બાર લોહીનાં ટીપાંઓ પાણીના પ્યાલામાં પાડયાં. તે લોહીના ટીપાંઓ પાણીમાં પડતાંજ સુન્દર મણિ બની ગયાં. હિન્દુસ્થાનનો રાજા એ જોઇને ચકિતજ થઇ ગયો. રાજકુમારે તેને કહ્યું. "મહારાજ! મારા અને મારા પિતાનાં લોહીનાં ટીપાઓ સેંકડો મણિઓ અને હજારો મોતીઓથી વધારે કિંમતી છે. એ ભેદ મારા પિતા જે મારી સામે બેઠા છે તેનાથીજ મેં જાણ્યો છે."

હિન્દુસ્થાનનો રાજા તુર્તજ મન્સુરે આલમને ચરણે પડયો. હવે આ વાર્તામાંની થોડીજ હકીકત કહેવાની બાકી છે. હિન્દુસ્થાનની રાજ-

કુમારીને મણિ અને વસ્ત્રો બન્ને વસ્તુઓ મળી.—મેના અને પોપટે રાજકુમારીનાં ખૂબ વખાણ કર્યાં, અને રાજકુમાર મહેબૂબ સાથે તેને લગ્ન કરવાની સલાહ આપી. રાજકુમારની તેમજ હિન્દુસ્થાનના રાજાની પણ એજ ઇચ્છા હતી, તેથી જલદીથી એ લગ્ન સંબંધ જોડાઇ ગયો—! એક ફોજ હિન્દુસ્થાનના રાજાની હતી અને એક જીન અને પરીઓની હતી. બન્નેએ મળીને કસ્સાબ ઉપર ચઢાઇ કરી. કસ્સાબના જુલમથી પ્રજા બહુ દુ:ખી થઈ રહી હતી તેથી તેઓએ કસ્સાબનો પક્ષ ન પકડયો. કસ્સાબ સામો તો થયો—પણ યુદ્ધમાં માર્યો ગયો. પરીઓ તેના શબને ઉડાવીને પેલા મહેલમાં લઈ ગઇ. કસ્સાબનું શીર પેલી કડીમાં લટકાવ્યું. પણ તેમાંથી જે લોહીનાં ટીપાંઓ ટપકતાં હતાં તેના ભયંકર કદરૂપા કાંકરા બની જતા હતા. તે કાંકરામાંથી ઝેરના જેવો દુર્ગન્ધવાળો પદાર્થ પાણીમાં ઓગળતો હતો અને પછી સમુદ્રમાં વહી જતો હતો. કારણ કે તે રાજકુમાર કહેવાનોજ હતો, તે કાંઈ રાજાના વંશનો નહિ પણ કશાઇનોજ પૂત્ર હતો તે ફરીથી લખવાની જરૂર નથી!

જરૂર ખરીદો! ભરપૂર અક્કલ અને બુદ્ધિબળના ખજાના રૂપ
—:હાજર જવાબી વાર્તાઓથી ભરપૂર:—

બાદશાહ અને બીરબલ. મોગલ સમ્રાટ અકબર અને બીરબલના સંવાદરૂપે વાર્તાઓ, જરૂર વાંચો, એક એકથી સરસ અને ચતુરાઇથી ભરપૂર વાર્તાઓનો ભંડાર ભાગ ૧ થી ૧૮ સાથેની મોટી કીંમત રૂ. ૧-૦-૦.

મળવાનુ ઠેકાણુ—**ચુનીલાલ મગનલાલ બુકસેલર.**
રાણીતળાવ—**સુરત.**

વાર્તા ૭ મી.   —:*:—   સોનાની કંઠી.

ઘણા વરસો પહેલાં જયપુરની પાસે ચંદનપુર નામનું એક રાજનગર હતું. તેમાં સૂર્યપ્રભાવ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેની એકની એક છોકરીનું નામ **શ્રી** હતું. તે બહુજ કપટી હતી. પણ એનો દુષ્ટ સ્વભાવ કોઇજ જાણતું નહોતું. વળી વધારે ખરાબ તો એ હતું તે તેને જાદુ ને એવી બીજી કેટલીક મેલી વિદ્યાઓ આવડતી હતી.

ચંદનપુરની પાસે જંગલમાં એક ટેકરી ઉપર એક બહુજ વિકરાળ ડાકણ રહેતી હતી. એ જે દેશમાં જતી ત્યાં પોતાની વિદ્યાથી કેર વર્તાવતી હતી. તેથી એને બધાં કાઢી મૂકતાં હતાં. આ ડાકણ **શ્રી**ને મળી, ને એણે કહ્યું કે, 'મને ચંદનપુર પાસે ગુપ્ત રીતે રહેવા દેય તો તને આખી પૃથ્વી પર સૌથી **સુંદરમાં સુંદર** બનાવુ." આ લાલચથી **શ્રી** ભોળવાઇ ગઇ અને એણે ડાકણની વાત કબૂલ કરી. તેથી એનામાં સ્વર્ગીય સૌન્દર્ય આવ્યું. આ બનાવ પછી, એ ઘણું ખરૂ રાત્રે છાની છુપી રીતે ડાકણ પાસે જતી હતી, અને એની વિદ્યા શીખતી હતી.

સૂર્યપ્રભાવને એકે છોકરો નહોતો, એટલે એણે નક્કી કર્યું હતું કે **શ્રી**ને જે રાજપુત્ર સાથે પરણાવીશું તેનેજ રાજવારસ કરીશું. આ વિચાર એણે **શ્રી**ને જણાવ્યો ને કહ્યું કે લગ્ન માટે તૈયાર થજે. આ સાંભળીને **શ્રી**ને બહુજ ગભરામણ થઇ, કે જો હું પરણું તો પછી ડાકણ પાસે જવાય નહિ અને પછી મારૂં રૂપ જતું રહે.

તેજ દિવસે રાત્રે પોતાના ઓરડાની બારી આગળ ઉભી રહીને **શ્રી** કાંઇ મંત્ર બોલી. એટલે એક સોનેરી રંગનું પક્ષી બારીની પાળ પર આવીને બેઠું. **શ્રી**એ તેને થોડા મંત્રેલા દાણા ખવડાવ્યા. જોત-જોતામાં તે ચકલી જેવું પક્ષી શાહમૃગ જેવડું મોટું થઇ ગયું. તેના પર બેસીને **શ્રી**-ડાકણને ઘેર ઉડી ગઇ.

ત્યાં જઇને. એણે પોતાના લગ્નની વાત ડાકણને કહી, ને સલાહ માગી. ડાકણે કહ્યું કે "ગભરાતી ના; જે તને પરણવા આવે તેને રત્ન બનાવી દેજે. એટલે પછી શું ?" શ્રીને કાંઈ એવો જાદુ ન્હોતો આવડતો. એટલે એણે કહ્યું. "પણ રત્નો હું કેવી રીતે બનાવું ?" ડાકણે એને એક **સોનાની કંઠી** આપી, ને કહ્યું, કે "જે કોઈ રાજકુમાર આવે તેને એવું કહેજે કે તે **બે** હાથેથી ,તારી કંઠી પકડે, જેવા તેના બન્ને હાથ અડકશે એટલે તે રાજકુમાર રત્ન થઇને લટકશે. પછી જ્યારે કોઈ એ **સોનાની કંઠી** તોડી નાંખશે ત્યારે તે પાછો માણસ થઇ જશે." તેણે શ્રીને બીજી કેટલીક શિખામણ આપી. ને પછી શ્રી ઘેર પાછી આવી.–તે બારી પાસે આવી ને કાંઇ મંત્ર બોલી તેપક્ષીને પાણી પાયું એટલે પાયું તે પક્ષી એક ન્હાનું સોનેરી પક્ષી બની ઉડી ગયું.

બીજે દિવસે રાજકુમારીએ પોતાના બાપને કહેવાવ્યું, કે "જલદી માણસો મોકલીને મારા લગ્નની તૈયારી કરો." આ સાંભળીને સૂર્ય–પ્રભાવ બહુજ ખુશી થયો.–શ્રીને પરણવા માટે તો ઘણાજ રાજપુત્રો તૈયાર હતા. તે પણ આ વાત સાંભળીને એકદમ દોડી આવ્યા. સૌથી પહેલો પ્રેમનિધિ નામનો રાજકુમાર આવ્યો. તેની સાથે શ્રીનું લગ્ન નક્કી થયું. લગ્નના બે દિવસ પહેલાં એક વખત એ બન્ને જણાં સાથે ફરતાં હતાં. એટલામાં રાજકુમારીએ કહ્યું,કે જુવો"મેં કેવી સરસ કંઠી પ્હેરી છે!"એટલે પ્રેમનિધિએ કહ્યું. 'સારી તો છે પણ બહુજ સાદી છે. હીરામાણેકની કેમ નથી પ્હેરી ?" શ્રી કહે કે, "સાદી દેખાય છે પણ એવી તો મજબુત છે કે તમે **બે** હાથે તાણો તો પણ તુટે નહિ." એટલે રાજકુમાર કહે, "જોઉં, એવી તે કેવી મજબુત છે !" એમ કહીને **બે** હાથે પકડીને તે તોડવા ગયો. જેવા એના **બે** હાથ કંઠીને અડક્યા કે એકદમ થોડો ધૂમાડો દેખાયો ને પ્રેમનિધિ લોપ થઈ ગયો, અને **સોનાની કંઠી** નીચે એક ચળકતો **હીરો** લટક્યો.

લગ્નનો દિવસ આવ્યો. બધી ધામધૂમ ચાલતી હતી, પણ રાજપુત્ર જણાયો નહિ. ધીમે ધીમે બધે સોધ થવા માંડી, પણ પ્રેમનિધિનો પત્તોજ નહિ. રાજા એ વાત સાંભળીને બહુજ દુઃખી થઇને શ્રીના ઓરડામાં કહેવા ગયો, અને બધી હકીકત કહી સંભળાવી. આ સાંભળી શ્રી બહુજ રડી અને શોકના લુગડાં પહેર્યાં.

રાજકુમારી શ્રીએ જે દિવસે પેલી કંઠી પહેરી તે દિવસે સાંજે એની દાસીએ તે જોઇ હતી. એ દાસીનું નામ પ્રિયાનના હતું. આખા રાજ્યમાં એજ એવી હતી કે તેને હંમેશ લાગતું કે શ્રીમાં કાંઇક ભેદ છે. ધીમે ધીમે એને ખબર પડવા માંડી કે એ જાદુગર છે. એ હંમેશાં શ્રીના વાળ હોળતી હતી અને એને શણગારતી હતી. એણે પેલી કંઠી જોઈ એટલે લાગ્યું કે વળી આવી સાદી કંઠી રાજકુમારીએ કેમ પહેરી હશે? જરૂર એમાં કાંઈ ભેદ હશે. પછી બીજે દિવસે એ વાળ હોળતી હતી ત્યારે એણે જોયું કે કંઠીમાં એક હીરો ચળકતો હતો. એ જાણતી હતી કે આજે તો રાજકુમારી શોકમાં છે. પણ પછી એને લાગ્યું કે એ મનમાં હસે છે. એણે ધીમે રહીને જોયું તો ખરેખર શ્રી હસતી હતી, અને હીરાને હલાવતી હતી. પ્રિયાનનાને લાગ્યું કે જરૂર રાજકુમાર પ્રેમનિધિ ગુમ થઇ ગયો છે તેને, અને આ હીરાને કાંઇક સંબંધ છે, પણ એણે એ વાત કોઇને કહી નહિ.

થોડા દિવસ પછી એક બીજો રાજકુમાર આવ્યો. એનું નામ રાજેન્દ્ર હતું. એ ચંદનપુરમાં આવ્યો એટલે પાછી ધામધૂમ શરૂ થઈ; પણ બધાને મનમાં હજી એમ થતું હતું કે પ્રેમનિધિ એકદમ ક્યાં જતો રહ્યો!—લગ્નના દિવસે સવારના ચાર વાગે શ્રી રાજકુમારની બારી નીચે ઊભી રહીને ગાવા મંડી. એનું ગાયન સાંભળીને રાજેન્દ્ર જાગી ઉઠ્યો ને બાગમાં ઉતરી આવ્યો. એણે શ્રીને પૂછ્યું, કે "અત્યારના પહોરમાં

ગાવાનું કેમ મન થયું ?" એણે કહ્યું કે, "આ રંગબેરંગી આકાશ જોઇને મને લાગે છે કે આવા સુંદર રંગો આ મ્હારા હીરા સિવાય બીજે કશે પણ નથી હોતા. ફક્ત આકાશમાંજ હોય છે." રાજકુમારે કહ્યું કે, "ઓહો ! આ બહુજ સરસ હીરો છે. ક્યાંથી આવ્યો છે ?" એણે કહ્યું કે, "દક્ષિણમાંથી." પછી શ્રીએ તેને કહ્યું, કે "પાસેથી તો વળી એના રંગો બહુજ સરસ દેખાય છે."

રાજકુમાર **બે** હાથેથી **સોનાની કંઠી** પકડીને કહાડવા લાગ્યો, એટલે ધૂમાડો થઇને તે પણ લોપ થઇ ગયો ને બીજો **હીરો** રાજકુમારી શ્રીની કંઠી ઉપર લટક્યો. અને શ્રી બહુજ વિકરાળ રીતે હસતી હસતી મહેલમાં જઇને ઉંઘી ગઇ. એ ઉઠી, ત્યારે પ્રિયાનના એને શણગાર સજાવવા ઉભી હતી. તેણે જોયું તો **બીજો હીરો** પેલી કંઠી ઉપર હતો. એથી તેને હદપાર નવાઈ લાગી. તે મનમાંજ બોલી કે વળી બીજો હીરો ક્યાંથી આવ્યો ? શ્રી શણગાર કરીને બેઠી હતી એટલામાં રાજા આવ્યો ને કહ્યું, કે "આજે પણ તારા લગ્ન નહિ થાય. રાજકુમાર રાજેન્દ્ર પણ ગુમ થઇ ગયો છે." શ્રીએ રડવાનો ઢોંગ કર્યો ને કહ્યું, કે "એની શોધ કરાવો."

આમને આમ વર્ષો વહી ગયાં. નવ દશ રાજકુમારો આવ્યા ને વિચિત્ર રીતે ગુમ થઇ ગયા. દરેક જણ વિચારમાં પડ્યું કે આ બધું તોફાન કોણ કરે છે ! રાજકુમારી શ્રી હજી કુંવારીજ હતી. બિચારી પ્રિયાનનાને બહુજ નવાઇ લાગતી હતી. પહેલાં સાદી સોનાની કંઠી હતી અને ત્યાર પછી ધીમે ધીમે એમાં રત્નો આવ્યાં હવે નવ દશ બહુજ ચળકતાં રત્નો એના પર લટકતાં હતાં, રાજકુમારી દિવસે દિવસે સૌન્દર્યમાં વધતી પણ જતી હતી. આવી સરસ દેખાતી છોકરી ખરાબ હોય એવું પ્રિયાનનાથી મનાતું નહોતું.

કાશ્મીરના રાજાનો પુત્ર જીતેન્દ્ર શ્રીને પરણવા માટે બહુજ આતુર હતો, અને ચંદનપુર જવાની તૈયારી કરતો હતો. પણ એનો એક ખાસ

મિત્ર હતો તે તેને ના કહી કહેતો હતો,કે "જે કોઈ એ રાજકુમારીને પરણવા જાય છે તે ગુમ થઈ જાય છે, માટે તમે ના જશો." આ મિત્રનું નામ નરેન્દ્ર હતું, પણ એની વાત જીતેન્દ્ર માનતો ન્હોતો. આખરે એણે ચંદનપુર જવાનું નક્કી કર્યું અને એની સંભાળ રાખવા માટે નરેન્દ્ર સાથે જવાનો હતો.

આખરે જીતેન્દ્ર અને નરેન્દ્ર ચંદનપુરમાં આવ્યાઅને સૂર્યપ્રભાવને મળ્યા. રાજકુમારીને એમના આગમનની ખબર પડી. એટલે તેણે પોતાની દાસીને કહ્યું, "રાજકુમારને અહિંયાં બોલાવી લાવો. હું સારાં લુગડાં પહેરવાની નથી." એટલે દાસીઓ જીતેન્દ્રને શ્રીના બાગમાં લઇ આવી. ત્યાં એ ફુવારા પાસે બેસીને પોતાની માછલીઓને મમરા ખવડાવતી હતી. જીતેન્દ્ર ત્યાં આવ્યો એટલે શ્રીએ કહ્યું, કે "તમે મને પરણવા આવ્યા છો ? તમને દસ કુમારોની વાત ખબર નથી? તમે બધા અહિંયાં આવો છો ને પછી ગુમ થઈ જાઓ છો તે મને નથી ગમતું. પણ જો તમે તે માટે તૈયાર હો તો મને હરકત નથી." જીતેન્દ્રે હા કહી. એટલામાં શ્રીએ નરેન્દ્રને જોયો ને રાજકુમારને કહ્યું કે "આને મોકલી દો." જીતેન્દ્રે નરેન્દ્રને મોકલી દીધો.

નરેન્દ્ર બાગમાં ફરતો હતો એટલામાં એક સફરજનના ઝાડ હેઠળ એણે એક છોકરીને જોઇ. એ નાનકડી અને સુંદર દેખાતી હતી, તેણે નરેન્દ્રને પુછ્યું તમે કોણ છો ? નરેન્દ્રે કહ્યું હું કાશ્મીરના રાજકુમાર જીતેન્દ્રનો મિત્ર છું." એટલે એ છોકરી કહે, કે "તમે તમારા રાજકુમારને ફરી કદી નહિ જુઓ." નરેન્દ્રને બહુજ નવાઇ લાગી. એણે છોકરીને પૂછ્યું, કે "આવું ભવિષ્ય ભાખનારી તું કોણ છે ? તેં કેમ જાણ્યું કે જીતેન્દ્ર મહારાજને હું ફરી નહિ જોઉં ? એમ એ ક્યાં જતા રહેશે ?" પેલી છોકરીએ કહ્યું, કે "રાજકુમારી શ્રીની હું દાસી છું. મારૂં નામ

પ્રિયાનના છે, ને જેમ બધા રાજકુમારોને મારાં શેઠાણીએ ગુમ કરી દીધા છે તેમ આને પણ કરશે." ત્યાર પછી એણે પોતાના મનમાં જે સંશયો હતા તે તેને જણાવ્યા, ને કંઠીની બધી વાત કહી. એણે કહ્યું, કે "હવે મારી ખાત્રી થતી જાય છે કે રાજકુમારી ડાકણ છે." નરેન્દ્રે કહ્યું, કે મને એ કંઠી બતાવશે?" પ્રિયાનનાએ કહ્યું, કે "એ તો મારાં શેઠાણી રાતદિવસ પહેરેલીજ રાખે છે; પણ તમે છાનામાના રાત્રે આવો તો આપણે જોઈશું." ત્યાર પછી એમણે બહુ વાતો કરી, ને નક્કી કર્યું કે આપણે પરણીશું.

રાત પડી. ઝીણો દીવો લઈને નરેન્દ્ર પ્રિયાનનાની સાથે શ્રીના સુવાના ઓરડામાં ગયો. સંભાળીને શ્રીની ડોકમાં પેલી કંઠી જોઈ તો એના પર અગિયાર રત્ન હતાં. પ્રિયાનનાએ કહ્યું કે, "આજે સવારે મેં દસ ગણ્યાં હતાં અને અગિયારમું ક્યાંથી આવ્યું?" બન્નેને લાગ્યું કે, જીતેન્દ્રકુમાર પણ સપડાઈ ગયા હતા. પછી પ્રિયાનના દરેક રત્નને પકડીને ગણવા ગઈ. નરેન્દ્રે જોયું તો એકદમ એ ગુમ થઇ ગઇ. એણે બહુ બુમો પાડી ને પછી પોતાના ઓરડામાં જતો રહ્યો.

બીજે દિવસે શ્રીએ ઉઠીને પ્રિયાનનાને બુમ પાડી પણ એ કાંઈ દેખાઇ નહિ. એટલે એ પોતાની મેળે શણગાર સજવા મંડી. એટલામાં એને લાગ્યું કે કંઠી કાંઇ વધારે મોટી દેખાય છે, તેથી રત્નો ગણી જોયાં. **બારમું રત્ન લાલ રંગનું હતું.** શ્રીને બહુજ નવાઇ લાગી કે આ ક્યાંથી આવ્યું? પછી એમ ધાર્યું કે જે હશે તેને ઠીક શિક્ષા થઇ છે. કદાચ કોઈ દાસી ચોરવા ગઈ હશે. પછી એણે શોકનાં લુગડાં પહેર્યાં. તે વખતે ખૂબ વરસાદ પડતો હતો ને ગડગડાટ થતા હતા એટલે એ સાતમે માળે જઇને, તોફાન જોવા બેઠી. એટલામાં ખબર પડી કે, એક રાજકુમાર મળવા આવ્યો છે તે પોતાનું નામ નથી કહેતો. રાજકુમારીએ કહેવડાવ્યું કે "એને મારી પાસે મોકલો."

થોડીવારમાં આ રાજકુમાર રાજકુમારી શ્રીના ઓરડામાં આવ્યો.તેને (જીતેન્દ્રકુમારનો મિત્ર નરેન્દ્રજ આમ રાજકુમાર થઇને આવ્યો હતો.) પૂછ્યું કે "આવા તોફાનમાં શા કારણે આવ્યા છો?" એટલે નરેન્દ્રે કહ્યું કે, "મેં તમારા રૂપ વિષે બહુ સાંભળ્યું છે. હું તે જેવા આવ્યો છું." શ્રી–એ પૂછ્યું કે, "એ વિષે તમને શું લાગે છે? હું પરણવા લાયક છું કે નહીં? નરેન્દ્રે કહ્યું કે, "હું પરણવા આવ્યો છું એટલે પરણીશ તો ખરો;પણ મેં એક રાજકુમારીને જોઈ છે તે તમારા કરતાં ઘણીજ ખુબસૂરત છે." આ પછી બીજી ત્રીજી વાતો કરીને નરેન્દ્ર પોતાના ઉતારે ગયો.

રાત્રે રાજકુમારી પાછી પેલી બારી પાસે ઉભી ને પેલા પક્ષીને પહેલાની માફક બોલાવ્યું. તેના ઉપર બેસીને એ ડાકણ પાસે ગઇ. એને જોઇને ડાકણ ખૂબ હસતાં હસતાં બોલી. (એ હસતી હતી તે બરાબર એક દેડકો બોલતો હોય એવું લાગતું હતું.) એણે કહ્યું કે, "ઓહો! તેં તો તારી કંઠી ભરી દીધી ને શું?" શ્રીએ કહ્યું, "હા, ભરાઈ ગઈ તો ખરી, પણ એક નવાઈ જેવું બન્યું. ગઈ રાત સુધી તો અગિયાર રત્નો હતાં. ને હું સવારે ઉઠી ત્યારે આ બારમું લાલ રત્ન એના પર હતું." ડાકણ કહે, "એ તો મને ક્યારની ખબર પડી ગઇ હતી, અને હું ધારતી હતી કે તું મને પૂછવા આવશે. એ તો એક છોકરી છે. એને ઠીક શિક્ષા થઈ નહિ? પણ રાજકુમારી, હવે તું જલ્દી કંઠી પૂરી કર." પછી શ્રીએ નવા રાજકુમારની વાત કહી. ડાકણે કહ્યું "તારા કરતાં સુંદર બૈરીઓની વાત ન માનતી. મેં તને આખી દુનિયામાં સૌથી વધુ સુંદર બનાવી છે; પણ રાજકુમારી આ નવા કુમારથી સંભાળજે હોં? એ સંભાળ રાખવા જેવો છે. એને જલદીજ રત્ન બનાવી દેજે." આ પછી શ્રી ઘેર આવી.

સવારના પહોરમાં રાજકુમારી શ્રી પોતાના બાગમાં સોનાના દડાથી રમતી હતી એટલામાં એણે નરેન્દ્રને જોયો ને એને પોતાની પાસે બોલાવ્યો.

નરેન્દ્રના હાથમાં એક વિચિત્ર કંઠી હતી. તે ચણોઠી ને આંકડાના ફુલની હતી. શ્રીએ પૂછ્યું કે, "કેમ, અત્યારે હું કેવી દેખાઉં છું ? મ્હારા કરતાં કોઈ ખુબસૂરત છે ?" **નરેન્દ્રે** કહ્યું કે, "મેં જે રાજકુમારીની કાલે તમને વાત કહી હતી તે બહુ વધારે સુંદર છે." શ્રી કહે, "કદાચ કોઇ સુંદર હશે પણ આ મારી કંઠી છે એવી બીજી કોઈ જગાએ તમે જોઈ છે ?" **નરેન્દ્ર** કહે કે, "તમારી કંઠી બહુ મોંઘી હશે પણ મને તો આ મારીજ બહુ ગમે છે. મ્હારા જેવી તો આખી દુનિયામાં કોઈ પણ ઠેકાણે નથી." શ્રીને લાગ્યું કે કદાચ એની કંઠીમાં ખુબસૂરત બનાવવાનો જાદુ હશે. એમ ધારી એણે કહ્યું કે, "મને તમારી કંઠી આપો." પણ **નરેન્દ્રે** કહ્યું, "એમ હું આપુંજ નહિ. મને તે બહુજ ગમે છે." શ્રીથી પોતાના કરતાં કોઈ સુંદર હોય તે ખમાતુંજ નહિ. તેથી બહુજ અદેખાઇ આવી. પણ પોતાનો ગુસ્સો એણે દબાવી રાખ્યો. પોતાની **જાદુઈ કંઠી** કરતાં પણ સારી કંઠી ? હવે એનાથી ન રહેવાયું. એટલામાં **નરેન્દ્રે** કહ્યું કે "રાજકુમારી આપણે અદલાબદલી કરીએ. તમે મારી **કંઠી** લો અને હું તમારી લઉં." જેવું એ બોલ્યો કે તરત શ્રી કહે કે, "હા, લો." એમ કહીને એ પોતાની કંઠી **બે હાથે** ક્હાડવા મંડી—એક પળની અંદર તો શ્રી ગુમ થઇ ગઇ ને પેલી કંઠી ઘાસ ઉપર પડી. તેના ઉપર એક નવું **ભૂરા રંગનું રત્ન** લટકતું હતું. ખરેખર એ બહુજ સુંદર હતું ત્યાર પછી **નરેન્દ્ર** પોતાની તલવારની અણી પર પેલી **કંઠી** ભેરવીને **સૂર્યપ્રભાવ** પાસે ગયો.

નરેન્દ્રે રાજાને જઇને કહ્યું કે, "અમે બાગમાં હતાં અને એકદમ રાજકુમારી ગુમ થઈ ગઈ. તમે એની શોધ કરાવો." રાજાએ બહુ શોધ કરાવી, પણ શ્રી જડી નહિ. એટલે **નરેન્દ્રે** કહ્યું કે, "અહિંયા બધા રાજકુમારો ગુમ થઈ ગયા છે. તે કોણે કર્યા છે તે તમને ખબર છે ?" રાજા કહે, "ના." **નરેન્દ્ર** કહે, "**રાજકુમારી** શ્રીએ." રાજાને બહુજ

નવાઈ લાગી. પછી નરેન્દ્રે કહ્યું કે, "હું બધા રાજકુમારોને શોધી આપું છું." આ સાંભળીને હજારો લોકો ટોળાબંધ એની આસપાસ વીંટાઈ વળ્યા. એણે પોતાનું ખંજર કહાડ્યું ને પેલી કંઠી પરથી રત્નો તોડવા માંડયાં. પહેલેજ સપાટે પ્રેમનિધિ નીકળ્યો. પછી રાજેન્દ્ર ને પછી બીજા બધા રાજકુમારો નીકળ્યા. પછી જીતેન્દ્ર નીકળ્યો, એટલે નરેન્દ્ર બહુ ખુશી થયો. પછી એણે કહ્યું કે, "હવે બધા રાજકુમારોને બચાવનાર છોકરી નીકળશે." એમ કહીને ખંજરનો એક સપારો માર્યો એટલે પ્રિયાનના નીકળી. ત્યાર પછી એણે કહ્યું કે, "આટલાં બધાંને દુઃખ દેનાર શ્રી-ડાકણને આપણે નહિ જીવાડીએ." પછી બધા રાજકુમારો એકબીજાને મળ્યા ભેટયા ને પ્રિયાનના તથા નરેન્દ્રનો ઉપકાર માનવા લાગ્યા. નરેન્દ્રે પેલી કંઠી રાજમહેલના આગલા બારણા પર લટકાવી જેથી બધા તે જોઈ શકે- પછી સૂર્યપ્રભાવે કહ્યું કે, હું પ્રિયાનનાને મારી છોકરી ગણું છું. થોડા દિવસ રહીને એ નરેન્દ્રને પરણશે."

* * * *

એક દિવસ જંગલમાં મોટો ભડાકો થયો. બધાને બહુજ નવાઇ લાગી કે થયું શું? ત્યાં જઈને જોયું તો એક વિકરાળ ડાકણ બળી જતી હતી. ત્યાં ગએલા લોકોને એણે પોતાની બધી હકીકત કહી દીધી, ને કહ્યું કે, "હવે હું આ દુનિયામાંથી જાઉં છું." આ શ્રીવાળીજ ડાકણ હતી.

—મુકુલમાંથી ઉતારો, નામ ફેરવીને] [અંગ્રેજી ઉપરથી, લે. સરલા.

આજેજ મંગાવી લ્યો. તૈયાર છે

જાદુઈ માછલી. અદ્ભૂત રસથી ભરપૂર અને ચમત્કારી બનાવોથી છલાછલ ભરેલી નવીન વાર્તા.

કીંમત બાર આના.

મળવાનું ઠેકાણું—શા. ચુનીલાલ મગનલાલ બુકશેલર
રાણીતળાવ-સુરત.

વાર્તા ૮ મી. —:*:— બાર રાજકુમારીઓ.

એક રાજા હતો. તેને બાર છોકરીઓ હતી. રોજ સ્હવારે રાજાના નોકરો આવીને જુએ તો બારે રાજકુમારીઓના બુટ બહુજ ફાટેલા હોય. બુટ કેવી રીતે ફાટતાં તે કોઇથી સ્હમજાતું નહોતું. એટલે રાજાએ સીપાઇઓને હુકમ કર્યો કે જે માણસ આ છોકરીઓનાં બુટ શી રીતે ફાટે છે તે શોધી લાવશે તેને હું મારા મરણ પછી ગાદી આપીશ. અને જે માણસથી તે નહિ શોધી શકાય તેનું માથું કાપી નાંખવામાં આવશે. એ કામ માથે લેવા માટે ઘણા માણસો આવ્યા. પણ કોઇથી શોધી શકાયું નહિ. એટલે રાજાએ તેમને મારી નાંખ્યા. એક ઘરડો સીપાઈ તે રાજાના મહેલ તરફ જતો હતો એટલામાં એને એક ડોસી મળી. ડોસીએ કહ્યું:–તું ક્યાં જાય છે? પેલા સીપાઇએ કહ્યું કે હું રાજાના મ્હેલમાં પેલી છોકરીઓનાં બુટ શી રીતે ફાટે છે તે જાણવા જાઉં છું. ડોસીએ તેને એક ઝબ્બો આપ્યો ને કહ્યું કે **તું આ ઝબ્બો પ્હેરીશ એટલે તને કોઈ નહિ જોઇ શકે**, પણ તું બધાંને જોઈ શકીશ. મ્હેલમાં તને કાંઇપણ પીવાનું આપે તો લેતો ના. સીપાઇ વારૂ કહીને ચાલી ગયો. પછી એ મ્હેલમાં ગયો. રાજાએ તેને કહ્યું, તને ત્રણ રાત શોધવાની મળશે. રાજાએ તે સીપાઇને પેલી છોકરીઓ સુતી હતી તેની પાસેનો ઓરડો આપ્યો. પછી સૌથી મોટી છોકરીએ આવી સીપાઇને દારૂ આપ્યો, ને પછી જતી રહી. એટલે સીપાઇએ દારૂ નાંખી દીધો. પ્હેલે દિવસે રાતે સીપાઇને બહુ ઉંઘ આવી. બીજે દહાડે પણ એજ પ્રમાણે થયું. ત્રીજી રાતે તેણે પોતાની આંગળી કાપી મરચું ભર્યું એટલે તેની વેદનાથી તેને ઉંઘ ન આવી. અને જાગતો રહ્યો.

રાત્રે બધી છોકરીઓ ઉઠી એટલે સીપાઇએ પેલો ઝબ્બો પ્હેરી લીધો. પછી બધી છોકરીઓએ સારાં લુગડાં પહેર્યાં, અને એક પલંગ પર બેઠી. પેલો સીપાઇ પણ ઝબ્બો પહેરી પલંગ પર બેશી ગયો

પણ તેને કોઇએ જોયો નહિ. સૌથી મોટી છોકરી કાંઈક બોલી એટલે તે પલંગ એની મેળે નીચેનાં ભોંયરામાં ગયો. અંદર એક દાદર આવ્યો, તેના ઉપરથી બધી છોકરીઓ ઉતરી. સૌથી ન્હાની છોકરી હતી તે પાછળ રહી ગઈ. ને એના સાથે પલો સીપાઇ અથડાયો. એટલે પેલી છોકરીએ બધી છોકરીઓને કહ્યું કે મને કોઈ પકડે છે. એટલે બધી છોકરીઓ હસી અને કહ્યું કે તું ગાંડી થઇ ગઇ છે, અહિંયાં તે કોણ તને પકડે!

પછી એક નદી આવી. તેમાં બાર હોડીઓ હતી. તે દરેકમાં એકેક રાજકુમાર હતો. પછી દરેક હોડીમાં એકેક રાજકુમારી બેઠી. ન્હાની છોકરી સાથે પેલો સીપાઇ બેઠો.

હોડીઓ એક મ્હેલ પાસે આવી. તે બધાં તે મ્હેલમાં ગયા. પેલો સીપાઇ પણ ગયો. મ્હેલના દરવાજા અગાડી એક ઝાડ હતું. તેને **સોનાનાં પાંદડાં** હતાં. તે ઝાડ પરથી સીપાઇએ તે જગાની નિશાની માટે થોડાં પાંદડાં લઈ લીધાં. મ્હેલમાં પેલાં બધાંએ નાચ કર્યો. ત્યાંથી પણ સીપાઇએ એક સોનાનો પ્યાલો નીશાની તરીકે ઉચકી લીધો ત્યાં પણ સીપાઇ પેલી ન્હાની છોકરીને અડ્ડાઈ પડયો હતો, સ્હવાર પડવા આવી એટલે બધાં પાછાં ફર્યાં.

સીપાઇ રાજકુમારીઓથી જરા આગળ ચાલી વ્હેલો વ્હેલો પથારીમાં સુઇ ગયો. સ્હવારે રાજાએ પેલા સીપાઇને બોલાવ્યો; સીપાઇએ રાજાને પેલા મ્હેલ પાસેના **ઝાડના સોનાના પાંદડાં** બતાવ્યાં ને વળી તે મ્હેલની નિશાની તરીકે તેમાંથી લીધેલો એક **સોનાનો પ્યાલો** પણ બતાવ્યો. જ્યારે સીપાઇ આ બધી વાત કહેતો હતો ત્યારે પેલી છોકરીઓ પણ ઉભી હતી. તે લોકોએ બધી વાત કબુલ કરી. રાજાએ સીપાઇને પૂછ્યું તારે આમાંથી કઇ છોકરીને પરણવું છે? સીપાઇએ કહ્યું-સૌથી ન્હાની સાથે. તે લોકોનું લગ્ન તેજ દિવસે થયું. સીપાઇએ અને પેલી છોકરીએ ખાઈપીને મઝા કરી.

[સાંભળેલી. લે. ઇંદિરા. ગુજરાતીમાંથી ઉતારો]

વાર્તા ૯ મી. —:*:— જાદુઈ શેત્રંજી.

એક મુસલમાન સરદારને ત્રણ ખૂબસૂરત છોકરા હતા. એ ત્રણેને પોતાની પિત્રાઈ બ્હેન ઉપર ઘણો પ્રેમ હતો હતો. એક દિવસે તેમના બાપે તેમને બોલાવીને કહ્યું:–"**મને અદ્દભુત વસ્તુનો શોખ છે**, તે તમે જાણો છો.મને જે સૌથી અદ્દભુત ચીજ લાવી આપશે તેને હું તમારી પિત્રાઈ બ્હેન સાથે પરણાવી આપીશ."–આપણે એક વરસને અંતે એક જગાએ મળીશું એવો વિચાર કરી તે ત્રણે શાહજાદાઓ મુસાફરી કરવા નીકળ્યા. શાહજાદો **હુસેન** સૌથી મ્હોટો હતો તે **વીસ**નગર ગયો. ત્યાં તેણે એક ફેરીઆ પાસે એક બહુજ સારી **શેત્રજી** જોઇ. તેની કિંમત સોનામહોરની ચાલીશ થેલીઓ જેટલી હતી. શાહજાદાએ પેલા ફેરીઆને કહ્યું કે,–"આ **શેત્રજી** માટે આ કિંમત ઘણી કહેવાય." ફેરીઆએ કહ્યું:– "એ બહુ ના ગણાય. તમે તેના ઉપર બેસો અને ગમે તે કાંઈ વિચાર કરી જુઓ." શાહજાદો તેના ઉપર બેઠો ને તેણે પોતાના સુવાના ઓરડામાં જવાનો વિચાર કર્યો. એટલે તરતજ તે પોતાના મહેલમાં સુવાના ઓરડામાં આવી પહોંચ્યો. તેણે પાછા આવી પેલા ફેરીઆને તે **શેત્રંજી**ના પૈસા આપી દીધા. શાહજાદાને લાગ્યું, કે આ **શેત્રંજી**થી જરૂર તેની પિત્રાઈ બ્હેનને જીતાશે. જે જગ્યાએ પેલા ત્રણ શાહજાદાઓ મળવાના હતા. ત્યાં જવાનો તેણે **શેત્રંજી** પર બેસીને વિચાર કર્યો. તરતજ તે ત્યાં આવી પહોંચ્યો.

બીજા શાહજાદાનું નામ **અલી** હતું. તે **શીરાઝ** નામના ગામમાં ગયો. ત્હેણે એક ફેરીઆ પાસે એક સોના ચાંદીની મહોરવાળી **ભૂંગળી** જોઇ. તે ભૂંગળીમાં આપણે જેને જોવા માગીએ તેને જોઈ શકીએ. પેલા ફેરીઆએ આ **જાદુઈ ભૂંગળી**ની ઘણીજ કિંમત માગી. શાહજાદાએ ત્હેને કિંમત ઓછી કરવાનું કહ્યું, પણ ફેરીઓ એકનો બે ના થયો.

તેણે કહ્યું, કે "કિંમત બરાબરજ છે. તમે એ ભુંગળીમાંથી જે જોવાં ઇચ્છશો તે જોઈ શકશો." આથી અલીએ એમાથી પોતાની પિત્રાઈ બ્હેનને (એ પણ શાહજાદીજ હતી) જોવાનો વિચાર કર્યો. તરતજ એણે શાહજાદીને એમાં જોઈ. પછી એણે તરતજ ભુગળીના પૈસા ચૂકવી આપ્યા અને મળવા માટે નક્કી કરેલે સ્થાને ગયો. તેણે ધાર્યું કે આથી જરૂર શાહજાદી મ્હનેજ મળશે.

હવે ત્રીજો ભાઈ, તેનું નામ અહમદ હતું, તે સમરકંદ ગયો. તેને પેલી સોનાની ભૂંગળાની કિંમત જેટલીજ કિંમતનું એક સફરજન મળ્યું. જે કોઈ માણસ મરવાની તૈયારીમાં હોય તેને તે સફરજન સુંઘાડયાથી તે મરતું બચે એવી તેમાં કરામત હતી. અહમદે સફરજન વેચનારને જણાવ્યું કે, "સફરજનની કિંમત ઘણી છે." સફરજનવાળાએ કહ્યું કે, "એ બહુ ન કહેવાય." તેણે પાસેના ઘરમાં કોઈને મરતો જોઇ, તે મરતા માણસને આ સફરજન સુંઘાડયું; એથી તે માણસ મરતો બચ્યો. આ અદ્‌ભુત બનાવ જોઈ પેલો શાહજાદો પેલા સફરજનવાળાને મ્હોં માગ્યા પૈસા આપી સફરજન લઈ પોતાના ભાઇઓ પાસે ગયો.

હુસેને કહ્યું કે આ ત્રણે વસ્તુમાંથી કઈ સૌથી વધારે નવાઈ જેવી છે તે કહી શકાય એમ નથી. ત્હેણે અલીને કહ્યું, 'લે, તારી ભૂંગળી. આપણી પ્રિય શાહજાદીને જોઇએ." તે લોકોએ જોયું તો શાહજાદી મરણ પથારીએ પડી હતી. પછી તે લોકોએ કહ્યું કે, "ચાલો આપણે ત્રણે જણા આ જાદુઈ સેતરંજી પર બેસીને શાહજાદી પાસે જઇએ." એ ત્રણે જણ ત્યાં જઈ પહોંચ્યા, અને ત્હેને પેલું જાદુઈ સફરજન સુંઘાડયું, એથી એ સાજી થઈ ગઇ.—તેમના બાપ સરદારે કહ્યું કે, "આમાંથી કોની વધારે જીત કહેવાય ? શાહજાદીને સારી કરવામાં ત્રણેનો

સરખો ભાગ છે, માટે હું તમને શી રીતે નિકાલ કરવો તે બતાવું. તમે ત્રણે જણા તીરકામઠું લઇ શહેર બહાર જાઓ ને જેનું તીર સૌથી આગળ જાય તેણે શાહજાદી સાથે પરણવું." પછી એ ત્રણે જણા જંગલમાં ગયા. આ હરીફાઈ જોવા લોકોનાં ટોળેટોળાં આવ્યાં હતાં. હુસેને એક તીર દૂર નાંખ્યું. પછી **અલીનુ** એનાથી વધારે દૂર ગયું, પણ **અહમદનું** સૌથી વધારે દૂર ગયું ને પાછું જડયુંજ નહિ. **અહમદનું** તીર જડયું નહિ તેથી **અલીને** શાહજાદી મળે એવો ઠરાવ થયો. **અહમદને** શાહજાદી ન મળી તેના કરતાં પોતાનું તીર–જડયું નહિ તેથી વધારે દિલગીરી થતી હતી.

અહમદ પોતાનું તીર શોધતો શોધતો એક **પરીના** મહેલ આગળ આવી પહોંચ્યો. એ **પરીએજ** પેલી **શેત્રંજી, સફરજન,** અને **ભુંગળીવાળા** ફેરીઆ મોકલ્યા હતા. **પરીની** એવી ઇચ્છા હતી કે **અહમદ** શાહજાદી સાથે ન પરણે, પણ પોતાની સાથે પરણે તેથી એણે તેનું તીર લઇને સંતાડયું હતું. આથી **અહમદ પરીની** સાથે પરણ્યો. અને તેનો બાપ હિંદુસ્તાનના એક પ્રાન્તનો સુલતાન બની ગયો.

મુકુલમાંથી ઉતારો]　　　　[અંગ્રેજી ઉપરથી. લે.–તરંગિણી.

સમાપ્ત.


પ્રખ્યાતી પામેલી બુકો

સંગીત ફોનોગ્રાફ ગાયન સંગ્રહ.

(સચીત્ર) ભાગ ૧ થી ૮ સાથે

પચરંગી દર્શણીક ચીત્રવાળું પૂંઠું

કીંમત એક રૂપીયો.



ચતુર સુંદર ગરબાવળી.

શહેરમાં ગવાતાં પ્રખ્યાત લોકપ્રીય ગરબાઓનો સગ્રહ.

ગરબીઓ, દાણલીલા, સાથે કંઈ ચીત્રો, પચરંગી પૂઠું છતાં

કીંમત દશ આના.

મળવાનુ ઠેકાણુ

શા. ચુનીલાલ મગનલાલ બુકસેલર.

ગણીનબાગ--સુરત.

PRINTED BY GOVINDJI DAHYABHAI NAIK.